યાર બનાવતી[10] જ્યારે તેણીઓ (નિકાહ દ્વારા) કેદમાં આવી જાય.[11] પછી કુકૃત્ય કરે. તો એમના પર તે સજાની અડધી છે જે સ્વતંત્ર સ્ત્રીઓ પર (લાગુ પડે) છે,[12] આ[13] તેના માટે (છે) જેને તમારામાંથી ઝિના (માં સપડાઇ જવા)નો ભય હોય, અને ધીરજ ધરવી તમારા માટે ઉત્તમ છે,[14] અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૨૫) અલ્લાહ ઇચ્છે છે કે પોતાના હુકમો તમારા માટે બયાન કરી આપે અને તમને પૂર્વજોની રીતભાતો બતાવી દે[15] અને તમારા પ્રત્યે પોતાની રહમત દ્વારા ધ્યાન આપે, અને અલ્લાહ ઇલ્મ અને હિકમતવાળો છે (૨૬) અને અલ્લાહ તમારા પર પોતાની-રહમત દ્વારા ધ્યાન આપવા ઇચ્છે છે, અને જે પોતાની મોજ મજામાં પડયા છે તેઓ ઇચ્છે છે કે તમે સીધા માર્ગથી ઘણા વેગળા થઇ જાઓ[16] (૨૭) અલ્લાહ ઇચ્છે છે કે તમારા પર હળવાશ કરે[17] અને માનવી અશક્ત બનાવ-વામાં આવ્યો (છે)[18] (૨૮) અય ઇમાનવાળાઓ! અંદરો-અંદર એક બીજાનો માલ હક વગર ન ખાઓ,[19] પણ એ કે કોઇ સોદો તમારી અંદર અંદરની રાજી ખુશીનો હોય,[20] અને પોતાના પ્રાણોને કત્લ ન કરો,[21] નિશંક! અલ્લાહ તમારા પર કૃપાળુ છે (૨૯)

والمحصنت ٥ ١٣٠ النسآء ٤

أُحْصِنَّ فَإِنْ أَتَيْنَ بِفَاحِشَةٍ فَعَلَيْهِنَّ نِصْفُ
مَا عَلَى الْمُحْصَنٰتِ مِنَ الْعَذَابِ ذٰلِكَ لِمَنْ خَشِيَ
الْعَنَتَ مِنْكُمْ وَأَنْ تَصْبِرُوا خَيْرٌ لَّكُمْ وَاللّٰهُ غَفُورٌ
رَّحِيمٌ ﴿٢٥﴾ يُرِيدُ اللّٰهُ لِيُبَيِّنَ لَكُمْ وَيَهْدِيَكُمْ سُنَنَ ع
الَّذِينَ مِنْ قَبْلِكُمْ وَيَتُوبَ عَلَيْكُمْ وَاللّٰهُ عَلِيمٌ
حَكِيمٌ ﴿٢٦﴾ وَاللّٰهُ يُرِيدُ أَنْ يَتُوبَ عَلَيْكُمْ وَيُرِيدُ منزل ١
الَّذِينَ يَتَّبِعُونَ الشَّهَوٰتِ أَنْ تَمِيلُوا مَيْلًا عَظِيمًا ﴿٢٧﴾
يُرِيدُ اللّٰهُ أَنْ يُخَفِّفَ عَنْكُمْ وَخُلِقَ الْإِنْسَانُ
ضَعِيفًا ﴿٢٨﴾ يٰٓأَيُّهَا الَّذِينَ آمَنُوا لَا تَأْكُلُوٓا أَمْوَالَكُمْ
بَيْنَكُمْ بِالْبَاطِلِ إِلَّآ أَنْ تَكُونَ تِجَارَةً عَنْ تَرَاضٍ
مِّنْكُمْ وَلَا تَقْتُلُوٓا أَنْفُسَكُمْ إِنَّ اللّٰهَ كَانَ بِكُمْ رَحِيمًا ﴿٢٩﴾

વાસના સંતોષી રહ્યો છે અને ઉત્તેજના ઠંડી પાડી રહ્યો છે. એનું કાર્ય આદર્શ અને હેતુની ઉત્તમતાથી ખાલી છે.

ઔલાદ પ્રાપ્તિ, વંશની જાળવણી, નફસને હરામથી બચાવો વિગેરે એમાંથી એક પણ બાબત તેના લક્ષ સ્થાને નથી હોતી, તે પોતાના વિર્ય અને માલને વેડફીને દીન દુનિયાની ખોટમાં સપડાય છે.

૫. ભલે પછી સ્ત્રી નક્કી થયેલી મહેરમાંથી કંઈક ઓછું કરી આપે કે તદ્દન માફ કરી દે અથવા પુરૂષ મહેરની માત્રામાં વધારો કરી આપે.

૬. અર્થાત મુસ્લિમોની ઈમાનવાળી કનીઝો, કારણ કે પોતાની કનીઝ સાથે નિકાહ થતો નથી, તે તો નિકાહ વગર જ માલિક માટે હલાલ છે, અર્થ એ છે કે જે માણસ મુસ્લિમ સ્વતંત્ર સ્ત્રી સાથે નિકાહ કરવાની જોગવાઈ ન ધરાવતો હોય, તે ઈમાનદાર કનીઝ સાથે નિકાહ કરે, એ બાબત શરમ કરવા જેવી નથી;

**મસઅલો** :- જે માણસ સ્વતંત્ર સ્ત્રી સાથે નિકાહ કરવા સમર્થ હોય, તે પણ કનીઝ સાથે નિકાહ કરી શકે છે;

**મસઅલો** :- ઉપરનો મસ્અલો આ આયતમાં તો નથી, પણ એની ઉપરવાળી આયત ''વઉહિલ્લલકુમ મા વરાઅકુમ''થી સાબિત છે;

**મસઅલો** :- એ જ પ્રમાણે કિતાબિયહ કનીઝ સાથે પણ નિકાહ જાઈઝ છે, જેવું કે આ આયતથી સાબિત થયું;

૭. આ કોઈ શરમ કરવા જેવી બાબત નથી, ઈમાનની શ્રેષ્ઠતા ખાતર છે, એને પુરતુ જાણો;

وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ عُدْوَانًا وَّظُلْمًا فَسَوْفَ نُصْلِيْهِ
نَارًا ۚ وَكَانَ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرًا ﴿٣٠﴾ اِنْ تَجْتَنِبُوْا
كَبَآئِرَ مَا تُنْهَوْنَ عَنْهُ نُكَفِّرْ عَنْكُمْ سَيِّاٰتِكُمْ وَنُدْخِلْكُمْ
مُّدْخَلًا كَرِيْمًا ﴿٣١﴾ وَلَا تَتَمَنَّوْا مَا فَضَّلَ اللّٰهُ بِهٖ بَعْضَكُمْ
عَلٰى بَعْضٍ ۚ لِلرِّجَالِ نَصِيْبٌ مِّمَّا اكْتَسَبُوْا ۚ وَلِلنِّسَآءِ
نَصِيْبٌ مِّمَّا اكْتَسَبْنَ ۚ وَسْـَٔلُوا اللّٰهَ مِنْ فَضْلِهٖ ۚ اِنَّ
اللّٰهَ كَانَ بِكُلِّ شَيْءٍ عَلِيْمًا ﴿٣٢﴾ وَلِكُلٍّ جَعَلْنَا مَوَالِيَ مِمَّا
تَرَكَ الْوَالِدٰنِ وَالْاَقْرَبُوْنَ ۚ وَالَّذِيْنَ عَقَدَتْ اَيْمَانُكُمْ
فَاٰتُوْهُمْ نَصِيْبَهُمْ ۚ اِنَّ اللّٰهَ كَانَ عَلٰى كُلِّ شَيْءٍ شَهِيْدًا ﴿٣٣﴾
اَلرِّجَالُ قَوّٰمُوْنَ عَلَى النِّسَآءِ بِمَا فَضَّلَ اللّٰهُ
بَعْضَهُمْ عَلٰى بَعْضٍ وَّبِمَآ اَنْفَقُوْا مِنْ اَمْوَالِهِمْ ۚ

અને જે જુલ્મ અને અત્યાચારથી એવું કરશે તો નજીકમાં જ અમે તેને અગ્નિમાં નાખીશું અને અલ્લાહને એ સહેલું છે (૩૦) જો મોટા ગુનાહોથી બચતા રહેશો જેની તમને મનાઇ છે[૨૨] તો તમારા બીજા ગુનાહ[૨૩] અમે માફ કરી દઇશું, અને તમને ઇજ્જતના સ્થાને દાખલ કરીશું (૩૧) અને તેની ઝંખના ન કરો જે દ્વારા અલ્લાહે તમારામાં એકને બીજા પર શ્રેષ્ઠતા આપી,[૨૪] પુરૂષો માટે એમની કમાણીમાંથી ભાગ છે, અને સ્ત્રીઓ માટે એમની કમાણીમાંથી હિસ્સો[૨૫] (છે)અને અલ્લાહ પાસે તેનો ફઝલ માંગો, બેશક! અલ્લાહ બધું જ જાણે છે (૩૨) અને અમે બધાં માટે માલના હકદાર બનાવી દીધાં છે. જે કંઇ છોડી જાય, મા-બાપ અને રિશ્તેદારો અને તે જેમની સાથે તમારૂં વચન બંધાઇ ચૂક્યું[૨૬] તેમને તેમનો હિસ્સો આપો, બેશક! દરેક વસ્તુ અલ્લાહની સામે છે (૩૩) પુરૂષો સ્ત્રીઓ પર ઉપરી છે,[૨૭] એટલા કારણે કે અલ્લાહે એમનામાં એકને બીજા પર શ્રેષ્ઠતા આપી,[૨૮] અને એટલા માટે કે પુરૂષોએ તેણીઓ પર પોતાના માલ ખર્ચ્યા,[૨૯]

૮. **મસઅલો** :- આનાથી જણાયું કે કનીઝને પોતાના માલિકની પરવાનગી વગર નિકાહનો અધિકાર નથી, એ જ પ્રમાણે ગુલામને પણ.

૯. જો કે તેણીઓના મહેરના માલિક તેણીઓના માલિકો છે, પણ કનીઝોને આપવું એ માલિકોને આપવા જેવું જ છે, કારણ કે તે પોતે અને તેની માલિકીમાં જે કંઈ હોય તે બધું માલિકની માલિકીનું જ છે, અથવા એ અર્થ છે કે માલિકની પરવાનગીથી મહેર તેણીઓને આપો.

૧૦. અર્થાત કે જાહેરમાં કે છુપી રીતે બદકારી કરતી નથી.

૧૧. અને પતિવાળી બની જાય.

૧૨. કે જેઓ પરણિત ન હોય, એટલે કે પચાસ કોરડા કારણ કે સ્વતંત્ર સ્ત્રીની સજા ૧૦૦ કોરડા છે. અને કનીઝોને સંગસાર કરવામાં નહિ આવે, કારણ કે સંગસારનો અડધો ભાગ થઈ શકતો નથી.

૧૩. કનીઝ સાથે નિકાહ કરવો.

૧૪. કનીઝ સાથે નિકાહ કરવા કરતાં, કારણ કે એનાથી ઔલાદ (કોઈની) માલિકીની જન્મશે.

૧૫. અમ્બિયા અને નેક લોકોની;

૧૬. અને હરામ (કાર્યો)માં લબદાઈને એમના જેવા જ બની જાઓ;

૧૭. અને પોતાના ફઝલથી સહેલા હુકમો આપે;

૧૮. તેને સ્ત્રીઓ અને વાસનાથી બચવું કપરૂ છે, સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમએ હદીષમાં ફરમાવ્યું છે કે, "સ્ત્રીઓમાં સાર નથી, અને તેણીઓ વગર ચાલી શકે એમ પણ નથી, તેણીઓ

સારા માણસને દબાવી દે છે, અને ખરાબ માણસો તેણીઓને દબાવી દે છે."

૧૯. ચોરી, પચાવી પાડવું, આંચકી લેવું, જુગાર, વ્યાજ વિગેરે જેટલી હરામ રીતો છે, તે બધી જ નાહક છે, એ તમામની જ મનાઈ છે;

૨૦. તે તમારા માટે હલાલ છે;

૨૧. એવાં કાર્યો કરીને જે દુનિયા અને આખિરતમાં વિનાશના કારણ રૂપ હોય, એમાં મુસલમાનનું ખૂન કરવાની મનાઈ પણ આવી ગઈ, (કારણ કે) મોમિનનું ખૂન કરવું પોતાનો નાશ કરવા બરાબર છે, કારણ કે બધા મોમિન એક જ વ્યક્તિની જેમ છે;

**મસઅલો** :- આ આયતથી આપઘાતનું હરામ હોવું પણ સાબિત થયું, (અને એ પણ પુરવાર થયું કે) મનેચ્છાને આધિન થઈ હરામ કૃત્ય કરવું પણ પોતાનો નાશ કરવા સમાન છે;

૨૨. અને જેના માટે વઈદ અર્થાત અઝાબની ચેતવણી આપવામાં આવી, જેમ કે ખૂન કરવું, ચોરી કરવી વિગેરે;

૨૩. એટલે કે સગીરા ગુનાહ;

**મસઅલો** :- કુફ્ર અને શિર્ક માફ કરવામાં નહિ આવે, જો આદમી તેના પર જ મર્યો હશે તો, (ખુદાની પનાહ) બીજા તમામ ગુનાહો સગીરા હોય કે કબીરા તે અલ્લાહની મરજી પર આધારિત છે, ઈચ્છે તો તેના કારણે અઝાબ કરે, ઈચ્છે તો માફ કરી દે.

૨૪. દુનિયાની હોય કે દીનની, જેથી અંદરોઅંદર હસદ અને અદેખાઈ ન જન્મે, હસદ ઘણી ખરાબ ટેવ છે, હસદખોર બીજાને જ્યારે સારી સ્થિતિમાં જુએ છે, ત્યારે પોતાના માટે તેની તમન્ના કરે છે. પણ સાથે જ એવું ઈચ્છે છે કે તેનો ભાઈ એ નેઅમતથી વંચિત રહે, આની મનાઈ છે, બન્દાને જોઈએ કે તકદીર પર રાજી રહે, તેણે જે બન્દાને જે શ્રેષ્ઠતા આપી ભલે પછી તે માલદારી અને દોલતની હોય કે દીની મરતબા અને ઉચ્ચતાની હોય, એ તેની હિકમત મુજબ છે.

**શાને નુઝૂલ** :- જ્યારે "લિઝ-ઝકરિ મિસ્લુલ ઉન્સયૈની" (પુરૂષ માટે બે સ્ત્રીઓનો હિસ્સો છે) ઉતરી. અને મય્યતના વારસામાં પુરૂષનો હિસ્સો સ્ત્રી કરતાં ડબલ નક્કી થયો, ત્યારે પુરૂષોએ કહ્યું કે અમને આશા છે કે આખિરતમાં નેકીઓનો સવાબ પણ અમને સ્ત્રીઓ કરતાં ડબલ મળશે, અને સ્ત્રીઓએ કહ્યું કે અમને આશા છે કે ગુનાહોની સજા અમને પુરૂષો કરતાં અડધી મળશે, તે બાબત આ આયત ઉતરી, એમાં જણાવાયું કે અલ્લાહ તઆલાએ જેને જે ફઝીલત આપી તે ખાસ હિકમતને અનુરૂપ છે, બન્દાને જોઈએ કે તેના ફેંસલા પર રાજી રહે.

૨૫. દરેકને તેના આમાલનો બદલો;

**શાને નુઝૂલ** :- ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલ્મા રદીયલ્લાહુ અન્હુએ ફરમાવ્યું, "અમે પણ જો પુરૂષો હોત તો જિહાદ કરતે, અને પુરૂષોની જેમ જાન ન્યોચ્છાવર કરવાનો મહાન સવાબ મેળવતે." ત્યારે આ આયત ઉતરી, અને તેમને શાંત્વન આપવામાં આવ્યું કે પુરૂષો જિહાદથી સવાબ મેળવી શકે છે તો સ્ત્રીઓ પતિઓની સેવા અને પાક દામન રહીને સવાબ પ્રાપ્ત કરી શકે છે,

૨૬. આ વચન એટલે "અકદે મવાલાત" એની રીત એ છે કે કોઈ ગુમનામ વંશનો માણસ (અર્થાત ન તેના પિતા વિષે કોઈને માહિતી હોય, ન તેના વાલીવારસોમાં કોઈ દાવેદાર હોય) બીજા માણસને કહે કે તુ મારો વાલી છે, જો હું મૃત્યુ પામું તો તું મારો વારસદાર બનીશ, અને જો હું કોઈ જનાયત (એવું

فَالصّٰلِحٰتُ قٰنِتٰتٌ حٰفِظٰتٌ لِّلْغَيْبِ بِمَا حَفِظَ اللّٰهُ
وَالّٰتِىْ تَخَافُوْنَ نُشُوْزَهُنَّ فَعِظُوْهُنَّ وَاهْجُرُوْهُنَّ
فِى الْمَضَاجِعِ وَاضْرِبُوْهُنَّ فَاِنْ اَطَعْنَكُمْ فَلَا تَبْغُوْا
عَلَيْهِنَّ سَبِيْلًا اِنَّ اللّٰهَ كَانَ عَلِيًّا كَبِيْرًا ﴿٣٤﴾ وَاِنْ خِفْتُمْ
شِقَاقَ بَيْنِهِمَا فَابْعَثُوْا حَكَمًا مِّنْ اَهْلِهٖ وَحَكَمًا مِّنْ
اَهْلِهَا اِنْ يُّرِيْدَآ اِصْلَاحًا يُّوَفِّقِ اللّٰهُ بَيْنَهُمَا اِنَّ اللّٰهَ
كَانَ عَلِيْمًا خَبِيْرًا ﴿٣٥﴾ وَاعْبُدُوا اللّٰهَ وَلَا تُشْرِكُوْا بِهٖ شَيْـًٔا
وَّبِالْوَالِدَيْنِ اِحْسَانًا وَّبِذِى الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنِ
وَالْجَارِ ذِى الْقُرْبٰى وَالْجَارِ الْجُنُبِ وَالصَّاحِبِ بِالْجَنْۢبِ
وَابْنِ السَّبِيْلِ وَمَا مَلَكَتْ اَيْمَانُكُمْ اِنَّ اللّٰهَ لَا
يُحِبُّ مَنْ كَانَ مُخْتَالًا فَخُوْرَا ﴿٣٦﴾ الَّذِيْنَ يَبْخَلُوْنَ

તો નેકબખ્ત સ્ત્રી અદબવાળી છે, પતિ પાછળ જાળવણી રાખે છે[૩૦]. જે રીતે અલ્લાહે જાળવણીનો હુકમ આપ્યો, અને જે સ્ત્રીઓ વિષે હુકમનું ઉલ્લંઘન કરવાનો તમને ભય હોય[૩૧] તો તેણીઓને સમજાવો અને એવીઓથી જુદા સૂઓ, અને એવીઓને મારો,[૩૨] પછી જો તેણીઓ તમારા કહ્યામાં આવી જાય તો તેણીઓ પર વધારે (પગલાં લેવા)નો કોઇ માર્ગ ન ઇચ્છો, બેશક! અલ્લાહ ઉચ્ચ મહાન છે[૩૩] (૩૪) અને જો તમને પતિ-પત્નીની લડાઇની બહીક હોય,[૩૪] તો એક પંચ પુરૂષવાળાઓ તરફથી મોકલો અને એક પંચ સ્ત્રીવાળાઓ તરફથી[૩૫] આ બન્ને જો સુલેહ કરાવવા ઇચ્છશે તો અલ્લાહ તેમનામાં મેળ કરી આપશે, બેશક! અલ્લાહ જાણનાર ખબરદાર છે[૩૬] (૩૫) અને અલ્લાહની બંદગી કરો, અને તેનો ભાગીદાર કોઇને ન ઠેરવો[૩૭] અને મા-બાપ સાથે ભલાઇ કરો,[૩૮] અને સગાઓ,[૩૯] અને યતીમો, અને મોહતાજો,[૪૦] અને નજીકના પાડોશીઓ, અને દૂરના પાડોશીઓ[૪૧] અને પાસેના સાથી[૪૨] અને વટેમાર્ગુ,[૪૩] અને પોતાના બાંદી ગુલામ સાથે,[૪૪] બેશક! અલ્લાહને નથી ગમતો કોઇ ઇતરાનાર બડાઇ મારનાર[૪૫] (૩૬) જેઓ પોતે

ગુનાહિત કાર્ય જેનાથી દંડ લાગુ પડે) કરું તો તારે દિયત (દંડ અથવા બદલો) આપવો પડશે, પેલાએ કહ્યું, ''મે કબૂલ કર્યું." એવી રીતે એ વચનથી બંધાઈ જશે. સ્વીકારનાર વારસદાર પણ બની જાય છે, અને દિયત પણ તેના માથે આવી પડે છે, અને જો બીજો પણ એની જેવો જ મજહુલુન્નસબ હોય, અને એવું જ કહે અને આ પણ, સ્વીકારી લે, તો એમનામાં દરેક એક બીજાનો વારસદાર અને એક બીજાની દિયતનો જવાબદાર ઠરશે; આ અકદ (પરસ્પરના કરાર અથવા વચન) સાબિત (પુરવાર થયેલ) છે, સહાબાએ કિરામ રદીયલ્લાહુ અન્હુમ એને માનતા હતા;

૨૭. માટે સ્ત્રીઓને તેમનું આજ્ઞાંકિત રહેવું આવશ્યક છે, અને પુરૂષોને હક છે કે તેઓ સ્ત્રીઓ પર (પોતાની) જનતાની જેમ (એક લીડરને અનુરૂપ એવું) ઉપરવટું કરે; અને તેણીઓના હિતો તેમજ (જીવન) વ્યવસ્થાને લગતા કાર્યો, કેળવણી અને હિફાઝતનો બંદોબસ્ત કરે,

**શાને નુઝૂલ** :- હઝરત સઅદ બિન રબીએ પોતાની પત્નીને કોઈ ભૂલ બદલ તમાચો માર્યો, તેણીના પિતા તેણીને સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં લઈ ગયા, અને તેણીના પતિની ફરીયાદ કરી; તે બાબત આ આયત ઉતરી,

૨૮. અર્થાત પુરૂષોને સ્ત્રીઓ પર બુદ્ધિ અને ચતુરાઈ, જિહાદ અને નુબુવ્વત, ખિલાફત અને ઈમામત, અઝાન અને ખુત્બા, જમાઅત અને જુમ્અહ, તકબીર અને તશરીક, સજા થાય તેવો અને ખૂનનો બદલો માંગતા કેસોની સાક્ષી અને વારસાનાડબલ ભાગ, વંશ અને નિકાહ-તલાકના માલિક તેમજ વંશ એમના પ્રતિ સંબંધિત કરવા બાબત અને નમાઝ-રોઝાના સંપૂર્ણપણે લાયક હોવાની બાબતમાં. કારણ કે એમના

માટે કોઈ સમય એવો નથી જેમાં તેઓ નમાઝ-રોઝાને લાયક ન હોય, તેમજ દાઢીઓ અને પાઘડીઓનું બાબતમાં શ્રેષ્ઠતા આપી,

૨૯. **મસઅલો** :- આ આયતથી જણાયું કે સ્ત્રીઓની ખાવા ખોરાકી અને ભરણ પોષણનો ખર્ચ પુરૂષો પર વાજિબ છે,

૩૦. પોતાની પવિત્રતા તેમજ પતિઓના ઘર, માલ અને ભેદની.

૩૧. તેમને ખાવિંદની નાફરમાની અને કહ્યું ન માનવાનું તેમજ તેના હક્કોનો ખ્યાલ ન રાખવાનાં પરિણામ સમજાવો, જે દુનિયા અને આખિરતમાં આવે છે. અને અલ્લાહના અઝાબથી ડરાવો, અને કહો કે શરીઅતની રૂએ અમારો તમારા પર હક છે, અને અમારૂ આજ્ઞાંકિત રહેવું તમારા પર ફર્ઝ છે, જો એ પછી પણ ન માને,

૩૨. હલકો માર.

૩૩. અને તમે ગુનાહ કરો છો, છતાં તે તમારી તવબહ કબૂલ કરે છે તો પછી તમારા હાથ નીચેની સ્ત્રીઓ જો કસૂર કર્યા પછી માફી માંગે, તો તમારે વહેલું માફ કરી દેવું જોઈએ, અને અલ્લાહની કુદરત તેમજ મહાનતાનો ખયાલ કરીને જુલ્મ કરવાથી વેગળું રહેવું જોઈએ.

૩૪. અને તમે જુઓ કે સમજાવવું, અલગ સૂવું, મારવું કશું જ કામ લાગતું નથી, અને બન્નેનો કુસંપ મટતો નથી.

૩૫. કારણ કે સંબંધીઓ પોતાના સગાંઓની ખાનગી હાલતથી માહિતગાર હોય છે, અને પતિ-પત્ની વચ્ચે મેળ બંધાવવાનાં આરઝુમંદ પણ હોય છે, અને ઉભયને તેમના પર વિશ્વાસ પણ હોય છે. અને તેમને પોતાના દિલની વાત કહેવામાં સંકોચ પણ નથી હોતો.

૩૬. જાણે છે કે પતિ-પત્ની માં જુલ્મી કોણ છે.

**મસઅલો** :- પંચોને પતિ-પત્નીને અલગ કરી દેવાનો અધિકાર નથી.

૩૭. ન તો સજીવને, ન નિર્જીવને, ન તેના પાલનહાર હોવામાં, ન તેની ઈબાદતમાં.

૩૮. અદબ અને તાઝીમ સાથે, અને તેમની સેવા માટે તત્પર રહો, અને તેમના માટે ખર્ચ કરવામાં કમી ન કરો, મુસ્લિમ શરીફની **હદીષ**માં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ત્રણ વાર ફરમાવ્યું, ''તેનું નાક ધૂળમાં રગદોળાય!'' હઝરત અબૂ હુરૈરહ રદીયલ્લાહુ અન્હૂએ પૂછ્યું, ''યા રસૂલુ-લ્લાહ! કોનું?'' ફરમાવ્યું, ''જે ઘરડાં માં બાપને પામ્યો, અથવા તેમનામાંથી એકને પામ્યો, અને જન્નતી ન બની ગયો.''

૩૯. **હદીષ શરીફ**માં છે કે **સગાંઓ સાથે સદવર્તન રાખનારાંને લાંબુ જીવન અને વધારે રોજી મળે છે.** (બુખારી, મુસ્લિમ)

૪૦. હદીષ :- સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું; હું અને યતીમની દેખરેખ રાખનાર એવા નજીક હોઈશું, જેવી રીતે કે કલમાની આંગળી અને વચલી આંગળી. (બુખારી શરીફ)

**હદીષ** :- સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું; બેવહ અને મિસ્કીનની મદદ કરનાર અને દેખરેખ રાખનાર અલ્લાહના માર્ગમાં જિહાદ કરનારની જેમ છે.

૪૧. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે જિબ્રઈલ મને હમેશાં પડોશીઓ સાથે એહસાન કરવાની તાકીદ કરતા રહયા, એટલે સુધી કે વિચાર થતો, ક્યાંક તેમને વારસદાર બનાવી દેશે.

وَيَأْمُرُونَ النَّاسَ بِالْبُخْلِ وَيَكْتُمُونَ مَا آتَاهُمُ اللَّهُ
مِنْ فَضْلِهِ ۗ وَأَعْتَدْنَا لِلْكَافِرِينَ عَذَابًا مُهِينًا ﴿٣٧﴾
وَالَّذِينَ يُنْفِقُونَ أَمْوَالَهُمْ رِئَاءَ النَّاسِ وَلَا يُؤْمِنُونَ
بِاللَّهِ وَلَا بِالْيَوْمِ الْآخِرِ ۗ وَمَنْ يَكُنِ الشَّيْطَانُ لَهُ قَرِينًا
فَسَاءَ قَرِينًا ﴿٣٨﴾ وَمَاذَا عَلَيْهِمْ لَوْ آمَنُوا بِاللَّهِ وَالْيَوْمِ
الْآخِرِ وَأَنْفَقُوا مِمَّا رَزَقَهُمُ اللَّهُ ۚ وَكَانَ اللَّهُ بِهِمْ عَلِيمًا ﴿٣٩﴾
إِنَّ اللَّهَ لَا يَظْلِمُ مِثْقَالَ ذَرَّةٍ ۖ وَإِنْ تَكُ حَسَنَةً
يُضَاعِفْهَا وَيُؤْتِ مِنْ لَدُنْهُ أَجْرًا عَظِيمًا ﴿٤٠﴾ فَكَيْفَ
إِذَا جِئْنَا مِنْ كُلِّ أُمَّةٍ بِشَهِيدٍ وَجِئْنَا بِكَ
عَلَىٰ هَٰؤُلَاءِ شَهِيدًا ﴿٤١﴾ يَوْمَئِذٍ يَوَدُّ الَّذِينَ كَفَرُوا
وَعَصَوُا الرَّسُولَ لَوْ تُسَوَّىٰ بِهِمُ الْأَرْضُ وَلَا يَكْتُمُونَ

બખીલાઇ કરે, અને બીજાઓને બખીલાઇ કરવાનું કહે,[૪૬] અને અલ્લાહે એમને જે આપ્યું પોતાના ફઝલથી તેને છુપાવે[૪૭] અને કાફિરો માટે અમે બેઇજ્જતીનો અઝાબ તૈયાર કરી રાખ્યો છે (૩૭) અને તેઓ જે પોતાના માલ લોકોને દેખાડવા ખર્ચે છે,[૪૮] અને અલ્લાહ પર ઇમાન નથી લાવતા, અને ન કયામત પર, અને જેનો સાથીદાર શયતાન થયો,[૪૯] તો કેટલો ખરાબ સાથીદાર છે (૩૮) અને તેમનું શું નુકસાન હતું, જો ઇમાન લાવત અલ્લાહ અને કયામત પર? અને અલ્લાહના આપેલામાંથી તેના માર્ગમાં ખર્ચ કરત[૫૦]? અને અલ્લાહ તેમને જાણે છે (૩૯) અલ્લાહ એક રજ માત્ર અત્યાચાર નથી કરતો, અને જો કોઇ નેકી હોય તો તેને ડબલ કરે છે, અને પોતાની પાસેથી મહાન સવાબ આપે છે (૪૦) અને કેવી થશે જ્યારે અમે દરેક ઉમ્મત(માં)થી એક સાક્ષી લાવીએ,[૫૧] અને અય મહેબૂબ! તમને એ તમામ પર સાક્ષી અને રખેવાળ બનાવીને લાવીએ[૫૨] (૪૧) તે દિવસે તમન્ના કરશે તેઓ જેમણે કુફ્ર કર્યું, અને રસૂલની નાફરમાની કરી કેવું સારૂં થાય જો તેમને મટોડામાં દબાવીને જમીન

(બુખારી, મુસ્લિમ)

૪૨. અર્થાત પત્ની, અથવા જે સંગાથમાં રહે તે, યા સફરનો સાથી યા સાથે પઢનાર અથવા મસ્જિદમાં યા મહેફિલમાં સાથે બેસનાર ઉઠનાર.

૪૩. મુસાફિર અથવા મહેમાન.

**હદીષ** :- જે અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન ધરાવતો હોય, તેણે મહેમાનની ઈજ્જત કરવી જોઈએ. (બુખારી, મુસ્લિમ)

૪૪. કે તેમને તેમની શક્તિથી વધુ કષ્ટ ન આપો અને આકરી વાત ન કહો, અને જમણ તથા કપડાં લત્તાં જરૂર જેટલાં આપો.

**હદીષ** :- રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું; કે જન્નતમાં ખરાબ વર્તણુંક કરનાર દાખલ નહિ થાય. (તિર્મિઝી)

૪૫. ઘમંડી, આપખૂદ, જે સગાંઓને તુચ્છ સમજે.

૪૬. બખીલાઈ એ છે કે પોતે ખાય પણ બીજાને ન આપે, અને 'શુહહ' એ છે કે ન ખાય ન ખાવા દે. 'સખા' એ છે કે પોતે ખાય અને બીજાને ખવડાવે 'જુદ' એ છે કે પોતે ન ખાય અને બીજાને ખવડાવે.

**શાને નુઝૂલ** :- આ આયત યહૂદીઓ વિષે ઉતરી, જેઓ સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના ગુણો બયાન કરવામાં બખીલાઈ કરતા હતા અને છુપાવતા હતા.

**મસઅલો** :- એનાથી જણાયું કે ઈલ્મને છુપાવવું સારૂં નથી.

સરખી કરી દેવામાં આવે, અને કોઇ વાત અલ્લાહથી છુપાવી શકશે નહીં[૫૩] (૪૨) અય ઇમાનવાળાઓ! નશાની હાલતમાં નમાઝની પાસે ન જાઓ[૫૪] જ્યાં સુધી એટલું ભાન ન હોય કે જે બોલો તેને સમજો અને ન નાપાકીની હાલતમાં નહાયા વગર. પણ મુસાફરીમાં[૫૫] અને જો તમે માંદા હોવ,[૫૬] યા સફરમાં અથવા તમારામાંથી કોઇ કુદરતી હાજતેથી આવ્યો,[૫૭] અથવા તમે સ્ત્રીઓને અડયા,[૫૮] અને પાણી ન મેળવી શક્યા,[૫૯] તો પાક મટોડાથી તયમ્મુમ કરો[૬૦] તો પોતાના મોઢાંઓ અને હાથોનો મસહ કરો,[૬૧] બેશક! અલ્લાહ માફ કરનાર ક્ષમા કરનાર (૪૩) શું તમે તેમને જોયા જેમને કિતાબમાંથી એક ભાગ મળ્યો?[૬૨] ગુમરાહી વહોરી લે છે,[૬૩] અને ઇચ્છે છે કે[૬૪] તમે પણ માર્ગથી ભટકી જાઓ (૪૪) અને અલ્લાહ તમારા શત્રુઓને સારી પેઠે જાણે છે.[૬૫] અને અલ્લાહ પુરતો છે વાલી, અલ્લાહ પુરતો છે મદદગાર (૪૫) અમુક યહૂદીઓ કલામને તેના સ્થાનેથી ફેરવે છે,[૬૬] અને[૬૭] કહે છે, 'અમે સાંભળ્યું અને ન માન્યું' અને[૬૮] 'સાંભળો તમે સંભળાવવામાં ન આવો'[૬૯] અને 'રાઇના' કહે છે,[૭૦] જબાનો વાંકી વાળીને,[૭૧] અને દીનમાં ટોણાં ખાતર,[૭૨] અને જો[૭૩] તેઓ કહેતે, 'કે અમે સાંભળ્યું અને માન્યું' અને (કહેતે



اللّٰهَ حَدِيْثًا ۞ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَقْرَبُوا الصَّلٰوةَ
وَاَنْتُمْ سُكٰرٰى حَتّٰى تَعْلَمُوْا مَا تَقُوْلُوْنَ وَلَا جُنُبًا اِلَّا
عَابِرِيْ سَبِيْلٍ حَتّٰى تَغْتَسِلُوْا ؕ وَاِنْ كُنْتُمْ مَّرْضٰٓى اَوْ
عَلٰى سَفَرٍ اَوْ جَآءَ اَحَدٌ مِّنْكُمْ مِّنَ الْغَآئِطِ اَوْ لٰمَسْتُمُ
النِّسَآءَ فَلَمْ تَجِدُوْا مَآءً فَتَيَمَّمُوْا صَعِيْدًا طَيِّبًا فَامْسَحُوْا
بِوُجُوْهِكُمْ وَاَيْدِيْكُمْ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَفُوًّا غَفُوْرًا ۞ اَلَمْ
تَرَ اِلَى الَّذِيْنَ اُوْتُوْا نَصِيْبًا مِّنَ الْكِتٰبِ يَشْتَرُوْنَ الضَّلٰلَةَ
وَيُرِيْدُوْنَ اَنْ تَضِلُّوا السَّبِيْلَ ۞ وَاللّٰهُ اَعْلَمُ بِاَعْدَآئِكُمْ
وَكَفٰى بِاللّٰهِ وَلِيًّا ۫ وَّكَفٰى بِاللّٰهِ نَصِيْرًا ۞ مِنَ الَّذِيْنَ
هَادُوْا يُحَرِّفُوْنَ الْكَلِمَ عَنْ مَّوَاضِعِهٖ وَيَقُوْلُوْنَ سَمِعْنَا
وَعَصَيْنَا وَاسْمَعْ غَيْرَ مُسْمَعٍ وَّرَاعِنَا لَيًّا بِاَلْسِنَتِهِمْ

૪૭. હદીષ શરીફમાં છે કે બન્દા પર અલ્લાહની નેઅમત જાહેર થાય એ અલ્લાહને પસંદ છે.

**મસઅલો** :- અલ્લાહની નેઅમત જાહેર કરવામાં નિખાલસતા હોય તો એ પણ શુક્ર છે. માટે જ માણસે પોતાની શક્તિ અનુસાર જાઈઝ બેહતર લિબાસ પહેરવો મુસ્તહબ છે.

૪૮. બખીલાઈ પછી અયોગ્ય ખર્ચની બુરાઈ બયાન કરી, કે જે લોકો માત્ર દેખાવ માટે અને નામ કાઢવા ખર્ચ કરે છે, અને અલ્લાહની રઝામંદી તેમનો હેતુ નથી હોતો. જેવી રીતે કે મુશ્રિકો અને મુનાફિકો, એ લોકો પણ તેમના જ હુકમમાં છે જેમનો હુકમ ઉપર ગુજર્યો.

૪૯. દુનિયા અને આખિરતમાં તે એવી રીતે કે તે શયતાની કામો કરીને તેને ખુશ કરતો રહ્યો અને આખિરતમાં એવી રીતે કે દરેક કાફિર એક શયતાન સાથે આગની સાંકળમાં બંધાએલો હશે. (ખાઝિન)

૫૦. એમાં ખરેખર એમનો જ ફાયદો હતો.

૫૧. તેમના નબીને અને તે પોતે ઉમ્મતના ઈમાન અને કુફ્ર તેમજ નિફાક તથા તમામ કામોની સાક્ષી આપે, કારણ કે નબીઓ પોતાની ઉમ્મતનાં કર્યોથી માહિતગાર હોય છે.

૫૨. કારણ કે તમે નબીઓના નબી છો, અને સમગ્ર જગત તમારી ઉમ્મત છે.

૫૩. કારણ કે જ્યારે તેઓ પોતાના ગુનાહથી ફરી જશે, અને કસમ ખાઈને કહેશે કે અમે મુશ્રિક ન હતા, અને અમે ગુનાહ નથી કર્યા, ત્યારે તેમના માઢાંઓ પર મોહર મારી દેવાશે, અને તેમના શરીરના ભાગોને અને અવયવોને વાણી આપવામાં આવશે, એ તેમના વિરૂદ્ધ સાક્ષી આપશે.

૫૪. **શાને નુઝૂલ** :- હઝરત અબ્દુર્રહમાન બિન ઔફે સહાબાની એક જમાઅતની દઅવત કરી, તેમાં

જમણ પછી દારૂ પીરસવામાં આવ્યો, અમુક લોકોએ પીધો, કારણ કે હજુ તે સમય સુધી દારૂ હરામ થયો ન હતો, પછી મગરીબની નમાઝ પઢયા, ઈમામ નશાની હાલતમાં ''કુલ યા અય્યુહલ કાફિરૂન, અબૂદુ મા તઅબૂદુન, વ અન્તુમ આબિદુન મા અઅબૂદ'' પઢી ગયા, ને બન્ને જગ્યાએ ''લા'' છોડી દીધો, નશાના કારણે ખબર ન પડી અર્થ બદલાઈ ગયો. ત્યારે આ આયત ઉતરી. અને તેમને નશાની હાલતમાં નમાઝ પઢવાની મનાઈ કરવામાં આવી. ત્યારે મુસલમાનોએ નમાઝના સમયો વખતે દારૂ પીવાનું બંધ કર્યું, ત્યાર પછી દારૂ તદ્દન હરામ કરવામાં આવ્યું.

**મસઅલો** :- આનાથી પુરવાર થયું કે જો નશાની હાલતમાં માણસ કુફ્ર કલેમો બોલી કાઢે તો કાફિર થતો નથી. એટલા માટે કે ''કુલ યા અય્યુહલ કાફિરૂન''માં બન્ને જગ્યાએ ''લા'' છોડી દેવું કુફ્ર છે, છતાં એવી હાલતમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે તેમના પર કુફ્રનો હુકમ લાગુ પાડયો નહિ. બલ્કે કુરઆન મજીદમાં તેમને ''યા અય્યુહલ્લઝીન આમનૂ'' દ્વારા સંબોધન કરવામાં આવ્યું.

૫૫. જ્યારે પાણી ના પામો તો તયમ્મુમ કરી લો.

૫૬. અને પાણીનો ઉપયોગ હાનિકર્તા હોય.

૫૭. આ ઈશારો છે બેવઝૂ હોવા તરફ.

૫૮. અર્થાત સંભોગ કર્યો.

૫૯. તેના વપરાશ માટે શક્તિમાન ન હોવાના કારણે, અથવા પાણી ઉપસ્થિત ન હોવાથી, અથવા દૂર હોવાના કારણે, અથવા તેને મેળવવાનું સાધન ન હોવાથી, અથવા સાપ માનવભક્ષી પ્રાણી, દુશ્મન વિગેરે કોઈ નડતર રૂપ વસ્તુ હોવાને લઈને.

૬૦. આ હુકમ માંદાઓ, મુસાફરો, બેવઝૂ અને ગુસલવાળાઓને પણ સમાવિષ્ટ કરે છે, જેઓ પાણી મેળવી ન શકતા હોય, કે પછી તેને વાપરવા અશક્તિમાન હોય. (મદારિક)

**મસઅલો** :- હૈઝ અને નિફાસથી પાક થવા માટે પણ પાણી માટે અશક્તિમાન હોવાની હાલતમાં તયમ્મુમ જાઈઝ છે, જેમકે હદીષ શરીફમાં આવ્યું છે.

૬૧. **રીત** :- તયમ્મુમ કરનાર દિલથી પાક થવાની નિય્યત કરે, તયમ્મુમમાં ઉલમાની એકમતીથી નિય્યત શર્ત (અનિવાર્ય) છે, કારણ કે તે નસથી સાબિત છે. જે વસ્તુ મટોડીના પ્રકારની હોય, જેમકે ધૂળ, રેતી, પથ્થર, એ તમામ પર તયમ્મુમ જાઈઝ છે ભલે પછી પથ્થર પર ધૂળ પણ ન હોય. પણ એ વસ્તુઓનું પાક હોવું જરૂરી છે. તયમ્મુમમાં બે વાર હાથ જમીન પર મારવાના છે, પહેલી વખતે મારીને મોઢા પર ફેરવે, બીજી વાર હાથો પર.

**મસઅલો** :- પાણીથી પાકી હાંસલ કરવી એ જ મૂળ પાકી છે, પણ પાણી માટે અશક્તિમાન હોવાની હાલતમાં તયમ્મુમ પાણીનું પુરેપુરૂં નાયબ છે. જેવી રીતે હદસ (બેવઝૂ હોવું અથવા ગુસ્લ વાજિબ હોવું) પાણીથી દૂર કરી શકાય છે, એવી જ રીતે તયમ્મુમથી પણ દૂર કરી શકાય છે. એટલે સુધી કે એક જ તયમ્મુમથી અનેક ફર્ઝો અને નવાફિલ પઢી શકાય છે.

**મસઅલો** :- તયમ્મુમવાળા પાછળ વઝૂ અને ગુસ્લવાળાની ઈકિતદા (તેને ઈમામ બનાવી તેના પાછળ નમાઝ પઢવી) સહીહ છે.

**શાને નુઝૂલ** :- બની મુસ્તલકની લડાઈમાં જ્યારે ઈસ્લામી સૈન્ય એક મેદાનમાં ઉતર્યું, જ્યાં પાણી ન હતું, અને સવારમાં ત્યાંથી આગળ ધપવાનો ઈરાદો હતો. ત્યાં ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશહ રદીય-

લ્લાહુ અન્હૂનો હાર ખોવાઈ ગયો. તેને ઢુંઢવા માટે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ ત્યાં રોકાયા, સવાર થયું, પણ ત્યાં પાણી ન હતું. અલ્લાહ તઆલાએ ત્યારે તયમ્મુમની આયત ઉતારી. ઉસૈદ બિન હુઝૈર રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું; અય અબૂ બક્રની ઔલાદ! આ તમારી પહેલી જ બરકત નથી." અર્થાત તમારી બરકતથી મુસલમાનો માટે ઘણી સરળતાઓ થઈ; અને ઘણા ફાયદાઓ પહોંચ્યા. પછી જ્યારે ઊંટ ઉઠાડવામાં આવ્યું, ત્યારે તેની નીચેથી હાર જડયો.

હાર ખોવાઈ જવામાં અને સૈય્યદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે તેનો પત્તો ન બતાડવામાં ઘણાં રહસ્યો છે. હઝરત સિદ્દીકહના હાર ખાતર રોકાવું, તેમની શ્રેષ્ઠતા અને દરજ્જો જાહેર કરે છે. સહાબાનું તેને ઢુંઢવું એ પ્રતિ અણસાર કરે છે કે હુઝૂરની બીબીઓની સેવા મોમિનો માટે અહોભાગ્ય છે. અને પછી તયમ્મુમનો હુકમ ઉતરવો, એ બતાવે છે કે હુઝૂરની બીબીઓની સેવાનો બદલો એવો સારો મળે છે કે જેનાથી કયામત સુધીના મુસલમાનો લાભ ઉઠાવશે. સુબ્હાનલ્લાહ!

૬૨. તે એ કે તવરાતમાંથી તેમણે માત્ર મૂસા અલયહિસ્સલામની નુબુવ્વત ઓળખી, અને તેમાં સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનું જે વર્ણન હતું, તેનાથી વંચિત રહયા, અને આપની નુબુવ્વતના ઈન્કારી થયા.

**શાને નુઝૂલ :–** આ આયત રૂફાઆ બિન ઝૈદ અને માલિક બિન દુખશમ નામના યહૂદીઓ વિશે ઉતરી, આ બન્ને જ્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે વાત કરતા, ત્યારે જીભ વાંકી વાળીને બોલતા હતા.

૬૩. હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની નુબુવ્વતનો ઈન્કાર કરીને.

૬૪. અને તેણે તમને પણ તેમની શત્રુતા વિષે ખબરદાર કરી દીધા. તો હવે તમારે તેમનાથી બચતું રહેવું જોઈએ.

૬૫. અને જેનું કામ બનાવનાર અલ્લાહ હોય તેને શાનો ભય?

૬૬. જે તવરાતમાં અલ્લાહ તઆલાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની શાનમાં ફરમાવ્યાં,

૬૭. જ્યારે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ કંઈક હુકમ સંભળાવે છે ત્યારે.

૬૮. કહે છે.

૬૯. આ વાક્ય દ્વીઅર્થી છે. વખાણ અને બુરાઈ બન્ને અર્થો ધરાવે છે. વખાણ એ અર્થમાં કે "કોઈ અણગમતી વાત તમને સંભળાવવામાં ન આવે" અને બુરાઈનો અર્થ એ રીતે કે "તમને સાંભળવાનું ભાગ્ય ન સાંપડે."

૭૦. એ શબ્દ પ્રયોગની મનાઈ કરવામાં આવી હોવા છતાં, કારણ કે એ એમની બોલીમાં કુઅર્થ ધરાવે છે.

૭૧. હકથી બાતિલ (અસત્ય) તરફ.

૭૨. કારણ કે તેઓ પોતાના સાથીઓને કહેતા હતા કે અમે હુઝૂરની બદગોઈ કરીએ છીએ, જો આપ નબી હોત તો એ જાણી લેતે. અલ્લાહ તઆલાએ હૃદયોના મેલને જાહેર કરી દીધો.

૭૩. ઉપરોક્ત શબ્દોને બદલે અદબવાળાઓની જેમ;

૭૪. એટલું જ કે. અલ્લાહે તેમને પેદા કર્યા, અને રોજી આપી અને આટલુ પુરતું નથી, જ્યાર સુધી કે ઈમાનને લગતી બધી વાતો ન માને અને તમામની સત્યતા જાહેર ન કરે.

وطعنا في الدين ولو انهم قالوا سمعنا واطعنا
واسمع وانظرنا لكان خيرا لهم واقوم ولكن لعنهم
الله بكفرهم فلا يؤمنون الا قليلا (٤٦) يايها الذين
اوتوا الكتب امنوا بما نزلنا مصدقا لما معكم من
قبل ان نطمس وجوها فنردها على ادبارها او
نلعنهم كما لعنا اصحب السبت وكان امر الله مفعولا (٤٧)
ان الله لا يغفر ان يشرك به ويغفر ما دون ذلك
لمن يشاء ومن يشرك بالله فقد افترى اثما
عظيما (٤٨) الم تر الى الذين يزكون انفسهم بل الله
يزكي من يشاء ولا يظلمون فتيلا (٤٩) انظر كيف
يفترون على الله الكذب وكفى به اثما مبينا (٥٠)

કે) 'હુઝૂર અમારી વાત સાંભળો અને અમારા પર કૃપા દ્રષ્ટિ રાખો' તો તેમના માટે ભલાઇ અને સીધાપણામાં વધારો થાત પરંતુ એમના પર તો એમના કુફ્રના કારણે અલ્લાહે લઅનત કરી, તો યકીન ધરાવતા નથી, પણ થોડું[74] (૪૬) અય કિતાબવાળાઓ! તેના પર ઇમાન લાવો જે અમે ઉતાર્યું. તમારી સાથેની કિતાબ[75]ની સત્યતા જાહેર કરતું. એ પહેલાં કે અમે અમુક મોઢાંઓને બગાડી નાખીએ,[76] તો તેમને તેમની પીઠો તરફ ફેરવી કાઢીએ, અથવા તેમના પર લઅનત કરીએ, જેવી શનિવારવાળાઓ પર લઅનત કરી.[77] અને ખુદાનો હુકમ થઇને રહે (છે) (૪૭) બેશક! અલ્લાહ એને માફ નથી કરતો કે તેની સાથે કુફ્ર કરવામાં આવે, અને કુફ્રની નીચે જે કંઇ છે (તેમાં) જેને ઇચ્છે (તેને) માફ ફરમાવી દે છે.[78] અને જેણે ખુદાનો ભાગીદાર ઠેરવ્યો તેણે મહાન ગુનાહનું તોફાન બાંધ્યુ (૪૮) શું તમે તેમને ન જોયા જેઓ પોતે પોતાની પવિત્રતા વર્ણવે છે.[79] બલ્કે અલ્લાહ જેને ઇચ્છે (તેને) પવિત્ર કરે. અને નહિ જુલ્મ થાય તેમના પર ખારેકના ગાભા જેટલો (પણ)[80] (૪૯) જુઓ! અલ્લાહ પર કેવું જૂઠ ઠોકી બેસાડી રહ્યા છે[81]. અને આ સ્પષ્ટ ગુન્હો (સજા માટે) પૂરતો છે (૫૦)

૭૫. તવરાત.

૭૬. આંખ, નાક, ભવાં વિગેરેનો નકશો ભૂંસી નાખીને.

૭૭. આ બન્ને વાતોમાંથી એક અનિવાર્ય છે. અને લઅનત તો એમના પર એવી પડી કે દુનિયા એમને મલઉન કહે છે. અહી તફસીરવેત્તાઓનાં અમુક કથનો છે; કેટલાક આ વઈદ (સજાની ખબર)ને દુનિયામાં લાગુ પડવાનું માને છે, કેટલાક આખિરતમાં, અમુક કહે છે કે લઅનત થઈ ચૂકી અને વઈદ લાગુ થઈ ગઈ અને અમુક કહે છે કે હજી ઈન્તિઝાર છે. વળી અમુક કહે છે કે આ વઈદ એવી હાલતમાં હતી જ્યારે યહૂદીઓમાંથી કોઈ ઈમાન લાવ્યું ન હોત. પણ ઘણા યહૂદીઓ ઈમાન લાવ્યા એટલા માટે, શરત અસ્તિત્વમાં ન રહી, અને વઈદ ઉઠી ગઈ.

હઝરત અબ્દુલ્લાહ બિન સલામે જે યહૂદીઓના મહાન આલિમોમાંથી છે, સિરીયાથી પરત થતાં માર્ગમાં આ આયત સાંભળી, અને પોતાના ઘેર પહોંચતાં પહેલાં ઈસ્લામ સ્વીકારી સય્યિદે આલમ સલ્લ-લ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં હાજર થયા, અને કહ્યું, ''યા રસૂલલ્લાહ! હું ધારતો ન હતો કે હું મારૂં મોઢું પીઠ તરફ ફરી જતાં પહેલાં, અને મોઢાનો નક્શો ભૂંસાઈ જતાં અગાઉ આપની સેવામાં હાજર થઈ શકીશ." અર્થાત એવી બ્હીકે તેમણે ઈમાન લાવવામાં ઉતાવળ કરી, કારણ કે તવરાત શરીફથી તેમને આપના બરહક રસૂલ હોવાનું નિશંક જ્ઞાન હતું.

એવી જ રીતે હઝરત કઅબ અહબારે, જે યહૂદી આલિમોમાં મોટો મોભો ધરાવતા હતા, તેઓ હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂ પાસેથી આ આયત સાંભળીને મુસલમાન થઈ ગયા.

શું તમે તેમને ન જોયા? જેમને કિતાબનો એક ભાગ પ્રાપ્ત થયો, (તેઓ) ઇમાન લાવે છે બુત અને શયતાન પર, અને કાફિરોને કહે છે કે તેઓ મુસલમાનો કરતાં વધુ માર્ગ પર છે (૫૧) આ છે જેમના પર અલ્લાહે લઅનત કરી. અને જેના પર ખુદા લઅનત કરે, તમે કદાપી તેનો કોઇ યાર જોશો નહીં[૭૮] (૫૨) શું રાજ્યમાં તેમનો કંઇ ભાગ છે?[૭૯] (જો) એવું હોય તો લોકોને તલપુર (જગ્યા) ન આપે (૫૩) અથવા લોકોની અદેખાઇ કરે છે,[૮૦] તેના પર જે અલ્લાહે તેમને પોતાની કૃપાથી આપ્યું[૮૧] તો અમે તો ઇબ્રાહીમની ઔલાદને કિતાબ અને હિકમત આપી, અને તેમને મહાન રાજ્ય આપ્યું[૮૨] (૫૪) તો એમનામાં કોઇ તેના પર ઇમાન લાવ્યો,[૮૩] અને કોઇએ એનાથી મોઢું ફેરવ્યું,[૮૪] અને દોઝખ (જે) ભડકતો અગ્નિ (છે તે) પુરતી છે[૮૫] (૫૫) જેમણે અમારી આયતોનો ઇન્કાર કર્યો, નજીકમાં જ અમે તેમને આગમાં દાખલ કરીશું. જ્યારે કદી તેમની ચામડીઓ પાકી ઉઠશે, અમે તેના સિવાય બીજી ચામડીઓ તેમને બદલી આપીશું, કે (જેથી) અઝાબનો આસ્વાદ માણે. બેશક! અલ્લાહ ચઢીયાતો, હિકમતવાળો છે (૫૬) અને જે લોકો ઇમાન

النسآء ٤ ١٣٦ والمحصنت ٥

أَلَمْ تَرَ إِلَى الَّذِينَ أُوتُوا نَصِيبًا مِّنَ الْكِتَٰبِ يُؤْمِنُونَ
بِالْجِبْتِ وَالطَّٰغُوتِ وَيَقُولُونَ لِلَّذِينَ كَفَرُوا هَٰٓؤُلَآءِ
أَهْدَىٰ مِنَ الَّذِينَ ءَامَنُوا سَبِيلًا ﴿٥١﴾ أُولَٰٓئِكَ الَّذِينَ
لَعَنَهُمُ اللَّهُ وَمَن يَلْعَنِ اللَّهُ فَلَن تَجِدَ لَهُۥ نَصِيرًا ﴿٥٢﴾
أَمْ لَهُمْ نَصِيبٌ مِّنَ الْمُلْكِ فَإِذًا لَّا يُؤْتُونَ النَّاسَ نَقِيرًا ﴿٥٣﴾
أَمْ يَحْسُدُونَ النَّاسَ عَلَىٰ مَآ ءَاتَىٰهُمُ اللَّهُ مِن فَضْلِهِۦ فَقَدْ
ءَاتَيْنَآ ءَالَ إِبْرَٰهِيمَ الْكِتَٰبَ وَالْحِكْمَةَ وَءَاتَيْنَٰهُم مُّلْكًا عَظِيمًا ﴿٥٤﴾
فَمِنْهُم مَّنْ ءَامَنَ بِهِۦ وَمِنْهُم مَّن صَدَّ عَنْهُ وَكَفَىٰ بِجَهَنَّمَ
سَعِيرًا ﴿٥٥﴾ إِنَّ الَّذِينَ كَفَرُوا بِـَٔايَٰتِنَا سَوْفَ نُصْلِيهِمْ نَارًا
كُلَّمَا نَضِجَتْ جُلُودُهُم بَدَّلْنَٰهُمْ جُلُودًا غَيْرَهَا لِيَذُوقُوا
الْعَذَابَ إِنَّ اللَّهَ كَانَ عَزِيزًا حَكِيمًا ﴿٥٦﴾ وَالَّذِينَ

૭૮. અર્થ એ છે કે જે કુફ્ર પર મૃત્યુ પામે તેની માફી નથી, તેના માટે અનંત અઝાબ છે. અને જેણે કુફ્ર ન કર્યું હોય, ભલે પછી તે કેટલો મોટો ગુનેહગાર, કબીરા ગુનાહ કરનાર હોય, અને તવબહ વગર પણ મરણ પામે, તો તેના માટે (અઝાબની) હમેશગી નથી, અલ્લાહની ઈચ્છા પર આધારિત છે, ઈચ્છે તો માફ કરી દે, યા તેના ગુનાહો બદલ અઝાબ કરે, પછી પોતાની રહમતથી જન્નતમાં દાખલ કરે.

આ આયતમાં યહૂદીઓને ઈમાન પ્રતિ આકર્ષણ અપાયું છે, અને એ તરફ પણ ઈશારો મળે છે કે શરીઅતની પરિભાષામાં યહૂદીઓ માટે 'મુશ્રિક' શબ્દ વાપરી શકાય છે.

૭૯. આ આયત યહૂદીઓ અને નસરાનીઓ વિષે ઉતરી, જેઓ પોતાને અલ્લાહના પુત્રો અને તેના પ્રિય બતાવતા હતા, અને કહેતા કે યહૂદ અને નસારા સિવાય અન્ય કોઈ જન્નતમાં નહીં જાય. આ આયતમાં દર્શાવાયું કે માણસનું દીનદારી, ભલાઈ, તકવા, અને ખુદાની નજીકીનું દાવેદાર હોવું અને પોતાના મોઢે પોતાના વખાણ કરવાનું કામ નથી આવતું.

૮૦. અર્થાત રજ માત્ર પણ જુલ્મ નહિ થાય, તેટલી જ સંજા થશે જેટલીના તેઓ લાયક હશે.

૮૧. પોતાને નિર્દોષ અને ખુદાના પ્રિય જાહેર કરીને.

૮૨. **શાને નુઝૂલ :-** આ આયત કઅબ બિન અશરફ વિગેરે યહૂદી આલિમો બાબત ઉતરી, જેઓ ૭૦ અસ્વાર લઈને કુરેશ પાસે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ વિરૂદ્ધ યુદ્ધના કરાર કરવા ગયા. કુરેશીઓએ કહ્યું કે તમે 'કિતાબી' છો, એટલે સય્યિદે આલમથી (ધાર્મિક રીતે) વધારે નજીક છો, તો પછી અમે કેવી રીતે માની લઈએ કે તમે અમારી સાથે ભળવા ઈચ્છો છો તેમાં ફરેબ નથી? જો અમને સંતુષ્ટ

લાવ્યા અને સારાં કામો કર્યાં, નજીકમાં જ અમે તેમને બગીચાઓમાં લઇ જઇશું, જેમની નીચે નહેરો વહે. તેમાં હંમેશા રહેશે, અને તેમના માટે ત્યાં સ્વચ્છ પત્નીઓ છે,[૯૦] અને અમે તેમને ત્યાં પ્રવેશ આપીશું જ્યાં છાંયડો જ છાંયડો હશે[૯૧] (૫૭) બેશક! અલ્લાહ તમને આદેશ આપે છે કે અમાનતો જેમની છે તેમને સોંપી દો,[૯૨] અને એ કે જ્યારે તમે લોકોમાં ફેંસલો કરો તો ન્યાય સહિત ફેંસલો કરો,[૯૩] બેશક! અલ્લાહ તમને કેટલી સરસ નસીહત કરે છે, બેશક! અલ્લાહ સાંભળે, જુએ છે (૫૮) અય ઇમાનવાળાઓ! હુકમ માનો અલ્લાહનો, અને હુકમ માનો રસૂલનો,[૯૪] અને તેમનો જેઓ તમારામાં હુકૂમતવાળા છે[૯૫] પછી જો તમારામાં કોઇ વાતનો ઝગડો ઉત્પન્ન થાય તો તેને રજુ કરો અલ્લાહ અને રસૂલ સમક્ષ, જો અલ્લાહ અને કયામત પર ઇમાન ધરાવતા હોવ (તો)[૯૬]. આ ઉત્તમ છે, અને એનુ પરિણામ સર્વોત્તમ (૫૯) શું તમે તેમને ન જોયા? જેમનો દાવો છે કે તેઓ ઇમાન લાવ્યા તેના પર જે તમારી તરફ ઉતર્યું, અને તેમના પર

والمحصنت ١٣٧ النساء ٤

امَنُوا وَعَمِلُوا الصّٰلِحٰتِ سَنُدْخِلُهُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ
تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا لَهُمْ فِيْهَآ اَزْوَاجٌ
مُّطَهَّرَةٌ وَّنُدْخِلُهُمْ ظِلًّا ظَلِيْلًا ﴿٥٧﴾ اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ
اَنْ تُؤَدُّوا الْاَمٰنٰتِ اِلٰٓى اَهْلِهَا وَاِذَا حَكَمْتُمْ
بَيْنَ النَّاسِ اَنْ تَحْكُمُوْا بِالْعَدْلِ اِنَّ اللّٰهَ نِعِمَّا
يَعِظُكُمْ بِهٖ اِنَّ اللّٰهَ كَانَ سَمِيْعًا بَصِيْرًا ﴿٥٨﴾ يٰٓاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوْٓا اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ وَاُولِى
الْاَمْرِ مِنْكُمْ فَاِنْ تَنَازَعْتُمْ فِيْ شَيْءٍ فَرُدُّوْهُ اِلَى اللّٰهِ
وَالرَّسُوْلِ اِنْ كُنْتُمْ تُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ
ذٰلِكَ خَيْرٌ وَّاَحْسَنُ تَاْوِيْلًا ﴿٥٩﴾ اَلَمْ تَرَ اِلَى
الَّذِيْنَ يَزْعُمُوْنَ اَنَّهُمْ اٰمَنُوْا بِمَآ اُنْزِلَ اِلَيْكَ وَمَآ

કરવા માંગતા હોઉ તો અમારી મૂર્તિઓને સિજદો કરો, ત્યારે તેમણે શયતાનના પગલે ચાલીને મૂર્તિઓને સિજદો કર્યો, પછી અબૂ સુફિયાને પૂછયું કે અમે સાચા માર્ગ પર છીએ કે મુહમ્મદ? (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) કઅબ બિન અશરફે કહ્યું કે તમે જ સીધા માર્ગે છો, ત્યારે આ આયત ઉતરી. અલ્લાહ તઆલાએ તેમના પર લાઅનત કરી કે તેમણે હુઝૂરની અદાવતમાં મુશ્રિકોની મૂર્તિઓ સુધ્ધાંની પૂજા કરી.

૮૩. યહૂદીઓ કહેતા હતા કે રાજ્ય અને નુબુવ્વતના અમે વધારે હકદાર છીએ, પછી અમે અરબોના પગલે કેવી રીતે ચાલીએ? અલ્લાહ તઆલાએ તેમના એ દાવાને જૂઠો ઠેરવ્યો, કે રાજ્યમાં તેમનો હિસ્સો જ શું છે? અને જો માની લઈએ કે કંઈક છે તો એમની બખીલાઈ એ પ્રકારની છે કે,

૮૪. નબી સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ અને ઈમાનવાળાઓની.

૮૫. નબુવ્વત અને મદદ, ચઢીયાતાપણું અને ઈજ્જત વિગેરે નેઅમતો.

૮૬. જેમકે હઝરત યૂસુફ, હઝરત દાવૂદ, હઝરત સુલેમાન અલયહિમુસ્સલામને. તો પછી પોતાના હબીબ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર કૃપા કરે, તો તેનાથી કેમ બળો છો, અને હસદ કરો છો?

૮૭. જેમકે હઝરત અબ્દુલ્લાહ બિન સલામ અને તેમના સાથીદારો સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર ઈમાન લાવ્યા.

૮૮. અને ઈમાનથી વંચિત રહ્યો.

૮૯. તેના માટે જે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર ઈમાન ન લાવે.

૯૦. જેઓ દરેક નાપાકી, ગંદકી અને ઘૃણાજનક વસ્તુથી રહિત છે.

જે તમારાથી પહેલાં ઉતર્યું. પછી ઇચ્છે છે કે શયતાનને પોતાનો પંચ બનાવે. અને તેમને તો હુકમ એ હતો કે એને મુદ્દલ ન માને. અને ઇબ્લીસ એ ઇચ્છે છે કે તેમને દૂર ભટકાવી દે[૯૭] (૬૦) અને જ્યારે તેમને કહેવામાં આવે કે અલ્લાહની ઉતારેલી કિતાબ અને રસૂલ પ્રતિ આવો તો તમે જોશો કે મુનાફિકો તમારાથી મોઢું ફેરવીને ફરી જાય છે (૬૧) કેવી થશે જ્યારે તેમના પર કોઇ આફત પડે,[૯૮] બદલો તેનો જે તેમના હાથોએ આગળ મોકલ્યું,[૯૯] પછી અય મહબૂબ! તમારી સમક્ષ હાજર થાય, અલ્લાહની કસમ ખાતા, કે અમારો ધ્યેય તો ભલાઇ અને મેળાપ જ હતો[૧૦૦] (૬૨) એમના દિલોની તો વાત અલ્લાહ જાણે છે, તો તમે એમનાથી આંખ આડા કાન કરી લો, અને એમને સમજાવી દો, અને એમના વિષ-યમાં એમની (બુદ્ધિને) પહોંચતી વાત કરો[૧૦૧] (૬૩) અને અમે કોઇ રસૂલ ન મોકલ્યા પણ એટલા માટે કે અલ્લાહના હુકમથી તેની તાબેદારી કરવામાં આવે,[૧૦૨] અને જો જ્યારે તેઓ પોતાના પ્રાણો પર જુલ્મ કરે,[૧૦૩] તો અય મહબૂબ! તમારી સમક્ષ હાજર થાય પછી અલ્લાહ પાસે માફી માંગે, અને રસૂલ તેમની શફાઅત ફરમાવે,



أُنْزِلَ مِنْ قَبْلِكَ يُرِيدُونَ أَنْ يَتَحَاكَمُوا إِلَى الطَّاغُوتِ
وَقَدْ أُمِرُوا أَنْ يَكْفُرُوا بِهِ وَيُرِيدُ الشَّيْطَانُ أَنْ
يُضِلَّهُمْ ضَلَالًا بَعِيدًا ﴿٦٠﴾ وَإِذَا قِيلَ لَهُمْ تَعَالَوْا إِلَى
مَا أَنْزَلَ اللَّهُ وَإِلَى الرَّسُولِ رَأَيْتَ الْمُنَافِقِينَ يَصُدُّونَ
عَنْكَ صُدُودًا ﴿٦١﴾ فَكَيْفَ إِذَا أَصَابَتْهُمْ مُصِيبَةٌ
بِمَا قَدَّمَتْ أَيْدِيهِمْ ثُمَّ جَاءُوكَ يَحْلِفُونَ بِاللَّهِ إِنْ
أَرَدْنَا إِلَّا إِحْسَانًا وَتَوْفِيقًا ﴿٦٢﴾ أُولَٰئِكَ الَّذِينَ يَعْلَمُ
اللَّهُ مَا فِي قُلُوبِهِمْ فَأَعْرِضْ عَنْهُمْ وَعِظْهُمْ وَقُلْ لَهُمْ
فِي أَنْفُسِهِمْ قَوْلًا بَلِيغًا ﴿٦٣﴾ وَمَا أَرْسَلْنَا مِنْ رَسُولٍ
إِلَّا لِيُطَاعَ بِإِذْنِ اللَّهِ وَلَوْ أَنَّهُمْ إِذْ ظَلَمُوا أَنْفُسَهُمْ
جَاءُوكَ فَاسْتَغْفَرُوا اللَّهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُولُ

૯૧. અર્થાત જન્નતનો છાંયડો, જેની રાહત અને આરામ સમજશક્તિની પહોંચ અને વર્ણનની હદોથી બહાર છે.

૯૨. અમાનતો ધરાવનારાઓને અને હાકેમોને હુકમ કરવામાં આવ્યો કે અમાનતો જેમની હોય તેમને ઈમાનદારીથી સુપરત કરી દે, અને ફેસલાઓમાં ન્યાય તોળે. કેટલાક તફસીરકારોનું કહેવું છે કે અલ્લાહે ફર્ઝ કરેલી વસ્તુઓ પણ તેની અમાનતો છે, તેને અદા કરવાનું પણ આ હુકમમાં દાખલ છે.

૯૩. બન્નો પક્ષોમાંથી કોઈની પણ તરફેણ ન હોય. ઉલમા કહે છે કે હાકેમે પાંચ વાતોમાં ઉભય પક્ષે સમકક્ષ વર્તન કરવું જોઈએ (૧) પોતાની સમક્ષ હાજર થવામાં; એકને જે રીતે અવસર આપે તે રીતે બીજાને પણ તક આપે (૨) બેઠક, બન્નેને સમકક્ષ આપે (૩) બન્નેની તરફ સરખું ધ્યાન આપે (૪) વાત સાંભળવામાં બન્નેની સાથે સરખી રીતનો ઉપયોગ કરે (૫) ફેસલો આપવામાં સત્યની તરફેણ કરે, જેનો બીજા પર હક હોય તે સંપૂર્ણતઃ અપાવે. હદીષ શરીફમાં છે કે ન્યાય કરનારાઓને ખુદાની નજીકીમાં નૂરના મિમ્બર (બેઠકો) આપવામાં આવશે.

**શાને નુઝૂલ** :- અમુક તફસીરવેત્તાઓએ આ આયતના શાને નુઝૂલમાં આ બનાવ ટાંક્યો છે કે; મક્કા જીતાયું તે દિવસે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે કાબા શરીફના તે સમયના ખાદીમ ઉસ્માન બિન તલ્હા પાસેથી કાબા શરીફની કૂંચીઓ લઈ લીધી. પછી જ્યારે આ આયત ઉતરી ત્યારે આપે તે કૂંચીઓ તેમને પરત કરી દીધી, અને ફરમાવ્યું કે; ''આ ચાવીઓ હવે હમેશાં તમારા વંશમાં રહેશે.'' એ સાંભળીને ઉસ્માન બિન તલ્હા હજમીએ ઈસ્લામ સ્વીકાર્યો.

જો કે ઘણા મુહદ્દિષોએ થોડા ઘણા ફેરફાર સહિત આ બનાવનું વર્ણન કર્યું છે, પણ હદીષો પર દ્રષ્ટિપાત કરવાથી એ શ્રદ્ધાપાત્ર જણાતું નથી, કારણ કે ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને મુન્દહ અને ઈબ્ને અસીરની રિવાયતો થી ફલિત થાય છે કે ઉસ્માન બિન તલ્હા ૮ હિ.સ. માં મદીના શરીફમાં હાજર થઈને ઈસ્લામથી પાવન થઈ ચૂક્યા હતા. અને મક્કાના વિજય દિને તેમણે પોતાની સ્વેચ્છાએ ચાવીઓ રજુ કરી હતી. બુખારી અને મુસ્લિમની રિવાયતોથી આમ જ ફલિત થાય છે.

૯૪. કારણ કે રસૂલનો હુકમ માનવો એ અલ્લાહનો હુકમ માનવો છે, બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે; સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું; ''જેણે મારો હુકમ માન્યો તેણે અલ્લાહનો હુકમ માન્યો, અને જેણે મારી આજ્ઞાનું પાલન ન કર્યું તેણે અલ્લાહના આદેશનું ઉલ્લંઘન કર્યું."

૯૫. તે હદીષમાં જ હુઝૂર ફરમાવે છે; ''જેણે અમીર (સરદાર) ની તાબેદારી કરી તેણે મારી તાબેદારી કરી, અને જેણે અમીરનું કહયું ન માન્યું તેણે મારૂં કહયું ન માન્યું," આ આયતથી સાબિત થયું કે મુસ્લિમ સરદારો અને હાકિમોની તાબેદારી વાજિબ છે. જ્યાં સુધી કે તેઓ સત્ય અનુસાર રહે અને જો હક્ક વિરૂદ્ધ આદેશ આપે તો તેમની તાબેદારી કરવાની નથી.

૯૬. આ આયતથી જણાયું કે હુકમો ત્રણ પ્રકારના છે, એક તે જે જાહેર કિતાબ એટલે કે કુરઆનથી સાબિત થાય. એક તે જે જાહેર રીતે હદીષથી પુરવાર થાય. અને એક તે જે કુરઆન અને હદીષ પ્રતિ કિયાસ (મનન કરી હુકમ તારવવો) ની રીતે રજુ થવાથી ફલિત થાય. ''ઉલીલ અમ્ર" માં ઈમામ, અમીર, બાદશાહ, હાકિમ, કાઝી બધાં જ સમાવિષ્ટ છે. ''ખિલાફતે કામિલહ" તો નુબુવ્વતના સમય પછી ત્રીસ વર્ષો સુધી રહી, પણ ''ખિલાફતે નકિસહ" (અપૂર્ણ ખિલાફત) ખિલાફતે અબ્બાસીયહમાં પણ હતી. અને હવે તો ઈમામત પણ અસ્તિત્વમાં નથી. કારણ કે ઈમામ માટે કુરેશમાંથી હોવું શર્ત છે, અને એ વાત ઘણી જગ્યાઓએ નથી, પરંતુ સલ્તનત અને અમારત હજુ બાકી છે, અને સુલતાન તથા અમીર પણ ''ઉલીલ અમ્ર" માં ગણાય છે, જેથી આપણા પર તેમની તાબેદારી જરૂરી છે.

૯૭. **શાને નુઝૂલ** :- બશર નામના એક મુનાફિકને એક યહૂદી સાથે ઝગડો હતો; યહૂદીએ કહયું; ''ચાલો સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પાસે ફેંસલો કરાવી લઈએ."

મુનાફિકે વિચાર્યું કે, હુઝૂર તો શેહશરમ વગર સત્ય ફેંસલો જ આપશે, જેથી એનો હેતુ નહિ સરે, તેથી તેણે ઈમાનનો દાવેદાર હોવા છતાં કહયું;

''નહિ, આપણે કઅબ બિન અશરફ યહૂદીને પંચ નીમીએ."

કુરઆને કરીમમાં જે શબ્દ ''તાગૂત" વપરાયો છે તેનો મતલબ એ કઅબ બિન અશરફ યહૂદી પાસે ફેંસલા માટે જવાનો છે. યહૂદી જાણતો હતો કે કઅબ તો લાંચખાઉ છે, તેથી તેનો સહધર્મી હોવા છતાં તેને પંચ તરીકે સ્વીકાર્યો નહીં. મુનાફિકને ન છુટકે ફેંસલો કરાવવા સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પાસે હાજર થવું પડયું. હુઝૂરે જે ફેંસલો આપ્યો તે યહૂદી તરફે હતો. અહીંથી ફેંસલો સાંભળ્યા પછી મુનાફિક યહૂદીની પાછળ પડયો, અને તેને લાચાર કરીને હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂ પાસે લાવ્યો, યહૂદીએ હઝરત ઉમરને કહયું;

''અમારો ફેંસલો તો સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે કરી નાખ્યો છે, પરંતુ આ હુઝૂરના ફેંસલાથી સંતુષ્ટ નથી, તેથી આપના પાસેથી ફેંસલો ઈચ્છે છે."

હઝરત ઉમરે કહયું : ''હા! હમણાં જ આવીને હું એનો ફેંસલો કરૂં છું."

لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا ﴿٦٤﴾ فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُوْنَ
حَتّٰى يُحَكِّمُوْكَ فِيْمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا يَجِدُوْا فِيْٓ اَنْفُسِهِمْ
حَرَجًا مِّمَّا قَضَيْتَ وَيُسَلِّمُوْا تَسْلِيْمًا ﴿٦٥﴾ وَلَوْ اَنَّا كَتَبْنَا عَلَيْهِمْ
اَنِ اقْتُلُوْٓا اَنْفُسَكُمْ اَوِ اخْرُجُوْا مِنْ دِيَارِكُمْ مَّا فَعَلُوْهُ اِلَّا
قَلِيْلٌ مِّنْهُمْ ۭ وَلَوْ اَنَّهُمْ فَعَلُوْا مَا يُوْعَظُوْنَ بِهٖ لَكَانَ خَيْرًا
لَّهُمْ وَاَشَدَّ تَثْبِيْتًا ﴿٦٦﴾ وَّاِذًا لَّاٰتَيْنٰهُمْ مِّنْ لَّدُنَّآ اَجْرًا عَظِيْمًا ﴿٦٧﴾
وَّلَهَدَيْنٰهُمْ صِرَاطًا مُّسْتَقِيْمًا ﴿٦٨﴾ وَمَنْ يُّطِعِ اللّٰهَ وَالرَّسُوْلَ
فَاُولٰۗىِٕكَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ وَ
الصِّدِّيْقِيْنَ وَالشُّهَدَاۗءِ وَالصّٰلِحِيْنَ ۚ وَحَسُنَ اُولٰۗىِٕكَ
رَفِيْقًا ﴿٦٩﴾ ذٰلِكَ الْفَضْلُ مِنَ اللّٰهِ ۭ وَكَفٰى بِاللّٰهِ عَلِيْمًا ﴿٧٠﴾
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا خُذُوْا حِذْرَكُمْ فَانْفِرُوْا ثُبَاتٍ

તો અવશ્ય અલ્લાહને ખૂબ તવબહ કબૂલ કરનાર, મહેરબાન પામે[104] (૬૪) તો અય મહેબૂબ! તમારા રબના સોગંદ, તેઓ મુસલમાન નહીં થાય, જ્યાં સુધી તેમના અંદર અંદરના ઝઘડાઓમાં તમને હાકિમ નહીં બનાવે. પછી જે કંઇ તમે હુકમ ફરમાવી દો તેના માટે પોતાના હૃદયોમાં રૂકાવટ ન પામે, અને (ખરા) જીવથી માની લે[105] (૬૫) અને જો અમે એમના પર ફર્ઝ કરત કે પોતે જ પોતાનો વધ કરો, અથવા પોતાનાં ઘરબાર મૂકીને નાસી જાઓ[106] તો એમનામાં થોડાક જ એવું કરત. અને જે વાતની તેમને નસીહત કરવામાં આવે છે (તેને જો) તેઓ કરત,[107] તો એમાં એમનું ભલું અને ઇમાન પર ખૂબ જામી જવાનું હતું (૬૬) અને એવું થાત તો અવશ્ય અમે એમને આપત પોતાના પાસેથી મોટા સવાબ (૬૭) અને અવશ્ય એમને સીધા માર્ગનું માર્ગદર્શન આપત (૬૮) અને જે અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માને, તો તેને એવાઓનો સાથ સાંપડશે જેમના પર અલ્લાહે કૃપા દ્રષ્ટિ કરી, એટલે કે નબીઓ,[108] અને સિદ્દીકો,[109] અને શહીદ,[110] અને નેક લોકો.[111] આ કેટલા સારા સાથી છે (૬૯) આ અલ્લાહની કૃપા છે, અને અલ્લાહ પુરતો છે જાણનાર (૭૦) અય ઇમાનવળાઓ! હોશિયારીથી કામ

એટલું કહીને આપ ઘરમાં પધારી ગયા, અને તલવાર લાવીને મુનાફિકને કત્લ કરી દીધો, અને કહ્યું : "જે અલ્લાહ અને રસૂલના ફેંસલાથી રાજી ન થાય તેનો મારી પાસે એવો જ ફેંસલો છે."

૯૮. જેનાથી ભાગી છુટવાનો કે બચવાનો કોઈ માર્ગ ન હોય, જેવી આફત બશર મુનાફિક પર આવી, કે તેને હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂએ કત્લ કરી નાખ્યો.

૯૯. કુફ્ર, નિફાક અને નાફરમાની, જેમકે બશર મુનાફિકે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના ફેંસલાનો અસ્વીકાર કરીને કર્યો.

૧૦૦. અને તેમનાં બહાનાં અને પસ્તાવો કંઈ કામ ન આવે, જેમકે બશર મુનાફિક ના માર્યા ગયા પછી તેના વાલી વારસો તેના ખૂનનો બદલો માંગવા આવ્યા, અને અયોગ્ય બહાનાં અને વાતો બનાવવા લાગ્યા (પણ) અલ્લાહ તઆલાએ તેના ખૂનનો બદલો ન અપાવ્યો, કારણ કે તે મારી નાખવા લાયક (જ) હતો.

૧૦૧. જે તેમના હૃદયોમાં અસર કરી જાય.

૧૦૨. જ્યારે રસૂલ મોકલ્યા જ એટલા માટે કે તેમની તાબેદારી કરવામાં આવે, અને તેમની ઈતાઅત ફર્ઝ થાય તો (પછી) જે તેમના હુકમથી રાજી ન થાય, તેણે રિસાલતને ન માની, તે કાફિર છે અને તેને કત્લ કરવો વાજિબ છે.

૧૦૩. નાફરમાની અને ગુનાહ કરીને.

૧૦૪. આનાથી જણાયું કે ખુદાના દરબારમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની શફાઅત અને

والمحصنت ٥ — ١٤٠ — النساء ٤

أَوِ انْفِرُوا جَمِيعًا ﴿٧١﴾ وَإِنَّ مِنْكُمْ لَمَنْ لَيُبَطِّئَنَّ فَإِنْ
أَصَابَتْكُمْ مُصِيبَةٌ قَالَ قَدْ أَنْعَمَ اللَّهُ عَلَيَّ إِذْ لَمْ
أَكُنْ مَعَهُمْ شَهِيدًا ﴿٧٢﴾ وَلَئِنْ أَصَابَكُمْ فَضْلٌ مِنَ اللَّهِ
لَيَقُولَنَّ كَأَنْ لَمْ تَكُنْ بَيْنَكُمْ وَبَيْنَهُ مَوَدَّةٌ يَا لَيْتَنِي
كُنْتُ مَعَهُمْ فَأَفُوزَ فَوْزًا عَظِيمًا ﴿٧٣﴾ فَلْيُقَاتِلْ فِي سَبِيلِ
اللَّهِ الَّذِينَ يَشْرُونَ الْحَيَاةَ الدُّنْيَا بِالْآخِرَةِ وَمَنْ منزل ١
يُقَاتِلْ فِي سَبِيلِ اللَّهِ فَيُقْتَلْ أَوْ يَغْلِبْ فَسَوْفَ نُؤْتِيهِ
أَجْرًا عَظِيمًا ﴿٧٤﴾ وَمَا لَكُمْ لَا تُقَاتِلُونَ فِي سَبِيلِ اللَّهِ وَ
الْمُسْتَضْعَفِينَ مِنَ الرِّجَالِ وَالنِّسَاءِ وَالْوِلْدَانِ الَّذِينَ
يَقُولُونَ رَبَّنَا أَخْرِجْنَا مِنْ هَٰذِهِ الْقَرْيَةِ الظَّالِمِ
أَهْلُهَا وَاجْعَلْ لَنَا مِنْ لَدُنْكَ وَلِيًّا وَاجْعَلْ لَنَا

**લો,[૧૧૨] પછી શત્રુ પ્રતિ થોડા થોડા થઇને નીકળો, અથવા એકત્રિત થઇને ચાલો (૭૧) અને તમારામાં કોઇ તે છે જે જરૂર વાર લગાડશે,[૧૧૩] પછી જો તમારા પર કોઇ આફત પડે, તો કહે, ખુદાનું મારા પર એહસાન હતું કે હું એમની સાથે હાજર ન હતો (૭૨) અને જો તમને અલ્લાહની કૃપા મળે,[૧૧૪] તો અવશ્ય કહે,[૧૧૫] જાણે કે તમારામાં તેમાં કોઇ મૈત્રી (જ) ન હતી, કેવું સરસ થાત જો હું તેમની સાથે હોત, તો મોટી મુરાદ પામત (૭૩) તો તેમણે અલ્લાહના માર્ગમાં લડવું જોઇએ, જેઓ દુનિયાનું જીવન વેચીને આખિરત લે છે. અને જે અલ્લાહના માર્ગમાં લડે, પછી માર્યો જાય, અથવા જીતે, તો નજીકમાં જ અમે તેને મહાન સવાબ આપીશું (૭૪) અને તમને થયું શું કે અલ્લાહના માર્ગે ન લડો?[૧૧૬] તેમજ અશક્ત પુરૂષો અને સ્ત્રીઓ અને બાળકો માટે, (જેઓ) આ દુઆ કરી રહ્યા છે, હે અમારા રબ ! અમને આ વસ્તીમાંથી કાઢ, જ્યાંના લોકો અત્યાચારી છે. અને અમને તારા પાસેથી કોઇ વાલી આપ, અને અમને તારા પાસેથી કોઇ**

આપનો વસીલો કામ બનાવવા માટે ઝરીયો છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની વફાત પછી એક અઅરાબી (ગામનો રહેવાસી) આપના રોઝા મુબારક પર હાજર થયો. રોઝા શરીફની માટી પોતાના માથા પર નાખીને કહેવા લાગ્યો; ''યા રસૂલલ્લાહ ! જે તમે ફરમાવ્યું તે અમે સાંભળ્યું, અને જે આપના પર ઉતર્યું તેને અમે માન્યું, તેમાં આ આયત પણ છે, ''વલવઅન્નહુમ ઈઝ ઝલમૂ....." બેશક! મેં મારા પ્રાણ પર જુલ્મ કર્યો, હું આપની સમક્ષ અલ્લાહના દરબારમાં મારા ગુનાહની માફી માંગવા હાજર થયો છું, તો મારા રબ પાસેથી મારા ગુનાહની માફી મેળવી આપો." ત્યારે કબ્ર શરીફમાંથી અવાજ આવ્યો કે; ''તને માફ કરવામાં આવ્યો!" આનાથી અમુક મસાઈલ જણાયા;

**મસઅલો** :- કબ્ર શરીફ પર હાજત લઈને જવું પણ 'જાઉક...' માં દાખલ છે, અને ખયરૂલ કુરૂનમાં થતી આવેલી વસ્તુ છે.

**મસઅલો** :- અલ્લાહના મકબૂલ બન્દાઓને તેમની વફાત પછી 'યા' શબ્દથી પોકારવા જાઈઝ છે.

**મસઅલો** :- મકબૂલ બન્દાઓ મદદ કરે છે, અને તેમની દુઆથી હાજતો પૂર્ણ થાય છે.

૧૦૫. અર્થ એ છે કે જ્યાર સુધી તમારા ફેંસલા અને હુકમને સાચા દિલથી ન સ્વીકારી લે, ત્યાં સુધી મુસલમાન બની શકતા નથી. સુબ્હાનલ્લાહ ! આનાથી હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની શાન જણાઇ આવે છે.

**શાને નુઝૂલ** :- પર્વતોથી આવતા પાણીમાં હઝરત ઝુબેર અને એક અન્સારીનો બગીચાઓમાં તે પાણી વાળવા બાબતનો ઝગડો હતો. હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના દરબારમાં મામલો રજુ કરવામાં

આવ્યો. હુઝૂરે ફરમાવ્યું, ''અય ઝુબેર ! તમે પોતાના બગીચાને પાણી પાઈ ચૂકો, ત્યાર બાદ પોતાના પાડોશી માટે તેને છુંટું કરો." અન્સારીને વાત ગમી નહિ, તેના મોઢેથી નીકળી ગયું કે, ''હા ! ઝુબેર તમારા ફોયાઈ છે." ફેંસલામાં હુઝૂરે ઝુબેરને અન્સારી સાથે એહસાન કરવાનો આદેશ આપ્યો હોવા છતાં, અન્સારીએ તેની કદર કરી નહિ, તેથી હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ઝુબેરને કહ્યું, ''પોતાની વાડીને પાણી આપ્યા પછી પણ પાણી રોકી લો." કારણ કે ન્યાયની દ્રષ્ટિએ નજીકવાળો જ (વરસાદ)ના પાણીનો વધારે હકદાર હોય છે, તે બાબત આ આયત ઉતરી.

૧૦૬. જેવી રીતે કે બની ઈસ્રાઈલને મિસરથી નીકળી જવાનો, અને તવબહ કબૂલ થવાની શરત રૂપે પોતાનાજ પ્રાણોને કતલ કરવાનો હુકમ આપ્યો હતો.

**શાને નુઝૂલ** :- સાબિત બિન કૈસ બિન શમાસ ને એક યહૂદીએ કહયું, 'અલ્લાહ તઆલાએ અમારા પર પોતાના ઘરબાર છોડવાનું અને પોતાના પ્રાણોની આહૂતિ આપવાનું ફર્ઝ કર્યું હતું, અમે તેને બજાવી લાવ્યા' ત્યારે સાબિતે કહ્યું, અમારા પર જો અલ્લાહ ફર્ઝ કરત તો અમે પણ જરૂર બજાવી લાવત. તે બાબત આ આયત ઉતરી.

૧૦૭. અર્થાત રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની તાબેદારી અને આપની ફરમાંબરદા-રીની.

૧૦૮. જેથી નબીઓ પ્રત્યે નિખાલસ અને ફરમાંબરદાર લોકો જન્નતમાં તેમના સાથ અને દર્શનથી વંચિત નહિ રહે.

૧૦૯. સિદ્દીક નબીઓના સાચા અનુયાયીને કહે છે, જેઓ નિખાલસપણે તેમના માર્ગને વળગી રહે. પણ આ આયતમાં નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના શ્રેષ્ઠ અસ્હાબ મુરાદ છે, જેમકે હઝરત અબૂ બક્ર સિદ્દીક રદીયલ્લાહુ અન્હૂ.

૧૧૦. જેમણે ખુદાના માર્ગમાં પ્રાણ આપી દીધા.

૧૧૧. એવા દીનદાર લોકો, જેઓ બન્દાઓ અને અલ્લાહ બન્નેના હક્કો અદા કરતા હોય, અને જેમની હાલતો, કાર્યો, તેમજ તેમનું અંતર અને બાહય સ્વચ્છ અને પવિત્ર હોય.

**શાને નુઝૂલ** :- હઝરત સૌબાન સય્યિદે આલમં સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે હદ દરજ્જાની મહોબ્બત ધરાવતા હતા, વિયોગ વેઠી શકતા ન હતા, એક દિવસ એટલા બધા ચિંતાતુર અને નરવશ થઈને હાજર થયા કે મુખનો રંગ બદલાઈ ગયો હતો, હુઝૂરે પૂછ્યું, ''આજે રંગ કેમ બદલાએલો છે?" તેમણે વિનવ્યું;

''ન મને કોઈ રોગ છે, ન તો કોઈ દુઃખ, સિવાય કે જ્યારે હુઝૂર સામે નથી હોતા, ત્યારે હદ દરજ્જાની વ્યગ્રતા અને પરેશાની થઈ જાય છે, જયારે આખિરતનો વિચાર કરું છું, ત્યારે એ ચિંતા થાય છે કે ત્યાં હું કઈ રીતે દર્શન પામી શકીશ, આપ તો ઉચ્ચતમ સ્થાને હશો. મને અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી જન્નત આપી તો પણ તે ઉચ્ચ સ્થાન સુધી પહોંચ ક્યાં?"

ત્યારે આ આયતે કરીમા ઉતરી અને તેમને શાંત્વન આપવામાં આવ્યું કે દરજ્જાઓમાં તફાવત છતાં આજ્ઞાંકિતો હાજરી અને સાથની નેઅમતથી માલામાલ કરવામાં આવશે.

૧૧૨. શત્રુના નિશાનથી સાવધ રહો, અને તેને તમારા પર (હુમલો કરવાનો) મોકો ન આપો. એક કથન એ છે કે, હથિયાર સાથે રાખો.

મદદગાર આપ (૭૫) ઇમાનવાળાઓ અલ્લાહના માર્ગમાં લડે છે,[૧૧૭] અને કાફિરો શયતાનના રસ્તામાં લડે છે. તો શયતાનના મિત્રોથી[૧૧૮] લડો, બેશક! શયતાનનો દાવ અશક્ત છે[૧૧૯] (૭૬) શું તમે તેમને ન જોયા જેમને કહેવામાં આવ્યું, તમારા હાથ રોકી લો,[૧૨૦] અને નમાઝ કાયમ કરો, અને ઝકાત આપો. પછી જ્યારે તેમના પર જિહાદ ફર્ઝ કરવામાં આવ્યું,[૧૨૧] તો તેમનામાં અમુક લોકોથી એવા ડરવા લાગ્યા જેવા અલ્લાહથી ડરે, અથવા એથી પણ વધારે.[૧૨૨] અને બોલ્યા, અય અમારા રબ! તેં અમારા પર જિહાદ કેમ ફર્ઝ કર્યું?[૧૨૩] થોડી મુદત સુધી અમને હજુ જીવવા દીધા હોત. તમે ફરમાવી દો કે દુનિયાનો વપરાશ થોડો છે[૧૨૪] અને ડરવાવાળાઓ માટે આખિરત સારી. અને તમારા પર દોરા જેટલો (પણ) જુલ્મ નહિ થાય[૧૨૫] (૭૭) તમે ગમે ત્યાં હોવ, મોત તમને પામી લેશે,[૧૨૬] ભલે પછી મજબુત કિલ્લાઓમાં હોવ. અને તેમને કોઇ ભલાઇ પહોંચે[૧૨૭] તો કહે, આ અલ્લાહ તરફથી છે અને તેમને

والمحصنٰت ٥ ١٤١ النسآء ٤

مِن لَّدُنكَ نَصِيرًا ﴿٧٥﴾ الَّذِينَ آمَنُوا يُقَاتِلُونَ فِي
سَبِيلِ اللَّهِ ۖ وَالَّذِينَ كَفَرُوا يُقَاتِلُونَ فِي سَبِيلِ
الطَّاغُوتِ فَقَاتِلُوا أَوْلِيَاءَ الشَّيْطَانِ ۖ إِنَّ كَيْدَ
الشَّيْطَانِ كَانَ ضَعِيفًا ﴿٧٦﴾ أَلَمْ تَرَ إِلَى الَّذِينَ قِيلَ لَهُمْ
كُفُّوا أَيْدِيَكُمْ وَأَقِيمُوا الصَّلَاةَ وَآتُوا الزَّكَاةَ فَلَمَّا
كُتِبَ عَلَيْهِمُ الْقِتَالُ إِذَا فَرِيقٌ مِّنْهُمْ يَخْشَوْنَ النَّاسَ
كَخَشْيَةِ اللَّهِ أَوْ أَشَدَّ خَشْيَةً ۚ وَقَالُوا رَبَّنَا لِمَ كَتَبْتَ
عَلَيْنَا الْقِتَالَ لَوْلَا أَخَّرْتَنَا إِلَىٰ أَجَلٍ قَرِيبٍ ۗ قُلْ
مَتَاعُ الدُّنْيَا قَلِيلٌ وَالْآخِرَةُ خَيْرٌ لِّمَنِ اتَّقَىٰ وَلَا
تُظْلَمُونَ فَتِيلًا ﴿٧٧﴾ أَيْنَ مَا تَكُونُوا يُدْرِككُّمُ الْمَوْتُ
وَلَوْ كُنتُمْ فِي بُرُوجٍ مُّشَيَّدَةٍ ۗ وَإِن تُصِبْهُمْ حَسَنَةٌ

**મસઅલો** :- આનાથી જણાયું કે દુશ્મનના મુકાબલામાં પોતાના બચાવની તદબીર કરવી જાઈઝ છે.

૧૧૩. એટલે કે મુનાફિકો.

૧૧૪. તમારો વિજય થાય, અને તમને ગનીમત (યુદ્ધમાંથી પ્રાપ્ત થયેલી દોલત અને સાધન સામગ્રી) મળે

૧૧૫. તે જે કે જેની બોલીથી પુરવાર થાય છે.

૧૧૬. અર્થાત જિહાદ ફર્ઝ છે, તેને છોડવાનું કોઈ કારણ તમારી પાસે નથી.

૧૧૭. આ આયતમાં મુસલમાનોને જિહાદ પ્રતિ ઉભારવામાં આવ્યા છે. જેથી તેઓ તે મુસલમાનોને કાફિરોના અત્યાચારી પંજામાંથી મુક્તિ અપાવે, જેમને મક્કા મુકર્રમામાં કાફિરોએ કેદ પકડી રાખ્યા હતા, અને જાત જાતના કષ્ટો આપી રહ્યા હતા, અને તેમની સ્ત્રીઓ તથા બાળકો ઉપર પણ નિર્દયપણે જુલ્મ કરતા હતા, અને તે લોકો એમના હાથોમાં લાચાર હતા, આવી પરિસ્થિતિમાં તેઓ ખુદા પાસે મુક્તિ અને મદદે ઈલાહી માટે દુઆ માંગતા હતા. તેમની દુઆ કબુલ થઈ અને અલ્લાહ તઆલાએ પોતાના હબીબ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને તેમના વાલી અને મદદગાર બનાવ્યા, અને તેમને મુશ્રિકોના હાથોમાંથી છોડાવ્યા અને મક્કા મુકર્રમા જીતીને તેમની જબરદસ્ત સહાય કરી.

૧૧૮. દીનની બુલંદી અને ખુદાની ખુશી મેળવવા.

૧૧૯. અર્થાત કાફિરોને. અને અલ્લાહની મદદ આગળ તેની શું વિસાત છે.

૧૨૦. **શાને નુઝૂલ** :- યુદ્ધથી પહેલાં મક્કા શરીફમાં મુશરિકો મુસલમાનોને ઘણાં કષ્ટો આપતા હતા. હિજરત પહેલાં સહાબાની એક જમાઅતે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને વિનંતી કરી કે, અમને

يَّقُوْلُوْا هٰذِهٖ مِنْ عِنْدِ اللّٰهِ ۚ وَاِنْ تُصِبْهُمْ سَيِّئَةٌ
يَّقُوْلُوْا هٰذِهٖ مِنْ عِنْدِكَ ۗ قُلْ كُلٌّ مِّنْ عِنْدِ اللّٰهِ ۗ فَمَالِ
هٰٓؤُلَآءِ الْقَوْمِ لَا يَكَادُوْنَ يَفْقَهُوْنَ حَدِيْثًا ﴿٧٨﴾ مَآ
اَصَابَكَ مِنْ حَسَنَةٍ فَمِنَ اللّٰهِ ۫ وَمَآ اَصَابَكَ مِنْ سَيِّئَةٍ
فَمِنْ نَّفْسِكَ ۗ وَاَرْسَلْنٰكَ لِلنَّاسِ رَسُوْلًا ۗ وَكَفٰى
بِاللّٰهِ شَهِيْدًا ﴿٧٩﴾ مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ ۚ
وَمَنْ تَوَلّٰى فَمَآ اَرْسَلْنٰكَ عَلَيْهِمْ حَفِيْظًا ﴿٨٠﴾ وَيَقُوْلُوْنَ
طَاعَةٌ ۡ فَاِذَا بَرَزُوْا مِنْ عِنْدِكَ بَيَّتَ طَآئِفَةٌ مِّنْهُمْ
غَيْرَ الَّذِيْ تَقُوْلُ ۚ وَاللّٰهُ يَكْتُبُ مَا يُبَيِّتُوْنَ ۚ فَاَعْرِضْ
عَنْهُمْ وَتَوَكَّلْ عَلَى اللّٰهِ ۚ وَكَفٰى بِاللّٰهِ وَكِيْلًا ﴿٨١﴾ اَفَلَا
يَتَدَبَّرُوْنَ الْقُرْاٰنَ ۚ وَلَوْ كَانَ مِنْ عِنْدِ غَيْرِ اللّٰهِ

કોઈ બુરાઈ પહોંચે,[128] તો કહે; આ હુઝૂર તરફથી આવી.[129] તમે કહી દો; બધું જ અલ્લાહ તરફથી છે.[130] તો આ લોકોનુ શું થયું! કોઈ વાત સમજતા જણાતા જ નથી (૭૮) અય સાંભળનાર! તને જે ભલાઈ પહોંચે તે અલ્લાહ તરફથી છે[131] અને જે બુરાઈ પહોંચે તે તારા પોતાનાતરફથી છે.[132] અને અય મહબૂબ! અમે તમને બધા લોકો માટે રસૂલ (બનાવીને) મોકલ્યા.[133] અને અલ્લાહ પુરતો છે ગવાહ[134] (૭૯) જેણે રસૂલનો હુકમ માન્યો[135], અને જેણે મોઢું ફેરવ્યું[136], તો અમે તમને તેઓને બચાવવા માટે નથી મોકલ્યા (૮૦) અને કહે છે અમે હુકમ માન્યો[137], પછી જ્યારે તમારા પાસેથી નીક-ળીને જાય છે, ત્યારે તેમનામાં એક ટોળકી તેઓ જે કહી ગયા હતા તેની વિરુધ્ધ રાત્રે યોજનાઓ ઘડે છે અને અલ્લાહ લખી રાખે છે તેમની રાત્રીની યોજનાઓ[138], તો અય મહબૂબ ! તમે એમનાથી આંખ આડા કાન કરો, અને અલ્લાહ પર વિશ્વાસ રાખો. અને અલ્લાહ (કામ) બનાવવા પૂરતો છે (૮૧) તો શું કુર્આનમાં ચિંતન નથી કરતા ?[139] અને જો તે ખુદા સિવાય અન્ય તરફથી હોત,

લડવાની પરવાનગી આપોતેઓતેમને ખૂબ સતાવે અને દુઃખ આપે છે. હુઝૂરે ફરમાવ્યું, તેમની સામે લડવાથી હાથ રોકો. નમાઝ અને ઝકાત જે તમારા પર ફર્ઝ છે તેને અદા કરતા રહો.

ફાયદો :- આનાથી જણાયું કે નમાઝ અને ઝકાત જિહાદ કરતાં પહેલાં ફર્ઝ થયાં.

૧૨૧. મદીના શરીફમાં અને બદ્ર (ની લડાઈમાં) હાજર થવાનો આદેશ આપવામાં આવ્યો.

૧૨૨. ડર સ્વાભાવિક હતો મનુષ્યની પ્રકૃતિ જ એવી છે કે મૃત્યુ અને નાશથી ગભરાય છે, અને ડરે છે.

૧૨૩. એનું રહસ્ય શું છે? આ સવાલ એનું કારણ જાણવા માટે હતો, વાંધો ઉઠાવવા માટે ન હતો. એટલા માટે જ તેમને આ પ્રશ્ન બદલ ધમકાવવામાં આવ્યા નહિ, બલ્કે સંતોષકારક જવાબ આપવામાં આવ્યો.

૧૨૪. નાશવંત અને મટી જનાર છે.

૧૨૫. અને તમારો બદલો ઓછો કરવામાં નહિ આવે, માટે જિહાદમાં સોચ, વિચાર કે પાછીપાની ન કરો.

૧૨૬. અને એનાથી છુટકારો મેળવવાનો કોઈ માર્ગ નથી, અને જ્યારે મૃત્યુ અનિવાર્ય છે, તો પછી પથારી પર મરવા કરતાં ખુદાના માર્ગમાં જીવ આપવો ઉત્તમ છે, કારણ કે એ આખિરતની નેકબખ્તીનું કારણ છે.

૧૨૭. સોંઘવારી અને ખેતીવાડીની આવકમાં વધારો વિગેરે.

૧૨૮. મોંઘવારી, દુકાળ વિગેરે.

**તો જરૂર તેમાં ઘણા વિરોધા ભાસ જોતા[૧૪૦] (૮૨) અને જ્યારે તેમની પાસે કોઈ વાત સંતોષ[૧૪૧] અથવા ડર[૧૪૨] ની આવે છે, (ત્યારે) તેનો પ્રચાર કરી બેસે છે[૧૪૩]. અને જો તેમાં રસૂલ અને પોતાના અધિકૃત લોકો[૧૪૪] પ્રતિ કેંદ્રિત થાત[૧૪૫] તો અવશ્ય તેમનાથી એની હકીકત જાણી લેત, તેઓ જે પછી મેહનત કરે છે.[૧૪૬] અને જો તમારા પર અલ્લાહ નો ફઝલ[૧૪૭], અને તેની રહમત[૧૪૮] ન હોત, તો જરૂર તમે શયતાનની પાછળ ચાલી નીકળત[૧૪૯] પણ થોડા[૧૫૦] (૮૩) તો અય મહબૂબ! અલ્લાહના રસ્તામાં લડો. તમને તકલીફ આપવામાં નહીં આવે પણ તમારા દમની[૧૫૧]. અને મુસલમાનોને ઉત્સાહિત કરો[૧૫૨], નજીક છે કે અલ્લાહ કાફિરોની સખ્તી રોકી લે[૧૫૩]. અને અલ્લાહની આંચ સહુથી વધારે સખત છે, અને તેનો અઝાબ સર્વથી કડક (૮૪) જે સારી ભલામણ કરે[૧૫૪] તેના માટે તેમાં હિસ્સો છે.[૧૫૫] અને જે ખરાબ ભલામણ કરે, તેના માટે તેમાંથી હિસ્સો છે.[૧૫૬] અને અલ્લાહ દરેક વસ્તુ પર અધિપતિ છે (૮૫) અને જ્યારે તમને કોઈ અમુક શબ્દોથી સલામ કરે, ત્યારે**

والمحصنت ٥ — النسآء ٤

لَوَجَدُوا فِيهِ اخْتِلَافًا كَثِيرًا ﴿٨٢﴾ وَإِذَا جَاءَهُمْ أَمْرٌ مِّنَ
الْأَمْنِ أَوِ الْخَوْفِ أَذَاعُوا بِهِ ۖ وَلَوْ رَدُّوهُ إِلَى
الرَّسُولِ وَإِلَىٰ أُولِي الْأَمْرِ مِنْهُمْ لَعَلِمَهُ الَّذِينَ
يَسْتَنْبِطُونَهُ مِنْهُمْ ۗ وَلَوْلَا فَضْلُ اللَّهِ عَلَيْكُمْ وَرَحْمَتُهُ
لَاتَّبَعْتُمُ الشَّيْطَانَ إِلَّا قَلِيلًا ﴿٨٣﴾ فَقَاتِلْ فِي سَبِيلِ
اللَّهِ لَا تُكَلَّفُ إِلَّا نَفْسَكَ ۚ وَحَرِّضِ الْمُؤْمِنِينَ ۖ
عَسَى اللَّهُ أَنْ يَكُفَّ بَأْسَ الَّذِينَ كَفَرُوا ۚ وَاللَّهُ أَشَدُّ
بَأْسًا وَأَشَدُّ تَنْكِيلًا ﴿٨٤﴾ مَنْ يَشْفَعْ شَفَاعَةً حَسَنَةً
يَكُنْ لَهُ نَصِيبٌ مِّنْهَا ۖ وَمَنْ يَشْفَعْ شَفَاعَةً سَيِّئَةً
يَكُنْ لَهُ كِفْلٌ مِّنْهَا ۗ وَكَانَ اللَّهُ عَلَىٰ كُلِّ شَيْءٍ مُّقِيتًا ﴿٨٥﴾
وَإِذَا حُيِّيتُمْ بِتَحِيَّةٍ فَحَيُّوا بِأَحْسَنَ مِنْهَا أَوْ رُدُّوهَا

૧૨૯. આ હાલત મુનાફિકોની છે. જ્યારે તેમને કોઈ મુસીબત આવતી ત્યારે તેનો સંબંધ હુઝૂર સાથે જોડી દેતા, અને કહેતા કે જ્યારથી આ આવ્યા છે, ત્યારથી આવાં જ કષ્ટોનો સામનો થાય છે.

૧૩૦. સોંઘવારી હોય કે મોંઘવારી, દુકાળ હોય કે સુકાળ, રંજ હોય કે રાહત, આરામ હોય કે તકલીફ, વિજય હોય કે પરાજય, વાસ્તવમાં બધું અલ્લાહથી જ છે.

૧૩૧. તેની કૃપા અને રહમત છે.

૧૩૨. કે તેં એવા ગુનાહો કર્યા, જેથી તુ એના લાયક ઠર્યો.

**મસઅલો** :- અહીં બુરાઈનો સંબંધ બન્દા સાથે ઉપલકિયો છે, અને ઉપર જે બયાન થયું (બધું જ અલ્લાહ તરફથી છે તે વાસ્તવિક છે.) મુફસ્સિરોએ કહયું કે, બુરાઈની નિસ્બત બન્દા સાથે અદબની રૂએ છે. ખુલાસો એ કે બન્દો જ્યારે મૂળભૂત કર્તા (ફાઈલે હકીકી) તરફ દ્રષ્ટિ કરે, તો દરેક વસ્તુ તેના તરફથી જ જાણે અને જ્યારે સાધનો તરફ જુએ, ત્યારે બુરાઈઓને પોતાના નફસની બદબખ્તીના કારણે જાણે.

૧૩૩. અરબ હોય કે અજમ, આપ તમામ મખ્લૂક માટે રસૂલ બનાવવામાં આવ્યા છો, અને આખી દુનિયા આપની ઉમ્મતી બનાવી દેવામાં આવી. આ સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના ઉચ્ચ દરજ્જા અને મહાન હોદ્દાનું બયાન છે.

૧૩૪. આપની રિસાલત આમ છે, માટે તમામ પર આપની તાબેદારી અને ફરમાંબરદારી ફર્ઝ છે.

૧૩૫. **શાને નુઝૂલ** :- રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું, "જેણે મારી તાબેદારી કરી તેણે અલ્લાહની તાબેદારી કરી, અને જેણે મારી સાથે મહોબ્બત રાખી તેણે અલ્લાહ સાથે મહોબ્બત

રાખી.'' તે વખતે આજના ગુસ્તાખ બદદીનોની જેમ તે સમયના અમુક મુનાફિકોએ કહયું, 'મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) એવું ઈચ્છે છે કે આપણે એમને ખુદા માની લઈએ, જેવી રીતે નસારાએ ઈસા ઈબ્ને મરયમને ખુદા માની લીધા.' ત્યારે અલ્લાહ તઆલાએ તેમને રદીયો આપવા આ આયત ઉતારી, અને પોતાના હબીબ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની વાતને ટેકો આપ્યો કે બેશક! રસૂલની તાબેદારી અલ્લાહની તાબેદારી છે.

૧૩૬. અને આપની તાબેદારી ન કરી.

૧૩૭. **શાને નુઝૂલ** :- આ આયત મુનાફિકો વિષે ઉતરી, જેઓ સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની હાજરીમાં તાબેદાર અને ઈમાનદાર હોવાનો ડોળ કરતા હતા, અને કહેતા હતા કે અમે હુઝૂર પર ઈમાન લાવ્યા છીએ, અને હુઝૂરની સત્યતા સ્વીકારી છે, હુઝૂર અમને જે હુકમ કરે તેને બજાવવો અમારા પર જરૂરી છે.

૧૩૮. તેમના આમાલનામાઓમાં, અને એમને તેનો બદલો આપશે.

૧૩૯. અને તેના ઈલ્મો અને હિકમતોને નથી જોતા તેણે પોતાની ફસાહત (શ્રેષ્ઠ ભાષા અને સંબોધનની ઉત્તમ રીત) દ્વારા તમામ મખ્લૂકને લાજવાબ કરી મૂકી છે, અને ગૈબી ખબરો મારફત મુનાફિકોનાં કાર્યો અને તેમની ચાલબાજીઓના ભેદ ખોલી કાઢયા છે, તેમજ આગલા પાછલાઓની ખબરો આપી છે.

૧૪૦. અને ભવિષ્ય વિષે ભાખેલી વાણી સત્ય ન ઠરત. પણ એવું ન થયું, અને ભવિષ્યના બનાવો કુરઆને આપેલી ખબર અનુસાર બનતા ગયા, તો એનાથી જણાયું કે સાચે જ આ કિતાબ અલ્લાહ તરફથી જ છે, અને એમાં બયાન થએલી બાબતોમાં પણ વિરોધભાસ નથી. એવી જ રીતે ફસાહત અને બલાગતમાં પણ કારણ કે મખ્લૂકનું કલામ ફસાહતવાળુ હોય તો પણ બધું સરખું નથી હોતું, થોડુક ફસાહતવાળુ હોય છે તો થોડુક ઉતરતી કક્ષાનું, જેવું કે શાઈરો, ભાષા શાસ્ત્રીઓના કલામમાં જોવા મળે છે, કે અમુકની ગુણવત્તા શ્રેષ્ઠ અને અમુક નીચલા ધોરણનું, એ તો અલ્લાહ તઆલાના જ કલામની શાન છે કે પહેલેથી અંત સુધી સુભાષાના સર્વોચ્ચ શિખર પર છે.

૧૪૧. અર્થાત ઈસ્લામનો વિજય.

૧૪૨. એટલે કે મુસલમાનોના પરાજયના સમાચાર.

૧૪૩. જે ખરાબીનું કારણ બને છે, કારણ કે મુસ્લિમોના વિજયની ખબરથી કાફિરોને જોમ ચઢે છે, અને પરાજયના સમાચારથી મુસ્લિમોની હિમ્મત તૂટે છે.

૧૪૪. મહાન સહાબા જેઓ નિર્ણય શક્તિ ધરાવનાર અને સમજદારીવાળા છે.

૧૪૫. અને પોતે કંઈ ડખલ ન કરત.

**મસઅલો** :- તફસીરકારો કહે છે કે આ આયતમાં કિયાસ (કુરઆન હદીષમાંથી મસાઈલ તારવવા) જાઈઝ હોવાની દલીલ છે. એ પણ જણાયું કે એક ઈલ્મ તો તે છે જે સ્પષ્ટ રીતે કુરઆન અને હદીષથી પ્રાપ્ત થાય. અને એક ઈલ્મ તે છે જે કુરઆન અને હદીષ દ્વારા ચિંતન કરીને પ્રાપ્ત થાય છે.

૧૪૬. **મસઅલો** :-'એ પણ જણાયું કે દીની બાબતોમાં દરેક માણસને ડખલ દેવી જાઈઝ નથી, જે એને લાયક હોય તેને સોંપી દેવું જોઈએ.

૧૪૭. રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનું જાહેર થવું.

૧૪૮. કુરઆન ઉતરવું.

والمحصنت ٥ — النساء ٤

إن الله كان على كل شيء حسيبا ﴿٨٦﴾ الله لا إله إلا
هو ليجمعنكم إلى يوم القيامة لا ريب فيه ومن
أصدق من الله حديثا ﴿٨٧﴾ فما لكم في المنفقين
فئتين والله أركسهم بما كسبوا أتريدون أن
تهدوا من أضل الله ومن يضلل الله فلن تجد
له سبيلا ﴿٨٨﴾ ودوا لو تكفرون كما كفروا فتكونون
سواء فلا تتخذوا منهم أولياء حتى يهاجروا في
سبيل الله فإن تولوا فخذوهم واقتلوهم حيث
وجدتموهم ولا تتخذوا منهم وليا ولا نصيرا ﴿٨٩﴾
إلا الذين يصلون إلى قوم بينكم وبينهم ميثاق
أو جاءوكم حصرت صدورهم أن يقاتلوكم

તમે તેનાથી ઉત્તમ શબ્દ ઉત્તરમાં કહો, અથવા તેજ કહી આપો. બેશક! અલ્લાહ દરેક વસ્તુ પર હિસાબ લેનાર છે[157] (૮૬) અલ્લાહ કે તેના સિવાય અન્યની પૂજા નથી, અને તે તેમને કયામતના દિવસે જરૂર ભેગા કરશે, જેમાં કંઈ જ શંકા નથી, અને અલ્લાહથી વધુ કોની વાત સાચી?[158] (૮૭) તો તમને શું થયું કે મુનાફિકો બાબતે બે પક્ષો પડી ગયા[159], અને અલ્લાહે તેમને ઊંધા કરી દીધા[160], તેમના કરતૂતોના કારણે[161] શું એવું ઈચ્છો છો કે તેને માર્ગ બતાવો જેને અલ્લાહે ભટકાવી મૂક્યો. અને જેને અલ્લાહ ભટકાવે, તો તુ કદાપિ તેના માટે માર્ગ જોઈશ નહિ (૮૮) તેઓ તો એવું ઈચ્છે છે કે ક્યાંક તમે પણ કાફિર બની જાવ, જેવા તે કાફિર બન્યા, જેથી તમે બધા સરખા થઈ જાઓ. તો તેમનામાં કોઈને પોતાનો મિત્ર ન બનાવો[162] જ્યાં સુધી અલ્લાહના માર્ગમાં ઘરબાર ન છોડે[163] પછી જો તેઓ મોઢું ફેરવે[164], તો તેમને પકડો, અને જ્યાં પામો ત્યાં કત્લ કરો અને તેમનામાં ન કોઈને મિત્ર ઠેરવો ન મદદગાર[165] (૮૯) પણ તેઓ જે એવી કોમ સાથે સંબંધ ધરાવે છે કે તમારે અને તેમને કરાર છે[166], અથવા તમારી પાસે એ હાલતમાં આવ્યા કે તેમના

૧૪૯. અને કુફ્ર તથા ગુમરાહીમાં સપડાએલ રહેત,

૧૫૦. તે લોકો જે રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના જાહેર થતાં અને કુરઆન ઉતરતાં પહેલાં ઈમાન લાવ્યા, જેમ કે ઝેદ બિન અમ્ર, વર્કા બિન નૌફલ અને કૈસ બિન સાઈદા.

૧૫૧. કોઈ તમને સાથ આપે કે ન આપે. તમે એકલા જ કેમ ન રહી જાવ.

૧૫૨. **શાને નુઝૂલ** :- બદરે સુગ્રા (નાનું બદ્ર)ની લડાઈ જે અબૂ સુફિયાન સાથે નક્કી થઈ ચૂકી હતી, જ્યારે તેનો સમય આવી લાગ્યો ત્યારે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે લોકોને ત્યાં (લડવા) જવાનું નિમંત્રણ આપ્યું. અમુક લોકોને આ અઘરું લાગ્યું ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી, અને પોતાના હબીબ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને હુકમ આપ્યો કે તમે જિહાદ ત્યજશો નહિ, ભલે એકલા રહી જાઓ, અલ્લાહ તમારો સહાયક છે, તેનો વાયદો સાચો છે, આ હુકમ પછી સરવરે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ બદરે સુગ્રા માટે ઉપડી ગયા, માત્ર ૭૦ અસ્વાર આપની સાથે હતા.

૧૫૩. અને તેમને જિહાદનો શાખ અપાવો.

૧૫૪. જેમકે એવું જ બન્યું કે મુસલમાનોનું આ નાનું સરખું સૈન્ય સફળ થઈને પાછુ ફર્યું, અને કાફિરો એવા ડઘાયા કે મુસલમાનોના સામના માટે મેદાનમાં આવી શક્યા નહિ.

**મસઅલો** :- આ આયતથી જણાયું કે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ બહાદુરીમાં પણ સર્વોત્તમ છે. આપને એકલા જ કાફિરોના સામના માટે જવાનો હુકમ થયો, અને આપ તૈયાર થઈ ગયા.

૧૫૫. સારો બદલો અને અજર.

دِلोમાં હિમ્મત ન રહી જેથી તમારી સાથે લડે અથવા પોતાની કોમ સાથે લડે, અને અલ્લાહ ઈચ્છતે તો જરૂર તેમને તમારા પર કાબૂ આપત, તો તેઓ બેશક! તમારી સામે લડતા[૧૬૭], પછી જો તેઓ તમારાથી કિનારો કરે, અને લડે નહિ અને સુલેહનો સંદેશ આપે, તો અલ્લાહે તમને તેમના પર કોઈ માર્ગ (લડવા માટે) ન રાખ્યો[૧૬૮] (૯૦) હવે અમુક બીજા તમે એવા પામશો જેઓ એવું ઈચ્છે છે કે તમારાથી પણ શાંતિમાં (નચિંત) રહે અને પોતાની કોમથી પણ શાંતિમાં રહે[૧૬૯], જ્યારે કદી તેમની કોમ તેમને ફસાદ[૧૭૦] તરફ પલટાવે ત્યારે તેના પર ઊંધા ગબડે છે, પછી જો તેઓ તમારાથી અડગા ન રહે, અને[૧૭૧] સુલહનું ડોકું ન નમાવે, અને પોતાના હાથ ન રોકે, તો તેમને પકડો અને જ્યાં પામો ત્યાં કત્લ કરો. અને આ છે જેમના પર અમે તમને સ્પષ્ટ અધિકાર આપ્યો[૧૭૨] (૯૧) અને મુસલમાનને છાજતું નથી કે મુસલમાનનું ખૂન કરે પણ હાથ ડાકો પડીને[૧૭૩] અને જે કોઈ મુસલમાનને અજાણતામાં મારી નાખે તો તેની પર એક ગુલામ મુસલમાનને છોડવાનું છે, અને ખૂન બહા (દંડ રૂપે નક્કી થયેલી રકમ અથવા વસ્તુ), જે મરાએલાના લોકોને સુપરત કરવામાં આવે[૧૭૪] પરંતુ એ કે તેઓ માફ કરી દે. પછી

والمحصنٰت ٥ — النساء ٤

أَوْ يُقَاتِلُوا قَوْمَهُمْ ۚ وَلَوْ شَاءَ اللَّهُ لَسَلَّطَهُمْ عَلَيْكُمْ
فَلَقَاتَلُوكُمْ ۚ فَإِنِ اعْتَزَلُوكُمْ فَلَمْ يُقَاتِلُوكُمْ وَأَلْقَوْا إِلَيْكُمُ
السَّلَمَ فَمَا جَعَلَ اللَّهُ لَكُمْ عَلَيْهِمْ سَبِيلًا ﴿٩٠﴾ سَتَجِدُونَ
آخَرِينَ يُرِيدُونَ أَنْ يَأْمَنُوكُمْ وَيَأْمَنُوا قَوْمَهُمْ
كُلَّمَا رُدُّوا إِلَى الْفِتْنَةِ أُرْكِسُوا فِيهَا ۚ فَإِنْ لَمْ
يَعْتَزِلُوكُمْ وَيُلْقُوا إِلَيْكُمُ السَّلَمَ وَيَكُفُّوا أَيْدِيَهُمْ
فَخُذُوهُمْ وَاقْتُلُوهُمْ حَيْثُ ثَقِفْتُمُوهُمْ ۚ وَ
أُولَٰئِكُمْ جَعَلْنَا لَكُمْ عَلَيْهِمْ سُلْطَانًا مُبِينًا ﴿٩١﴾ وَمَا
كَانَ لِمُؤْمِنٍ أَنْ يَقْتُلَ مُؤْمِنًا إِلَّا خَطَأً ۚ وَمَنْ
قَتَلَ مُؤْمِنًا خَطَأً فَتَحْرِيرُ رَقَبَةٍ مُؤْمِنَةٍ وَدِيَةٌ
مُسَلَّمَةٌ إِلَىٰ أَهْلِهِ إِلَّا أَنْ يَصَّدَّقُوا ۚ فَإِنْ

૧૫૬. અઝાબ અને સજા.

૧૫૭. **સલામના મસઅલા** :- સલામ કરવી સુન્નત છે, અને જવાબ આપવો ફર્ઝ છે. અને જવાબમાં શ્રેષ્ઠ તે છે કે સલામ કરનારના સલામ પર અમુક શબ્દો વધારે, દા.ત. પ્રથમ વ્યક્તિ ''અસ્સલામુ અલયકુમ'' કહે ત્યારે બીજો માણસ ''વઅલયકુમુસ્સલામ વરહમતુલ્લાહ'' બોલે. અને પહેલાએ ''વરહમતુલ્લાહ'' પણ કહ્યું હોય, તો આ ''વબરકાતુહ''નો વધારો કરે, એનાથી સલામ અને એના જવાબમાં અન્ય કોઈ વધારો નથી.

કાફિર, ફાસિક, ગુમરાહ, ઈસ્તિનજો કરવામાં મશગુલ હોય એવા મુસલમાનને સલામ ન કરવી જોઈએ, જે માણસ ખુતબો, તિલાવતે કુરઆન, હદીષ, ઈલ્મી ચર્ચા, અઝાન અથવા તકબીરમાં પરોવાએલો હોય તેવાને એવી હાલતમાં સલામ ન કરે અને એમને કોઈ સલામ કરે તો તેમના માથે જવાબ દેવો વાજિબ નથી, અને જે માણસ શતરંજ, ચોસર, પત્તા, ગંજીફો વિગેરે કોઈ નાજાઈઝ રમત રમી રહયો હોય, અથવા ગાવા વગાડવામાં મગ્ન હોય, અથવા પાયખાનામાં કે સ્નાનગૃહમાં હોય, અથવા કારણ વગર નગ્નવસ્થામાં હોય, તેમને સલામ કરવામાં ન આવે.

**મસઅલો** :- આદમી જ્યારે પોતાના ઘરમાં પ્રવેશે ત્યારે પોતાની પત્નીને સલામ કરે. હિન્દુસ્તાનમાં આ ઘણો ખોટો રીવાજ છે કે પતિ-પત્નીના ઊંડા સંબંધો હોવા છતાં એક-મેકને સલામથી વંચિત રાખે છે. સલામ જેને કરવામાં આવે છે તે તેના માટે સલામતીની દુઆ છે.

**મસઅલો** :- ઉત્તમ સવારીવાળો અનુત્તમ સવારીવાળાને, અને અનુત્તમ સવારીવાળો પગે ચાલનારને,

પગપાળા ચાલનાર બેસનારને, નાનો મોટાને અને થોડા વધારેને સલામ કરે.

૧૫૮. અર્થાત તેનાથી વધુ સાચો કોઈ નથી. કારણ કે તેના માટે જૂઠ અશક્ય અને અસંભવ છે, કારણ કે જૂઠ ઐબ છે, અને દરેક ઐબ અલ્લાહ માટે અસંભવ છે, તે તમામ ઐબોથી પવિત્ર છે.

૧૫૯. **શાને નુઝૂલ** :- મુનાફિકોનું એક ટોળું સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે જિહાદમાં ન ગયું, તેમની બાબતે સહાબાએ કિરામમાં બે પક્ષો પડી ગયા, એક પક્ષ તેમને કતલ કરી નાખવાનું કહેતો હતો, જ્યારે બીજો પક્ષ તેમાં સંમંત ન હતો, તે વિષયે આ આયત ઉતરી.

૧૬૦. કે તેઓ હુઝૂર સાથે જિહાદમાં જવાથી મહરૂમ રહયા.

૧૬૧. તેમના કુફ્ર, ઈરતિદાદ અને મુશ્રિકો સાથે ભેગા થવા બદલ તો મુસલમાનોએ પણ તેમના કુફ્ર વિષે મતભેદ ન કરવો જોઈએ.

૧૬૨. આ આયતમાં કાફિરોની મિત્રાચારી મના કરવામાં આવી, ભલે પછી તે ઈમાનનો દેખાવ કરતા હોય.

૧૬૩. અને એ દ્વારા તેમના ઈમાનની પરખ ન થઈ જાય.

૧૬૪. ઈમાન અને હિજરતથી, અને પોતાની હાલત પર અટલ રહે.

૧૬૫. ભલે તમારી દોસ્તીનો દાવો કરતા હોય, અને સહાય માટે તૈયાર હોય તો તેમની સહાય ન સ્વીકારો.

૧૬૬. આ અપવાદ કતલમાંથી છે, કારણ કે કાફિરો અને મુનાફિકો સાથે મૈત્રીકરાર કોઈ પણ પરિસ્થિતિમાં જાઈઝ નથી. અને કરારથી એવા કરાર મુરાદ છે કે તે કૌમને અને જે તે કોમમાં જતો રહે તેને અમાન છે. જેમકે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે મક્કા શરીફ જતી વખતે હિલાલ બિન ઉવૈમર અસ્લમી સાથે કર્યો હતો.

૧૬૭. પરંતુ અલ્લાહ તઆલાએ તેમના હૃદયોમાં રોફ બેસાડી દીધો, અને મુસલમાનોને તેમની અવળ ચંડાઈથી બચાવ્યા.

૧૬૮. કે તમે તેમની સાથે યુદ્ધ કરો, અમુક તફસીર કરનારાઓનું કહેવું છે કે આ હુકમ "ઉકતુલુલ મુશરિકીન હયસુ વજદતુમુહુમ" (મુશ્રિકોને જુઓ ત્યાં ઠાર કરો) વાળી આયત દ્વારા મન્સૂખ થઈ ગયેલ છે.

૧૬૯. **શાને નુઝૂલ** :- મદીના શરીફમાં સઅદ અને ગિતફાન કબીલાના લોકો દેખાવ પુરતો કલેમો પઢીને પોતાને મુસલમાન દેખાડવાનો દંભ કરતા હતા. અને જ્યારે તેમને પોતાની કોમનો કોઈ માણસ મળતો અને પૂછતો કે, "તમે લોકો શેના પર ઈમાન લાવ્યા છો?" ત્યારે તેઓ જવાબ દેતા કે, "વાંદરાઓ, વિછુડાઓ વિગેરે પર." તેમનો હેતુ આનાથી એ હતો કે બન્ને પક્ષો સાથે સંબંધો જાળવી રાખે, અને કોઈ બાજુથી પણ તેમને નુકશાન થાય નહિ, એ લોકો મુનાફિકો હતા, તેમના માટે આ આયત ઉતરી.

૧૭૦. શિર્ક અથવા મુસલમાનો સાથે લડાઈ.

૧૭૧. લડાઈ છોડી દઈને.

૧૭૨. તેમના કુફ્ર, બેવફાઈ, અને મુસલમાનોને હાનિકર્તા હોવાના કારણે.

૧૭૩. અર્થાત ઈમાનવાળો કાફિરોની જેમ "મુબાહુદ્દમ" (જેને અમુક પરિસ્થિતિમાં મારી નાખવાથી કાયદો લાગુ ન પડે તેવો) નથી, જેનો હુકમ ઉપરની આયતમાં ચર્ચાયો. જેથી હક્ક વગર મુસલમાનને મારી નાખવો જાઈઝ નથી. અને મુસલમાનને એ છાજતું નથી કે તેના હાથે કોઈ મુસલમાન મરણ પામે, સિવાય

والمحصنت ٥ النساء ٤

كَانَ مِنْ قَوْمٍ عَدُوٍّ لَّكُمْ وَهُوَ مُؤْمِنٌ فَتَحْرِيرُ
رَقَبَةٍ مُّؤْمِنَةٍ وَإِنْ كَانَ مِنْ قَوْمٍ بَيْنَكُمْ وَبَيْنَهُمْ
مِّيثَاقٌ فَدِيَةٌ مُّسَلَّمَةٌ إِلَىٰ أَهْلِهِ وَتَحْرِيرُ
رَقَبَةٍ مُّؤْمِنَةٍ فَمَنْ لَّمْ يَجِدْ فَصِيَامُ شَهْرَيْنِ
مُتَتَابِعَيْنِ تَوْبَةً مِّنَ اللَّهِ وَكَانَ اللَّهُ عَلِيمًا
حَكِيمًا ﴿٩٢﴾ وَمَنْ يَقْتُلْ مُؤْمِنًا مُّتَعَمِّدًا فَجَزَاؤُهُ
جَهَنَّمُ خَالِدًا فِيهَا وَغَضِبَ اللَّهُ عَلَيْهِ وَلَعَنَهُ
وَأَعَدَّ لَهُ عَذَابًا عَظِيمًا ﴿٩٣﴾ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِذَا
ضَرَبْتُمْ فِي سَبِيلِ اللَّهِ فَتَبَيَّنُوا وَلَا تَقُولُوا لِمَنْ
أَلْقَىٰ إِلَيْكُمُ السَّلَامَ لَسْتَ مُؤْمِنًا تَبْتَغُونَ عَرَضَ
الْحَيَاةِ الدُّنْيَا فَعِنْدَ اللَّهِ مَغَانِمُ كَثِيرَةٌ كَذَٰلِكَ

**જો તે[૧૭૫] આવી કોમનો હોય જે તમારી શત્રુ છે[૧૭૬], અને પોતે મુસલમાન છે. તો માત્ર એક ગુલામ મુસલમાનને છોડાવવું[૧૭૭] અને જો તે એવી કોમમાં હોય, કે તમારી તેમની વચ્ચે કરાર હોય, તો તેના લોકોને ખૂન બહા આપવામાં આવે, અને એક ગુલામ મુસલમાનને છોડાવવો[૧૭૮]. તો જેનો હાથ ન પહોંચે[૧૭૯] તે લગાતાર બે મહિનાના રોઝા રાખે[૧૮૦], આ ખુદાની ત્યાં તેની તવબહ છે. અને અલ્લાહ જાણનાર, હિકમતવાળો છે (૯૨) અને જે કોઈ મુસલમાનને જાણી જોઈને મારી નાખે તો તેનો બદલો જહન્નમ છે, કે મુદતો તેમાં રહેશે[૧૮૧], અને અલ્લાહે તેના પર ગઝબ કર્યો, અને તેના પર લઅનત કરી, અને તેના માટે તૈયાર રાખ્યો મોટો અઝાબ (૯૩) અય ઈમાનવાળાઓ! જ્યારે તમે જિહાદ માટે નીકળો ત્યારે તપાસ કરી લો, અને જે તમને સલામ કરે તેને એવું ન કહો કે તે મુસલમાન નથી[૧૮૨], તમે જીવંત દુનિયાનો અસ્બાબ ઈચ્છો છો, તો અલ્લાહ પાસે ઘણી ગનીમતો (માલ અસ્બાબ) છે. પ્રથમ તમે પણ એવા જ હતા[૧૮૩], પછી અલ્લાહે તમારા પર ઉપકાર કર્યો[૧૮૪], તો તપાસ કરી લેવી તમારા માટે અનિવાર્ય છે[૧૮૫], બેશક! અલ્લાહને**

કે ભૂલથી આમ થાય, જેમકે શિકાર અથવા કાફિરે હર્બી (ઈસ્લામી રાજ્યની શરણાગતિમાં ન હોય એવો કાફિર)ને મારતો હતો, પણ વાર ખાલી જઈને મુસલમાનને વાગ્યું, અથવા કોઈને કાફિરે હર્બી જાણીને માર્યો, પણ તે હતો મુસલમાન વિગેરે.

૧૭૪. અર્થાત તેના વારસદારોને આપવામાં આવે, જેઓ તેને વારસાની જેમ વહેંચી લે. 'ખૂનબહા' (દિયત) મરાએલાના વારસાના હુકમમાં છે, એમાંથી તેનું કરજ પણ ભરપાઈ કરાશે, અને વસિય્યત પણ એમાં લાગુ પડી શકશે.

૧૭૫. જે ભૂલથી મારી નાખવામાં આવ્યો.

૧૭૬. અર્થાત કાફિર.

૧૭૭. લાગુ પડે છે અને 'ખૂનબહા' નથી લાગુ પડતો.

૧૭૮. એટલે કે જો મારી નખાએલ માણસ ઝિમ્મી (ઈસ્લામી રાજ્યની શરણગતિમાં રહેતો કાફિર) હોય તો તેનો તે જ હુકમ છે જે મુસલમાનનો છે.

૧૭૯. અર્થાત તે કોઈ ગુલામનો માલિક ન હોય,

૧૮૦. લગાતાર રોઝા રાખવાનો અર્થ એ છે કે તે રોઝાઓ દરમ્યાન રમઝાન અને "અય્યામે તશરીક" (ઝિલહજ્જ ૯ સુબ્હ સાદિકથી ૧૩ની અસર સુધી) ન આવે, અને વચમાં કારણસર કે વગર કારણે આંતરો પાડવામાં ન આવે.

**શાને નુઝૂલ :-** આ આયત અયાશ બિન રબીઆ મખઝુમી વિષે ઉતરી. તેઓ હિજરત પહેલાં મક્કા

كُنْتُمْ مِّنْ قَبْلُ فَمَنَّ اللّٰهُ عَلَيْكُمْ فَتَبَيَّنُوْا ؕ اِنَّ اللّٰهَ
كَانَ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرًا ﴿٩٤﴾ لَا يَسْتَوِى الْقٰعِدُوْنَ
مِنَ الْمُؤْمِنِيْنَ غَيْرُ اُولِى الضَّرَرِ وَالْمُجٰهِدُوْنَ
فِىْ سَبِيْلِ اللّٰهِ بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ ؕ فَضَّلَ اللّٰهُ
الْمُجٰهِدِيْنَ بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ عَلَى الْقٰعِدِيْنَ
دَرَجَةً ؕ وَكُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى ؕ وَفَضَّلَ اللّٰهُ
الْمُجٰهِدِيْنَ عَلَى الْقٰعِدِيْنَ اَجْرًا عَظِيْمًا ﴿٩٥﴾ دَرَجٰتٍ
مِّنْهُ وَمَغْفِرَةً وَّرَحْمَةً ؕ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿٩٦﴾
اِنَّ الَّذِيْنَ تَوَفّٰىهُمُ الْمَلٰٓئِكَةُ ظَالِمِىْٓ اَنْفُسِهِمْ
قَالُوْا فِيْمَ كُنْتُمْ ؕ قَالُوْا كُنَّا مُسْتَضْعَفِيْنَ فِى الْاَرْضِ ؕ
قَالُوْٓا اَلَمْ تَكُنْ اَرْضُ اللّٰهِ وَاسِعَةً فَتُهَاجِرُوْا

**તમારા કાર્યોની જાણ છે (૯૪) સરખા નથી તે મુસલમાન જેઓ કારણ વગર જિહાદથી બેસી રહે, અને તેઓ કે ખુદાના માર્ગે પોતાના માલ અને પ્રાણો સહિત જિહાદ કરે છે[૧૮૬], અલ્લાહે પોતાના માલો અને પ્રાણો સહિત જિહાદ કરનારાઓનો દરજ્જો બેસી રહેનારાઓ કરતાં મોટો કર્યો[૧૮૭]. અલ્લાહે બધાની સાથે ભલાઈનો વાયદો કર્યો[૧૮૮] અને અલ્લાહે જિહાદવાળાઓને[૧૮૯] બેસી રહેનારાઓ પર મોટા સવાબથી શ્રેષ્ઠતા આપી છે (૯૫) તેના તરફથી દરજ્જાઓ, બખ્શિશ અને રહમત[૧૯૦], અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૯૬) તે લોકો જેમનો જીવ ફરિશ્તાઓ કાઢે છે, એવી હાલતમાં કે તેઓ પોતાના પર જુલ્મ કરતા હતા, તેમને ફરિશ્તાઓ કહે છે, તમે કોનામાં હતા? કહે છે; અમે ધરતીમાં અશક્ત હતા[૧૯૧]. કહે છે; શું ન હતી અલ્લાહની ધરતી વિસ્તૃત? કે તમે તેમાં હિજરત કરત. તો એવાઓનું રહેઠાણ જહન્નમ છે**

શરીફમાં મુસલમાન થયા હતા અને ઘરવાળાઓની બ્હીકે મદીના શરીફમાં આશરો લઈને રહયા હતા. તેમની માને આનાથી ઘણી ચિંતા થઈ અને તેણીએ પોતાના સાવકા પુત્રો હારિસ અને અબૂ જહલને કહયું કે; ''ખુદાની કસમ! જ્યાં સુધી તમે અયાશને મારી પાસે નહિ લઈ આવો, ત્યાં સુધી હું ન તો છાંયડે બેસીશ, ન જમણ ચાખીશ.'' તે બન્ને હારિસ બિન ઝૈદ બિન અબી ઉનેસાને લઈને શોધવા નીકળ્યા, અને મદીના શરીફ જઈને અયાશને ઢુંઢી કાઢયા, તેમને માની હાય વોય, ચિંતા અને ખાવા પીવાનું ત્યજી દેવાના સમાચાર આપ્યા, અને અલ્લાહને વચમાં રાખીને વચન આપ્યું કે અમે ધર્મની બાબતમાં તને કશું કહીશું નહીં, આવી રીતે તેઓ અયાશને મદીનામાંથી કાઢી લાવ્યા, અને મદીનામાંથી બાહર નીકળીને તેમને બાંધ્યા, અને દરેકે સો સો કોરડાઓ ફટકાર્યા, પછી માની પાસે લાવ્યા, ત્યારે માએ કહ્યું કે જ્યાં સુધી તું તારો ધર્મ પલ્ટો નહિ કરે ત્યાં સુધી હું તને બંધન મુક્ત કરવાની નથી, પછી અયાશને બાંધેલી હાલતમાં તડકે નાખી દીધા. આવી મુસીબતોમાં ફસાવાથી અયાશે તેમનું કહેવું માની લીધું, અને પોતાનો મઝહબ છોડી દીધો, ત્યારે હારિસ બિન ઝૈદે અયાશને મહેણું માર્યું કે પહેલાં તું આ ધર્મમાં જ હતો. જો એ ધર્મ સત્ય છે, તો તે સત્યને છોડી દીધું હતું અને જો એ અસત્ય છે, તો તેં અસત્ય સ્વીકાર્યું. આ વાત અયાશને ખૂબ માઠી લાગી અને કહ્યું; ''જા હું તને એકલો પામીશ તો ખુદાની કસમ! જરૂર મારી નાખીશ.'' ત્યાર બાદ અયાશ ફરી મુસલમાન થયા, અને મદીના શરીફ હિજરત કરી ગયા. ત્યાર બાદ હારિશ પણ મુસલમાન થઈ ગયા, અને હિજરત કરીને રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં હાજર થયા. પણ તે દિવસે અયાશ હાજર ન હતા અને તેમને હારિશે ઈસ્લામ અંગીકાર કરવાની ખબર પણ થઈ ન હતી. કુબા પાસે અયાશે હારિશને જોયા

અને તેમને મારી નાખ્યા, લોકોએ કહ્યું, અય અયાશ! તમે ઘણું ખરાબ કર્યું, હારિશ તો મુસલમાન થઈ ગયા હતા. ત્યારે અયાશને ખૂબ પસ્તાવો થયો, સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં હાજર થઈને બનાવ કહી સંભળાવ્યો ને કહ્યું કે મારી નાખતાં સુધી મને તેમની ઈસ્લામ સ્વીકારની ખબર જ ન હતી. ત્યારે આ આયત ઉતરી.

૧૮૧. મુસલમાનને જાણી બુઝીને મારી નાખવું સખ્ત ગુનોહ અને ભારે કબીરા ગુનોહ છે. હદીષ શરીફમાં છે કે ખુદાની પાસે એક જગતનું નાશ પામવું મુસલમાનના ખૂન કરતાં હલ્કુ છે. પછી જો એ ખૂન ઈમાનની અદાવતના કારણે હોય, અને ખૂની એને હલાલ ગણાતો હોય, તો એ કુફ્ર પણ છે.

**ફાયદો** :- ખુલુદનો શબ્દ (જેમાંથી આયતનો 'ખાલિદા' શબ્દ બન્યો છે) લાંબી મુદ્દતના અર્થમાં પણ વપરાય છે, અને ખૂની જો માત્ર દુન્યવી દુશ્મનીથી મુસલમાનનું ખૂન કરે, અને તેના ખૂનને મુબાહ (જાઈઝ) ન ગણે, તો પણ તેની સજા લાંબી મુદ્દત માટે જહન્નમ છે.

**ફાયદો** :- ખુલુદ (અથવા ખાલિદા) જ્યારે લાંબી મુદ્દતના અર્થમાં વપરાયો હોય, ત્યારે કુરઆન શરીફમાં તેની સાથે 'અબદા' શબ્દ આવતો નથી. અને કાફિરો માટે ખુલુદનો શબ્દ હમેશાં માટેના અર્થમાં વપરાય છે, તેથી તેની સાથે અબદ શબ્દનો શબ્દ પણ વાપરવામાં આવ્યો છે.

**શાને નુઝૂલ** :- આ આયત તયક્કસ બિન હમ્બાબા વિષે ઉતરી, તેના ભાઈઓ બની નજ્જાર કબીલામાં મરેલા મળી આવ્યા હતા, અને ખૂનીનો પત્તો મળતો ન હતો. બની નજ્જારે હુઝૂર સલ્લલ્લાહો લયહિ વસલ્લમના હુકમ મુજબ દિયત (બદલા રૂપે અમુક માલ) આપી દીધી હતી. ત્યાર બાદ શયતાનના બહેકાવવાથી તયક્કસે એક મુસલમાનને અસાવધાનીમાં મારી નાખ્યો. અને (મળેલા) દિયતનાં ઊંટ લઈને મક્કા તરફ ચાલી નીકળ્યો, અને મુરતદ થઈ ગયો. ઈસ્લામના ઈતિહાસમાં આ માણસ પ્રથમ મુરતદ (મુસલમાન થયા પછી કાફિર બની ગયેલ) છે.

૧૮૨. અથવા જેનામાં ઈસ્લામી એંધાણી અથવા નિશાની જુઓ, તેનાથી પોતાના હાથ રોકી લો, અને જ્યાં સુધી તેનું કુફ્ર સાબિત ન થઈ જાય ત્યાં સુધી તેની પર હાથ ન નાખો.

અબૂ દાવૂદ અને તિરમિઝીની હદીષમાં છે કે સરવરે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ જ્યારે કોઈ લશ્કર રવાના કરતા ત્યારે આદેશ આપતા હતા કે, ''જો તમે મસ્જિદ જુઓ અથવા અઝાનનો અવાજ સાંભળો તો કત્લ કરશો નહિ.''

**મસઅલો** :- ઘણા ખરા ફકીહો (ધર્મશાસ્ત્રીઓ)નું કહેવું છે કે, જો યહૂદી અથવા નસરાની એવું કહે કે હું મોમિન છું તો એને મોમિન માનવામાં નહિ આવે, કારણ કે તેઓ પોતાના અકીદાને જ ઈમાન કહે છે અને ''લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ'' પઢે તો પણ તેના મુસલમાન હોવાનો હુકમ નહીં અપાય. જ્યાં સુધી કે તે પોતાના ધર્મથી નિ:સંબંધ હોવાનું જાહેર કરી તેના અસત્ય હોવાનો સ્વીકાર ન કરે. આથી જણાયું કે જે વ્યક્તિ કોઈ કુફ્રમાં ખરડાએલી હોય, તેના માટે તે કુફ્રને કુફ્ર સમજવું અને તેનાથી બેઝારી (અલિપ્તતા) જાહેર કરવી અનિવાર્ય છે.

૧૮૩. અર્થાત જ્યારે તમે ઈસ્લામમાં પ્રવેશ્યા હતા, ત્યારે તમારી જીભેથી કલમએ શહાદત સાંભળી તમારા પ્રાણ અને માલ રક્ષાએલા જાહેર કરી દેવાયા હતા અને તમારૂ એલાન અર્થહિન ગણવામાં ન આવ્યું હતું. ઈસ્લામ પ્રવેશ કરનારાઓ સાથે તમારે પણ આવું જ વર્તન રાખવું જોઈએ.

**શાને નુઝૂલ** :- આ આયત મરદાસ બિન નહીક બાબત ઉતરી, જેઓ ફિદકવાળાઓમાંથી હતા. અને

والمحصنٰت ٥ النساء ٤

فِيهَا ۚ فَأُولَٰئِكَ مَأْوَاهُمْ جَهَنَّمُ ۖ وَسَاءَتْ مَصِيرًا ﴿٩٧﴾
إِلَّا الْمُسْتَضْعَفِينَ مِنَ الرِّجَالِ وَالنِّسَاءِ
وَالْوِلْدَانِ لَا يَسْتَطِيعُونَ حِيلَةً وَلَا يَهْتَدُونَ
سَبِيلًا ﴿٩٨﴾ فَأُولَٰئِكَ عَسَى اللَّهُ أَنْ يَعْفُوَ عَنْهُمْ ۚ
وَكَانَ اللَّهُ عَفُوًّا غَفُورًا ﴿٩٩﴾ وَمَنْ يُهَاجِرْ فِي
سَبِيلِ اللَّهِ يَجِدْ فِي الْأَرْضِ مُرَاغَمًا كَثِيرًا
وَسَعَةً ۚ وَمَنْ يَخْرُجْ مِنْ بَيْتِهِ مُهَاجِرًا إِلَى
اللَّهِ وَرَسُولِهِ ثُمَّ يُدْرِكْهُ الْمَوْتُ فَقَدْ وَقَعَ
أَجْرُهُ عَلَى اللَّهِ ۗ وَكَانَ اللَّهُ غَفُورًا رَحِيمًا ﴿١٠٠﴾ وَإِذَا
ضَرَبْتُمْ فِي الْأَرْضِ فَلَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ
أَنْ تَقْصُرُوا مِنَ الصَّلَاةِ ۖ إِنْ خِفْتُمْ أَنْ

**અને અતિ ખરાબ સ્થાન પલટવાનું[૧૯૨] (૯૭) પરંતુ તેઓ જે દબાવી લેવામાં આવ્યા; પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો જેમનાથી ન કોઈ યુક્તિ થઈ શકે[૧૯૩], ન માર્ગ જાણે (૯૮) તો નજીક છે કે એવાઓને અલ્લાહ માફ કરે[૧૯૪]. અને અલ્લાહ માફ કરનાર બખ્શનાર છે (૯૯) અને જે અલ્લાહના રસ્તામાં ઘરબાર છોડીને નીકળશે, તે ધરતીમાં ઘણી જગ્યા અને વિસ્તૃતતા મેળવશે. અને જે પોતાના ઘેરથી નીકળ્યો[૧૯૫], અલ્લાહ અને રસૂલ પ્રતિ હિજરત કરતો, પછી તેને મોતે પકડી લીધો, તો તેનો સવાબ અલ્લાહના ઝિમ્મે થઈ ગયો[૧૯૬]. અને અલ્લાહ માફ કરનાર, મહેરબાન છે (૧૦૦) અને જ્યારે તમે ધરતીમાં સફર કરો, તો તમારા પર ગુનોહ નથી કે અમુક નમાઝો કસરથી પઢો[૧૯૭]. જો તમને બ્હીક હોય કે કાફિર તમને**

એમની કોમમાં એમના સિવાય બીજું કોઈ મુસલમાન બન્યું ન હતું. તે કોમને સમાચાર સંપાડયા કે ઈસ્લામી સૈન્ય એમના પ્રતિ ધપી રહ્યું છે, ત્યારે તે બધા નાસી છુટયા, પણ મરદાસ રોકાઈ ગયા. જ્યારે એમણે દૂરથી સૈન્યને જોયું, ત્યારે એવા ખ્યાલથી કે કંઈક કાફિરોનું ટોળુ ન હોય, તેઓ પોતાની બકરીઓ લઈને પર્વતની ટોચે ચઢી ગયા. જ્યારે લશ્કર નજીક આવ્યું, અને તેમણે અલ્લાહો અકબરના નારાઓ સાંભળ્યા, ત્યારે પોતે પણ નારા મારતા નીચે ઉતર્યા, અને કહેવા માંડયા; "લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ અસ્સલામુ અલયકુમ."

મુસલમાનો સમજયા કે ફિદકવાળા તો બધા કાફિરો છે, આ માણસ ભૂલથાપ આપવા ઈમાન જાહેર કરી રહ્યો છે. આવા વિચારે ઉસામા બિન ઝૈદે તેમને મારી નાખ્યા, ને બકરીઓ હાંકી લાવ્યા. જ્યારે સય્યિદે આલમ સલ્લલ્લાહે અલયહિ વસલ્લમની સેવામાં ઉપસ્થિત થયા ત્યારે બધો બનાવ કહી સંભળાવ્યો. હુઝૂરને ઘણું જ દુઃખ થયું અને ફરમાવ્યું; "તમે તેના સરસામાન ખાતર તેને મારી નાખ્યો?" ત્યારે આ આયત ઉતરી અને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ઉસામાને હુકમ કર્યો કે તે બકરીઓ તેના વારસદારોને પરત કરી દો.

૧૮૪. કે તમને ઈમાન પર અડગતા આપી, અને તમારૂ મોમિન હોવું જગજાહેર કર્યું.

૧૮૫. જેથી તમારા હાથે કોઈ ઈમાનદાર કતલ ન થાય.

૧૮૬. આ આયતમાં જિહાદનું શૂરાતન ચઢાવાયું છે, જિહાદ કરનારાઓ અને બેસી રહેનારાઓ એક સરખા નથી. મુજાહિદો માટે મોટા દરજ્જાઓ અને સવાબ છે. અને એ મસઅલો પણ સાબિત થાય છે કે લોકો બીમારી, વૃદ્ધાવસ્થા, અશક્તિ, અંધાપો અથવા હાથ પગ નિષ્ક્રિય હોવાથી યા એવા કોઈ કારણસર

يفتنكم الذين كفروا ان الكفرين كانوا لكم
عدوا مبينا ﴿١٠١﴾ واذا كنت فيهم فاقمت لهم
الصلوة فلتقم طائفة منهم معك وليأخذوا
اسلحتهم فاذا سجدوا فليكونوا من وراىكم
ولتأت طائفة اخرى لم يصلوا فليصلوا معك
وليأخذوا حذرهم واسلحتهم ود الذين منزل ١
كفروا لو تغفلون عن اسلحتكم وامتعتكم
فيميلون عليكم ميلة واحدة ولا جناح
عليكم ان كان بكم اذى من مطر او كنتم
مرضى ان تضعوا اسلحتكم وخذوا حذركم
ان الله اعد للكفرين عذابا مهينا ﴿١٠٢﴾ فاذا

તકલીફ દેશે[૧૯૮]. બેશક! કાફિરો તમારા ઉઘાડા દુશ્મન છે (૧૦૧) અને અય મહબૂબ! જ્યારે તમે તેમનામાં પધારેલા હોય[૧૯૯] પછી નમાઝમાં તેમની ઈમામત કરો,[૨૦૦] તો જોઈએ કે તેમનામાં એક જમાઅત તમારી સાથે હોય[૨૦૧], અને તેઓ પોતાના શસ્ત્રો સાથે રાખે[૨૦૨], પછી જ્યારે તેઓ સિજદો કરી લે[૨૦૩], ત્યારે હઠીને તમારાથી પાછળ થઈ જાય[૨૦૪], અને હવે બીજી જમાઅત આવે, જે તે સમય સુધી નમાઝમાં ન હતી[૨૦૫], હવે તે તમારા મુકતદી બને, અને જોઈએ કે પોતાની આડ અને પોતાના હથિયાર સાથે રાખે[૨૦૬] કાફિરોની અભિલાષા છે કે ક્યાંક તમે પોતાનાં હથિયારો અને પોતાના સામાનને ભૂલી જાવ, તો એક વખત તમારા પર ઝપટી પડે[૨૦૭], અને તમારા પર વાંધો નથી જો તમને વરસાદના લીધે તકલીફ હોય, અથવા માંદા હોવ, જેથી તમારા શસ્ત્રો છોડી નાખો, અને પોતાની આડ સાથે રાખો[૨૦૮] બેશક! અલ્લાહે કાફિરો માટે અપમાન જનક અઝાબ તૈયાર કરી રાખ્યો છે (૧૦૨)

જિહાદમાં હાજર ન થઈ શકે, તેઓ સવાબથી વંચિત રાખવામાં આવશે નહિ, જો નિય્યત સારી ધરાવતા હશે તો.

બુખારી શરીફની હદીષમાં છે કે; તબૂક યુદ્ધથી પરત થતાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું, ''અમુક લોકો મદીનામાં રહી ગયા છે, આપણે કોઈ પણ તળેટી અથવા વસ્તીમાં ચાલતા નથી, પણ તેઓ આપણી સાથે જ હોય છે, તેમને (આ વખતે) કારણોએ રોકી રાખ્યા છે."

૧૮૭. જેઓ કારણસર જિહાદમાં ન જઈ શકે, તેઓ જો કે નિય્યતનો સવાબ પામશે, પણ જિહાદ કરનારાઓને અમલી ફઝીલત એમનાથી વધારે છે.

૧૮૮. જિહાદ કરનારાઓ હોય કે કારણસર રહી જનારા.

૧૮૯. વગર કારણે.

૧૯૦. હદીષ શરીફમાં છે કે, અલ્લાહ તઆલાએ મુજાહિદો માટે જન્નતમાં ૧૦૦ દરજ્જાઓ બનાવ્યા છે, દર બે દરજ્જામાં એટલું અંતર છે જેટલું કે જમીન અને આં આસ્માનનું;

૧૯૧. **શાને નુઝૂલ** :- આ આયત તે લોકો વિષે ઉતરી જેમણે ઈસ્લામનો કલમો તો મુખથી પઢી લીધો, પણ જે સમયે હિજરત ફર્ઝ હતી તે સમયે હિજરત ન કરી, અને જ્યારે બદ્રના મેદાનમાં મુશ્રિકો મુસલમાનો સાથે લડવા આવ્યા, ત્યારે એ લોકો તેમની (મુશરિકો) સાથે ગયા, અને કાફિરોની સાથે જ માર્યા પણ ગયા, તેમના માટે આ આયત ઉતરી, અને જાહેર કરવામાં આવ્યું કે કાફિરો સાથે રહેવું અને હિજરતના ફર્ઝને છોડવું એ જુલ્મ છે.

૧૯૨. **મસઅલો** :- આ આયતથી ફલિત થાય છે કે જે માણસ કોઈ શહેરમાં પોતાના દીન પર અડગ રહી શકતો ન હોય, અને એ જાણતો હોય કે સ્થળાંતર કરવાથી તે પોતાના દીની ફર્ઝો પુરા કરી શકશે, તેના પર હિજરત વાજિબ થઈ જાય છે.

હદીષ શરીફમાં છે કે, જે માણસ પોતાના દીનની હિફાઝત માટે સ્થળાંતર કરશે, ભલે એક વેંત જ હોય, તેના માટે જન્નત વાજિબ થઈ ગઈ. અને તેને હઝરત ઈબ્રાહીમ અને સરવરે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનો સાથ પ્રાપ્ત થશે.

૧૯૩. કુફ્રની ધરતીમાંથી નીકળીને હિજરત કરવાની.

૧૯૪. કારણ કે તે કરીમ છે, અને કરીમ જે આશા આપે છે તે પુરી કરે છે. અને બેશક! માફ કરશે.

૧૯૫. **શાને નુઝૂલ** :- એનાથી ઉપરની આયત જ્યારે ઉતરી ત્યારે જુન્દઅ બિન ઝુમેરા લૈસીએ તેને સાંભળી તેઓ અતિવૃદ્ધ હતા, બોલ્યા, "હું અપવાદિત લોકોમાં તો નથી, કારણ કે મારી પાસે તો એટલો માલ છે કે જેનાથી હું હિજરત કરીને મદીના શરીફ પહોંચી શકું, ખુદાના સોગંદ! હવે હું મક્કામાં એક રાત્રી પણ રોકાઈશ નહીં, મને લઈ ચાલો." પછી તેમને ખાટલા પર સૂવાડીને લઈ જવા માંડયા, પણ તનઈમ સ્થળ આવતાં તેમનું ત્યાં મૃત્યુ થઈ ગયું, અંતિમ વેળાએ તેમણે પોતાનો જમણો હાથ ડાબા હાથ પર મૂક્યો, અને બોલ્યા, "અય અલ્લાહ! આ તારો અને આ તારા રસૂલનો, હું એના પર બૈઅત કરૂં છું, જેના પર તારા રસૂલે બૈઅત કરી," બૈઅતના સમાચાર સાંભળીને સહાબા બોલ્યા, "જો તેઓ મદીના પહોંચી શક્યા હોત તો તેમને કેટલો મહાન સવાબ મળત." અને એ સમાચારથી મુશ્રિકો હસી પડયાં, કહેવાં માંડયા જે હેતુથી નીકળ્યા હતા તે તો મળ્યો નહિ, ત્યારે આ આયતે કરીમા ઉતરી.

૧૯૬. તેના વાયદા, અને તેના ફઝલો કરમથી, કારણ કે હકક દાવાની રૂએ તેના પર કોઈ વસ્તુ વાજિબ નથી, તેની શાન એનાથી ઉચ્ચ છે.

**મસઅલો** :- ઈલ્મ મેળવવા, હજ, જિહાદ, ઝિયારત, ઈતાઅત, પરહેઝગારી અને કિનાઅત, તેમજ હલાલ રોજી કમાવવા ખાતર વતન છોડવું (એ પણ) ખુદા અને રસૂલ તરફ હિજરત કરવા (જેવું) છે. એ માર્ગમાં મરનાર (પણ) બદલો (સવાબ) મેળવશે.

૧૯૭. અર્થાત ચાર રકઅતવાળી બે રકઅત.

૧૯૮. **મસઅલો** :- કાફિરોનો ભય નમાઝ કસર કરવા માટે શરતરૂપ નથી.

**હદીષ** :- યઅલા બિન ઉમય્યાએ હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂને કહ્યું કે, "આપણે તો શાંતિમાં છીએ, પછી આપણે કેમ કસર કરીએ છીએ?" જવાબ આપ્યો, "એ ખુદા તરફથી તમારા માટે સદકો છે, તેના સદકાને સ્વીકારો"

**મસઅલો** :- ઉપરોક્ત રિવાયતથી જણાયું કે સફરમાં ચાર રકઅતવાળી નમાઝને પુરી પઢવી જાઈઝ નથી. કારણ કે જે વસ્તુઓ કબ્જા પાત્ર નથી, તેમનો સદકો માત્ર બજાવી લાવવાથી થાય છે, અસ્વીકારની શક્યતા એમાં નથી.

**મસઅલો** :- સફર કરનારની ઝડપ અથવા ધીમાપણાનો હિસાબ નહિ થાય, તે ત્રણ દિવસનું અંતર ત્રણ કલાકમાં કાપી નાખે તો પણ કસર થશે. અને એક દિવસની મુસાફિરીમાં ત્રણ દહાડા લગાડે તો પણ કસર નહિ થાય, મતલબ કે અંતરનો હિસાબ ગણાશે.

૧૯૯. અર્થાત પોતાના સહાબામાં.

قضيتم الصلوة فاذكروا الله قيما وقعودا
وعلى جنوبكم فاذا اطمانتم فاقيموا الصلوة
ان الصلوة كانت على المؤمنين كتبا موقوتا ﴿١٠٣﴾
ولا تهنوا في ابتغاء القوم ان تكونوا تالمون
فانهم يالمون كما تالمون وترجون من الله
ما لا يرجون وكان الله عليما حكيما ﴿١٠٤﴾ انا
انزلنا اليك الكتب بالحق لتحكم بين الناس
بما اريك الله ولا تكن للخائنين خصيما ﴿١٠٥﴾
واستغفر الله ان الله كان غفورا رحيما ﴿١٠٦﴾
ولا تجادل عن الذين يختانون انفسهم
ان الله لا يحب من كان خوانا اثيما ﴿١٠٧﴾

પછી જ્યારે તમે નમાઝ પઢી ચૂકો, તો અલ્લાહની યાદ કરો ઉભા રહીને, અને બેસીને અને પડખાંઓ પર સૂતા સુતા[૨૦૯] પછી જ્યારે શાંત પડી જાઓ તો નિયમ મુજબ નમાઝ કાયમ કરો. બેશક! નમાઝ છે મુસલમાન પર સમય નક્કી કરેલો[૨૧૦] ફર્ઝ (૧૦૩) અને કાફિરોની શોધમાં સુસ્તી ન કરો. જો તમને દુઃખ પહોંચે છે તો તેમને પણ દુઃખ પહોંચે છે જેવું કે તમને પહોંચે છે અને તમે અલ્લાહથી તે આશા રાખો છો, જે તેઓ નથી રાખતા. અને અલ્લાહ જાણનાર, હિકમતવાળો છે[૨૧૧] (૧૦૪) અય મહબૂબ ! બેશક ! અમે તમારી તરફ સત્ય કિતાબ ઉતારી, જેથી તમે લોકોમાં ફેંસલો કરો[૨૧૨] જે રીતે તમને અલ્લાહ દેખાડે[૨૧૩], અને દગાખોરો તરફથી ઝગડો ન કરો (૧૦૫) અને અલ્લાહ પાસે માફી માંગો, બેશક ! અલ્લાહ માફ કરનાર, મહેરબાન છે (૧૦૬) અને ન તેમની તરફથી ઝગડો, જેઓ પોતાના પ્રાણોને ખયાનતમાં સંડોવે છે[૨૧૪] બેશક ! અલ્લાહ નથી ચાહતો કોઈ મોટા દગાબાઝ ગુનેહગારને (૧૦૭)

૨૦૦. આમાં 'નમાઝે ખૌફ' ની જમાઅતનું બયાન છે.

**શાને નુઝૂલ :-** જિહાદમાં મુશ્રિકોએ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લને તમામ સહાબા સાથે ઝોહરની નમાઝ જમાઅતથી પઢતા જોયા, ત્યારે તેમને પસ્તાવો થયો કે તે સમયે તેમણે શા માટે હુમલો ન કર્યો? અને પરસ્પર એક બીજાને કહેવા માંડયા કે, કેટલી સરસ તક હતી. તેમાંથી અમુક બોલ્યા, હજુ એના પછી એક બીજી નમાઝ છે, મુસલમાનોને એમના મા-બાપ કરતાં પણ વધુ વ્હાલી છે, એટલે કે અસરની નમાઝ. જ્યારે તેઓ તે નમાઝ પઢવા ઉભા થાય, ત્યારે પુરી તાકતથી હુમલો કરીને મુસલમાનોને ખત્મ કરી નાખો, ત્યારે હઝરત જિબ્રઈલ ઉતર્યા, અને સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લામને વિનંતી કરી કે; ''યા રસૂલલ્લાહ! આ ખૌફની નમાઝ છે અને અલ્લાહ તઆલા ફરમાવે છે ''વઈઝા કુન્ત ફીહીમ''

૨૦૧. એટલે કે હાજર રહેલાઓને બે ટોળીઓમાં વહેંચી દેવામાં આવે, તેમાંથી એક આપની સાથે રહે. આપ તેમને નમાઝ પઢાવો અને એક ટોળી દુશ્મનની સામે ઉભી રહે.

૨૦૨. એટલે કે જે લોકો દુશ્મનની સામે ઉભેલા હોય, અને હઝરત ઈબ્ને અબ્બાસની રિવાયત છે કે, જો જમાઅતવાળા નમાઝી મુરાદ હોય તો તેઓ એવા હથિયાર લગાવેલા રાખે, જેનાથી નમાઝમાં કોઈ ખલેલ ન પડે, જેમકે તલવાર, ખંજર, વિગેરે. અમુક તફસીરકારોનું કહેવું છે કે હથિયારો સાથે રાખવાનો હુકમ બન્ને ટોળીઓ માટે છે, અને એ વાત વધારે સાવચેતીપૂર્ણ છે.

૨૦૩. અર્થાત બન્ને સિજદા કરીને રકઅતો પુરી કરી લે.

૨૦૪. જેથી દુશ્મનની સામે ઉભા રહી શકે.

૨૦૫. અને અત્યાર સુધી દુશ્મનની સામે ઉભેલી હતી.

૨૦૬. આડનો મતલબ બખ્તર વિગેરે એવી વસ્તુઓ છે, જેના વડે દુશ્મનના હુમલા વિગેરેથી બચી શકાય. એવી વસ્તુઓનું સાથે રાખવું ખરેખર વાજિબ છે, જેમકે નજીકમાં જ ઈરશાદ થશે; ''વખુઝુ હિઝ-રકુમ" અને હથિયાર રાખવાં મુસ્તહબ છે.

**નમાઝે ખૌફ** :- નમાઝે ખૌફની રીત ટૂંકમાં આ મુજબ છે કે, પહેલી ટોળી ઈમામ સાથે એક રકઅત પુરી કરીને શત્રુની સામે ઉભી રહે, અને જે ટોળી શત્રુની સામે ઉભી હતી તે આવીને ઈમામ સાથે બીજી રકઅત પઢે, પછી ફક્ત ઈમામ સલામ ફેરવે, અને પહેલી ટોળી આવીને બીજી રકઅત કિરઅત વગર પઢે, અને સલામ ફેરવી દે પછી દુશ્મનની સામે જાય, પછી બીજી ટોળી પોતાની જગ્યાએ એક રકઅત જે બાકી રહી ગઈ હતી, તે કિરઅત સાથે પઢીને સલામ ફેરવે. કારણ કે આ લોકો મસ્બુક છે, જ્યારે પહેલા લાહિક. હઝરત ઈબ્ને મસઊદ રદીયલ્લાહુ અન્હૂથી સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનું નમાઝે ખૌફ આ રીતે જ પઢવાનું બયાન થયેલું છે. હુઝૂર પછી પણ સહાબા નમાઝે ખૌફ પઢતા રહયા છે, ભયની પરિસ્થિતિમાં, દુશ્મનના સામના સમયે, આ રીતે ખાસ તૈયારીથી નમાઝ પઢવાના હુકમથી ફલિત થાય છે કે જમાઅત કેટલી મહત્વપૂર્ણ વસ્તુ છે.

**મસાઈલ** :- સફરની હાલતમાં ખૌફની પરિસ્થિતિ ઉભી થાય, તો ઉપર તેનું વર્ણન થયું, પરંતુ જે મુકીમ (બિન મુસાફિર)ને આવી પરિસ્થિતિમાં મૂકાવું પડે તો, તે ચાર રકઅતવાળી નમાઝોમાં દરેક ટોળીને બે બે રકઅતો પઢાવે અને ત્રણ રકઅતવાળી નમાઝમાં પહેલી ટોળીને બે અને બીજીને એક રકઅત પઢાવે.

૨૦૭. **શાને નુઝૂલ** :- નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ જ્યારે ફકહરે અઅલાના યુદ્ધથી પરવાર્યા, અને શત્રુના ઘણા માણસોને કેદ પકડયા, અને ગનીમતના સરસામાન હાથ લાગ્યા, અને કોઈ દુશ્મન બચ્યો નહીં, ત્યારે હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ કુદરતી હાજત માટે એકલા જંગલમાં તશરીફ લઈ ગયા. ત્યારે શત્રુ સૈન્યનો હુવૈરિસ બિન હારિસ આ સમાચાર સાંભળી તલવાર લઈને છુપાઈને પહાડ પરથી ઉતર્યો, ઓચિંતો હુઝૂર પાસે પહોંચીને તલવાર ખેંચીને બોલ્યો; ''અય મુહમ્મદ! (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) હવે તમને મારાથી કોણ બચાવશે?" હુઝૂરે ફરમાવ્યું, ''અલ્લાહ તઆલા." પછી હુઝૂરે દુઆ કરી. જ્યારે પેલાએ તલવાર ચલાવવાનો ઈરાદો કર્યો કે તરત જ ઊંધા મોઢે ગબડી પડયો, તલવાર તેના હાથમાંથી પડી ગઈ, હુઝૂરે તે તલવાર ઉપાડી લઈ ફરમાવ્યું, તને મારા હાથથી કોણ બચાવશે ? કહ્યું, મને બચાવનાર કોઈ જ નથી, ફરમાવ્યું, ''અશહદુ અલ-લાઈલાહ ઈલ્લલ્લાહુ વ અશહદુ અન્ન મુહમ્મદન અબ્દુહુ વ રસૂલૂહુ" પઢ! તારી તલવાર તને પરત કરી દઈશ. તેણે ના કહ્યું, અને બોલ્યો, ''એ વાતની ખાતરી આપું છું કે જીવનભર તમારાથી લડીશ નહીં, ન તમારા કોઈ દુશ્મનનો સાથ આપીશ." આપે તેની તલવાર તેને પાછી આપી દીધી. કહેવા માંડયો; ''અય મુહમ્મદ ! (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) આપ મારા કરતાં અત્યુત્તમ છો." ફરમાવ્યું, હા! અમને એ જ છાજે છે, ત્યારે આ આયત ઉતરી, અને હથિયાર તેમજ બચાવનું સાધન સાથે રાખવાનો હુકમ કરવામાં આવ્યો. (અહમદી)

૨૦૮. કારણ કે એનું સાથે રાખવું હમેશાં જરૂરી છે.

**શાને નુઝૂલ** :- ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે અબ્દુર્રહમાન બિન ઔફ ઝખ્મી હતા, અને તે સમય હથિયાર બાંધી રાખવાં તેમના માટે ખૂબ કષ્ટદાયક અને ભાર સમાન હતાં, તેમના માટે આ આયત ઉતરી, અને કારણ વસાત હથિયારો છોડી નાખવાની રજા આપવામાં આવી.

માણસેથી સંતાય છે, અને અલ્લાહથી નથી સંતાતા[૨૧૫] અને અલ્લાહ તેમની પાસે છે[૨૧૬]. જ્યારે દિલમાં તે વાત ઠરાવે છે જે અલ્લાહને પસંદ નથી[૨૧૭] અને અલ્લાહે એમનાં કામોને ઘેરેલાં છે (૧૦૮) સાંભળો છો! આ જે તમે છો[૨૧૮] દુનિયાના જીવનમાં તો એમના તરફથી ઝગડયા. તો કયામતના દિવસે એમની તરફથી અલ્લાહ સાથે કોણ ઝગડશે? અથવા કોણ એમનો વકીલ બનશે? (૧૦૯) અને જે કોઈ બુરાઈ, અથવા પોતાના પ્રાણ પર જુલ્મ કરે, પછી અલ્લાહ પાસે માફી માંગે, તો અલ્લાહને માફ કરનાર, મહેરબાન પામશે (૧૧૦) અને જે કોઈ ગુન્હો કમાય, તો તેની કમાઈ તેના જ જીવ પર પડે. અને અલ્લાહ ઈલ્મ અને હિકમતવાળો છે[૨૧૯] (૧૧૧) અને જે કોઈ ભૂલ અથવા ગુન્હો કમાય[૨૨૦] પછી તેને જે કોઈ નિર્દોષ પર ઠોકી બેસાડે તેણે ચોક્કસ આક્ષેપ અને ખુલ્લો ગુન્હો ઉપાડયો (૧૧૨) અને અય મહબૂબ! જો અલ્લાહનો ફઝલ અને રહમત તમારા પર ન હોત[૨૲૧] તો



يَسْتَخْفُوْنَ مِنَ النَّاسِ وَلَا يَسْتَخْفُوْنَ مِنَ
اللّٰهِ وَهُوَ مَعَهُمْ اِذْ يُبَيِّتُوْنَ مَا لَا يَرْضٰى مِنَ
الْقَوْلِ ؕ وَكَانَ اللّٰهُ بِمَا يَعْمَلُوْنَ مُحِيْطًا ﴿١٠٨﴾ هٰۤاَنْتُمْ
هٰۤؤُلَآءِ جٰدَلْتُمْ عَنْهُمْ فِي الْحَيٰوةِ الدُّنْيَا ۫ فَمَنْ
يُّجَادِلُ اللّٰهَ عَنْهُمْ يَوْمَ الْقِيٰمَةِ اَمْ مَّنْ يَّكُوْنُ
عَلَيْهِمْ وَكِيْلًا ﴿١٠٩﴾ وَمَنْ يَّعْمَلْ سُوْٓءًا اَوْ يَظْلِمْ
نَفْسَهٗ ثُمَّ يَسْتَغْفِرِ اللّٰهَ يَجِدِ اللّٰهَ غَفُوْرًا رَّحِيْمًا ﴿١١٠﴾
وَمَنْ يَّكْسِبْ اِثْمًا فَاِنَّمَا يَكْسِبُهٗ عَلٰى نَفْسِهٖ ؕ
وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿١١١﴾ وَمَنْ يَّكْسِبْ خَطِيْٓئَةً
اَوْ اِثْمًا ثُمَّ يَرْمِ بِهٖ بَرِيْٓئًا فَقَدِ احْتَمَلَ بُهْتَانًا
وَّاِثْمًا مُّبِيْنًا ﴿١١٢﴾ وَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَيْكَ وَ

૨૦૯. અર્થાત દરેક હાલતમાં અલ્લાહનું ઝિક્ર કરતા રહો. અને કોઈપણ પરિસ્થિતિમાં અલ્લાહની યાદથી ગાફિલ ન બનો. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું; અલ્લાહ તઆલાએ ઝિક્ર સિવાય દરેક ફર્ઝની એક હદ નક્કી કરી છે, ઝિક્રની કોઈ હદ રાખી નથી. ફરમાવ્યું, ઝિક્ર કરો ઉભા ઉભા, બેઠા બેઠા, પડખાંઓ પર સૂતા સૂતા, રાતમાં હોય કે દિવસમાં, ધરતી પર હોય કે પાણીમાં, સફરમાં હોય કે ઘરમાં, માલદારીમાં હોય કે ગરીબીમાં, તંદુરસ્તીમાં હોય કે બીમારીમાં, જાહેર રીતે હોય કે છુપી રીતે.

**મસઅલો** :- આનાથી નમાઝ પછી તરત જ કલમએ તવહીદ પઢવા માટે દલીલ કરવામાં આવે છે. જેમકે મશાઈખની આદત છે, અને સહીહ હદીષોથી સાબિત છે.

**મસઅલો** :- ઝિક્રમાં તસ્બીહ, તહલીલ, તમહીદ, તકબીર, ષના, દુઆ તમામનો સમાવેશ થાય છે.

૨૧૦. માટે તેના સમયો સાચવવા અનિવાર્ય છે.

૨૧૧. **શાને નુઝૂલ** :- ઉહદના યુદ્ધમાંથી જ્યારે અબૂ સુફયાન અને તેમના સાથીદારો પરત થયા, ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે જે સહાબા ઉહદમાં હાજર થયા હતા, તેમને મુશ્રિકોનો પીછો પકડવા આદેશ આપ્યો, સહાબા ઝખ્મી થયેલા હતા, તેમણે પોતાના ઝખ્મી હોવાની વાત કરી, ત્યારે આ આયતે કરીમા ઉતરી.

૨૧૨. **શાને નુઝૂલ** :- અન્સારી કબીલા બની ઝફરના તુઅમા બિન ઉમૈરક નામના એક માણસે પોતાના પડોશી કતાદા બિન નુઅમાનનું બખ્તર ચોરી લઈને તેને આટાની ગુણમાં સંતાડી ઝેદ બિન સીમીન નામના યહૂદીને ત્યાં છુપાવી દીધું. જ્યારે બખ્તરની તપાસ થઈ, અને તુઅમા પર શક કરવામાં આવ્યો, ત્યારે તેણે

رَحْمَتُهٗ لَهَمَّتْ طَّآئِفَةٌ مِّنْهُمْ اَنْ يُّضِلُّوْكَ ؕ
وَمَا يُضِلُّوْنَ اِلَّآ اَنْفُسَهُمْ وَمَا يَضُرُّوْنَكَ مِنْ
شَيْءٍ ؕ وَاَنْزَلَ اللّٰهُ عَلَيْكَ الْكِتٰبَ وَالْحِكْمَةَ
وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ؕ وَكَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ
عَظِيْمًا ﴿۱۱۳﴾ لَا خَيْرَ فِيْ كَثِيْرٍ مِّنْ نَّجْوٰىهُمْ اِلَّا مَنْ اَمَرَ
بِصَدَقَةٍ اَوْ مَعْرُوْفٍ اَوْ اِصْلَاحٍۭ بَيْنَ النَّاسِ ؕ
وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ ابْتِغَآءَ مَرْضَاتِ اللّٰهِ فَسَوْفَ
نُؤْتِيْهِ اَجْرًا عَظِيْمًا ﴿۱۱۴﴾ وَمَنْ يُّشَاقِقِ الرَّسُوْلَ مِنْۢ
بَعْدِ مَا تَبَيَّنَ لَهُ الْهُدٰى وَيَتَّبِعْ غَيْرَ سَبِيْلِ
الْمُؤْمِنِيْنَ نُوَلِّهٖ مَا تَوَلّٰى وَنُصْلِهٖ جَهَنَّمَ ؕ
وَسَآءَتْ مَصِيْرًا ﴿۱۱۵﴾ اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ

تેમનામાંના અમુક લોક એવું ઈચ્છત કે તમને ધોકો આપી દે, અને તેઓ પોતાને જ બહેકાવી રહ્યા છે[૨૨૨] અને તમારૂં કશું બગાડશે નહિ[૨૨૩]. અને અલ્લાહે તમારા પર કિતાબ[૨૨૪] અને હિકમત ઉતારી. અને તમને શિખવાડી દીધું જે કંઈ તમે ન જાણતા હતા[૨૨૫] અને છે અલ્લાહનો ફઝલ તમારા પર મોટો[૨૨૬] (૧૧૩) તેમના વધુ પડતા મશવરાઓમાં કંઈ ભલાઈ નથી[૨૨૭]. પણ જે આદેશ આપે ખૈરાત અથવા સારી વાત અથવા લોકોમાં સુલેહ કરવાનો, અને જે અલ્લાહની ખુશી પામવા એવું કરે, તેને નજીકમાં જ અમે મોટો સવાબ આપીશું (૧૧૪) અને જે રસૂલનો વિરોધ કરે, હક રસ્તો તેની પર ખુલી ચૂક્યા પછી અને મુસલમાનોના રસ્તાથી જુદા માર્ગે ચાલે. અમે તેને તેની હાલત પર છોડી દઈશું, અને તેને દોઝખમાં દાખલ કરીશું, અને (તે) પલટવાની કેટલી ખરાબ જગ્યા (છે)[૨૨૮] (૧૧૫) અલ્લાહ એ માફ નથી કરતો, કે તેનો કોઈ ભાગીદાર ઠેરવવામાં આવે. અને એનાથી

ઈન્કાર કર્યો અને કસમ ખાઈ લીધી, આટાની ગુણ ફાટેલી હતી, તેમાંથી આટો વેરાતો હતો, તેની નિશાની પકડીને લોકો યહૂદીના ઘર સુધી ગયા, ગુણ ત્યાં જોવામાં આવી યહૂદીએ કહ્યું, તુઅમા મૂકી ગયેલ છે. યહૂદીઓની એક ટોળીએ સાક્ષી પણ આપી. તુઅમાના કબીલા બની ઝફરવાળાઓએ ઈરાદો કર્યો કે યહૂદીને ચોર ઠેરવી દઈશું, અને કસમ ખાઈ લઈશું, જેથી આપણો કબીલો બદનામ ન થાય અને તેમની ઈચ્છા હતી કે રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ તુઅમાને નિર્દોષ જાહેર કરે, અને યહૂદીને સજા કરે. એટલા ખાતર જ તેમણે હુઝૂર સામે તુઅમાની તરફેણમાં અને યહૂદીની વિરુદ્ધ સાક્ષી આપી. એ સાક્ષીની કોઈ ઉલટ તપાસ થઈ નહીં. તે બનાવ બાબત આ આયત ઉતરી. (આ બનાવ અંગે રિવાયતો બયાન થએલી છે, જેમાં પરસ્પર મત મતાંતરો પણ છે)

૨૧૩. અને ઈલ્મ (જાણકારી) આપે. શંકારહિત જ્ઞાનને પ્રાગટય શક્તિના કારણે "દેખાડે" શબ્દ દ્વારા બયાન કરવામાં આવ્યું. હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂથી રિવાયત છે કે, કદાપિ કોઈ એવું ન કહે કે, જેવું અલ્લાહે મને દેખાડયું તેવો મેં ફેંસલો કર્યો. કારણ કે અલ્લાહે આ ખાસ દરજ્જો તેના નબી સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને આપ્યો છે, આપનું મંતવ્ય હમેશાં સત્ય હોય છે. કારણ કે અલ્લાહ તઆલાએ વાસ્તવિક્તાઓ અને બનાવો આપની નજર સમક્ષ કરી દીધા છે, જ્યારે બીજા લોકોના મંતવ્યો કયાસનો દરજ્જો ધરાવે છે.

૨૧૪. ગુનાહ કરીને.

૨૧૫. શરમ નથી કરતા.

والمحصنٰت ٥ النسآء ٤

يُّشْرَكَ بِهٖ وَيَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ
وَمَنْ يُّشْرِكْ بِاللّٰهِ فَقَدْ ضَلَّ ضَلٰلًا بَعِيْدًا
اِنْ يَّدْعُوْنَ مِنْ دُوْنِهٖٓ اِلَّآ اِنٰثًا وَاِنْ يَّدْعُوْنَ
اِلَّا شَيْطٰنًا مَّرِيْدًا لَّعَنَهُ اللّٰهُ وَقَالَ لَاَتَّخِذَنَّ
مِنْ عِبَادِكَ نَصِيْبًا مَّفْرُوْضًا وَّلَاُضِلَّنَّهُمْ
وَلَاُمَنِّيَنَّهُمْ وَلَاٰمُرَنَّهُمْ فَلَيُبَتِّكُنَّ اٰذَانَ
الْاَنْعَامِ وَلَاٰمُرَنَّهُمْ فَلَيُغَيِّرُنَّ خَلْقَ اللّٰهِ
وَمَنْ يَّتَّخِذِ الشَّيْطٰنَ وَلِيًّا مِّنْ دُوْنِ اللّٰهِ
فَقَدْ خَسِرَ خُسْرَانًا مُّبِيْنًا يَعِدُهُمْ وَيُمَنِّيْهِمْ
وَمَا يَعِدُهُمُ الشَّيْطٰنُ اِلَّا غُرُوْرًا اُولٰٓئِكَ
مَاْوٰىهُمْ جَهَنَّمُ وَلَا يَجِدُوْنَ عَنْهَا مَحِيْصًا

હેઠળ જે કંઈ છે, (તે) જે કંઈ ઈચ્છે તે માફ કરી દે છે[૨૨૯] અને જે અલ્લાહનો ભાગીદાર ઠેરવે, તે ગુમરાહીમાં પડયો દૂરની (૧૧૬) આ શિર્કવાળાઓ અલ્લાહ સિવાય પૂજતા નથી પણ અમુક સ્ત્રીઓને[૨૩૦], અને નથી પૂજતા પણ બળવાખોર શયતાનને[૨૩૧] જેના પર અલ્લાહે ફિટકાર વરસાવી, અને બોલ્યો;[૨૩૨] કસમ છે! હું જરૂર તારા બન્દાઓમાંથી નિયત કરેલો ભાગ મેળવીશ[૨૩૩] (૧૧૮) કસમ છે! હું અવશ્ય ભટકાવી દઈશ, અને ચોક્કસ તેમને મોહ લગાડીશ[૨૩૪], અને ખરેખર તેમને કહીશ કે તેઓ જનાવરોના કાન ચીરશે[૨૩૫], અને નિશંક! તેમને કહીશ કે તેઓ અલ્લાહે સર્જેલી વસ્તુઓ બદલી નાખશે[૨૩૬]. અને જે અલ્લાહને છોડીને શયતાનને મિત્ર બનાવે તો દેખીતી ખોટમાં પડયો (૧૧૯) શયતાન તેમને વાયદો આપે છે, અને અભિલાષાઓ જન્માવે છે[૨૩૭] અને નથી આપતો પણ શયતાન તેમને વાયદા ફરેબના[૨૩૮] (૧૨૦) તેમનું ઠેકાણું દોઝખ છે, એનાથી બચવાની જગ્યા નહિ પામે (૧૨૧)

૨૧૬. એમની હાલત જાણે છે. તેનાથી એમનો કોઈ ભેદ છુપો રહી શકતો નથી.

૨૧૭. જેમ કે તુઅમાની તરફેણમાં જૂઠી કસમ અને જૂઠી સાક્ષી.

૨૧૮. અય તુઅમાના કબીલીવાળાઓ!

૨૧૯. કોઈને બીજાના ગુનાહનો અઝાબ નથી આપતો.

૨૨૦. સગીરા હોય કે કબીરા.

૨૨૧. એ રીતે કે તમને નબી અને માસૂમ બનાવ્યા અને ભેદની વાતોથી જાણકાર કર્યા. (જો આમ ન હોત)

૨૨૨. કારણ કે એમનો વબાલ એમના પર જ છે.

૨૨૩. કારણ કે અલ્લાહે આપને કાયમ માટે મઅસૂમ બનાવ્યા છે.

૨૨૪. અર્થાત કુરઆને કરીમ.

૨૨૫. દીની બાબતો, શરીઅતના હુકમો, અને ગૈબી ઈલ્મો.

**મસઅલો** :- આ આયતથી પુરવાર થયું કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને તમામ કાએનાતનાં ઈલ્મો આપ્યા છે. તેમજ કિતાબ અને હિકમતના ભેદો અને રહસ્યો તથા અસંદિગ્ધ બાબતોની જાણકારી આપી છે. આ મસ્અલો કુરઆને કરીમની આયતો અને પુષ્કળ પ્રમાણમાં હદીષોથી સાબિત છે.

૨૨૬. કે તમને એ નેઅમતો સાથે અલગ તારવ્યા.

وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ سَنُدْخِلُهُمْ
جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَآ
اَبَدًا ۭ وَعْدَ اللّٰهِ حَقًّا ۭ وَمَنْ اَصْدَقُ مِنَ
اللّٰهِ قِيْلًا ﴿١٢٢﴾ لَيْسَ بِاَمَانِيِّكُمْ وَلَآ اَمَانِيِّ اَهْلِ
الْكِتٰبِ ۭ مَنْ يَّعْمَلْ سُوْۗءًا يُّجْزَ بِهٖ ۙ وَلَا
يَجِدْ لَهٗ مِنْ دُوْنِ اللّٰهِ وَلِيًّا وَّلَا نَصِيْرًا ﴿١٢٣﴾
وَمَنْ يَّعْمَلْ مِنَ الصّٰلِحٰتِ مِنْ ذَكَرٍ اَوْ اُنْثٰى
وَهُوَ مُؤْمِنٌ فَاُولٰۗىِٕكَ يَدْخُلُوْنَ الْجَنَّةَ وَلَا
يُظْلَمُوْنَ نَقِيْرًا ﴿١٢٤﴾ وَمَنْ اَحْسَنُ دِيْنًا مِّمَّنْ
اَسْلَمَ وَجْهَهٗ لِلّٰهِ وَهُوَ مُحْسِنٌ وَّاتَّبَعَ مِلَّةَ
اِبْرٰهِيْمَ حَنِيْفًا ۭ وَاتَّخَذَ اللّٰهُ اِبْرٰهِيْمَ

منزل ١

અને જેઓ ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યા, થોડો સમય જાય છે અમે તેમને બગીચાઓમાં લઈ જઈશું, જેની નીચે નહેરો વહે. હમેશાં સદા તેમાં રહે. અલ્લાહનો સત્ય વાયદો. અને અલ્લાહ કરતાં વધારે કોની વાત સાચી? (૧૨૨) કામ ન કંઈ તમારા તરંગો પર છે[૨૩૯] ન કિતાબવાળાઓની મનેચ્છા પર[૨૪૦] જે બુરાઈ કરશે[૨૪૧] તેનો બદલો પામશે. અને અલ્લાહ સિવાય ન કોઈ પોતાનો તરફદાર પામશે ન મદદગાર (૧૨૩) અને જે કોઈ કાંઈ સારૂં કામ કરશે, પુરૂષ હોય કે સ્ત્રી, અને (તે) હોય મુસલમાન[૨૪૩] તો તેઓ જન્નતમાં દાખલ કરાશે, અને તેમને તલપુર નુકસાન નહીં અપાય (૧૨૪) અને તેનાથી શ્રેષ્ઠ કોનો ધર્મ? જેણે પોતાનું મોઢું ખુદા માટે નમાવી દીધું[૨૪૪], અને તે નેકીવાળો છે. અને ઈબ્રાહીમના ધર્મ પર[૨૪૫] જે પ્રત્યેક અસત્યથી વેગળો હતો. અને અલ્લાહે

૨૨૭. આ તમામ લોકો માટે આમ છે.

૨૨૮. આ આયત એ વાતની દલીલ છે કે ''ઈજમાઅ" (મુસ્લિમોની એકમતી) દલીલ છે. એનો વિરોધ જાઈઝ નથી, જેમકે કિતાબ અને સુન્નતનો વિરોધ જાઈઝ નથી. (મદારિક) અને એનાથી સાબિત થયું કે મુસલમાનોનો તરીકો જ સિરાતે મુસ્તકીમ છે.

હદીષ શરીફમાં આવ્યું છે કે, જમાઅત પર અલ્લાહનો હાથ છે. એક બીજી હદીષમાં છે કે, સવાદે આઝમ અર્થાત મોટી જમાઅતને અનુસરો, જે મુસ્લિમોની જમાઅતથી વિખૂટો પડયો તે દોઝખી છે. આનાથી સ્પષ્ટ થાય છે કે સત્ય મઝહબ એહલે સુન્નત વ જમાઅત છે.

૨૨૯. **શાને નુઝૂલ** :- હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાનું કથન છે કે, આ આયત એક વયોવૃદ્ધ અઅરાબી (ગામડાનો રહીશ) વિષે ઉતરી. જેમણે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં ઉપસ્થિત થઈને કહ્યું, યા રસૂલલ્લાહ! હું વૃદ્ધ છું, ગુનાહોમાં ગળાબુડ છું, સિવાય કે મેં જ્યારથી અલ્લાહને ઓળખ્યો છે, અને તેના પર ઈમાન લાવ્યો છું, ત્યારથી મે તેની સાથે શિર્ક (અલ્લાહનો ભાગીદાર બનાવવો) નથી કર્યું, અને તેના સિવાય અન્યને વાલી નથી બનાવ્યો, અને નિડર થઈને ગુનાહોમાં નથી સંડોવાયો. અને એક પળ માટે પણ મેં વિચાર્યું નથી કે હું અલ્લાહથી નાસી જઈ શકું છું. શરમિંદો છું, તવબહ કરૂં છું, મગફિરત ઈચ્છુ છું, અલ્લાહને ત્યાં મારી શું હાલત થશે? ત્યારે આ આયત ઉતરી.

આ આયતમાં એ બાબત સ્પષ્ટ છે કે શિર્ક માફ કરવામાં નહીં આવે, જો મુશ્રિક પોતાના શિર્ક પર મરે. કારણ કે એ સાબિત થઈ ચૂક્યું છે કે મુશ્રિક અગર પોતાના શિર્કથી તવબહ કરે, અને ઈમાન લાવે તો તેની

તવબહ અને ઈમાન મકબૂલ છે.

૨૩૦. અર્થાત સ્ત્રીલિંગ મૂર્તિઓને. જેમકે લાત, ઉઝ્ઝા, મનાત વિગેરે. આ તમામ સ્ત્રીલિંગ મૂર્તિઓ હતી અને અરબના દરેક કબીલાની એક અલગ મૂર્તિ હતી, જેની તેઓ પૂજા કરતા હતા, અને તેને તે કબીલાની 'ઉન્સા' (સ્ત્રી) કહેતા હતા.

હઝરત આઈશહ રદીયલ્લાહુ અન્હૂએ (આયતમાંના ઈનાસા શબ્દને) અવસાના, અને હઝરત ઈબ્ને અબ્બાસે એને 'આસિના' પઢયું છે. (બન્ને શબ્દોનો અર્થ મૂર્તિ જ થાય છે) એનાથી પણ પુરવાર થાય છે કે 'ઈન્સા' નું અર્થઘટન મૂર્તિ જ થાય છે.

એક કથન એવું છે કે (આયતમાં સ્ત્રીઓને પૂજે છે, એટલા માટે કહેવાયું છે કે) અરબના મુશરિકો પોતાના અસત્ય મઅબૂદોને અલ્લાહની પુત્રીઓ કહેતા હતા. અને એક મંતવ્ય એવું છે કે મુશરિકો મૂર્તિઓને ઘરેણાં વિગેરે પહેરાવીને સ્ત્રીઓની જેમ શણગારતા હતા.

૨૩૧. કારણ કે એના બહેકાવવાથી જ મૂર્તિપૂજા કરે છે.

૨૩૨. શયતાન.

૨૩૩. તેમને મારા તાબેદાર બનાવીશ.

૨૩૪. અનેવિધિ કદીક લાંબા આયુષ્યનો, કોઈકવાર દુનિયાની મોજમજાનો, અમુક વખતે ઠગારી મનેચ્છાઓનો, તો કદીક આનો તો કદીક તેનો.

૨૩૫. પછી તેમણે એવું કર્યું ઊંટણી જ્યારે પાંચ વખતે વ્યાઈ ચૂકતી, ત્યારે તેને છોડી મૂકતા, તેનાથી લાભ ઉઠાવવાનું પોતાની પર હરામ કરી લેતા, તેનું દૂધ મૂર્તિઓ માટે નક્કી કરી લેતા અને તેને બહીરા કહેતા હતા. શયતાને તેમના દિલોમાં બેસાડી દીધું હતું કે આમ કરવું ઈબાદત છે.

૨૩૬. પુરૂષોનું સ્ત્રીઓનું વેશ ધારણ કરી તેમનાં કપડાં પહેરવાં, સ્ત્રીઓની જેમ વાતચીત અને ચાળા કરવા, શરીરમાં છુદડાં પડાવી તેમાં સુરમો કે સિંદુર ભરીને ચિત્રો કે નકશાઓ પડાવવા, વાળોમાં કૃત્રિમ વાળ ઘાલીને લાંબી લાંબી ચોટલીઓ વિગેરે બનાવવી પણ એમાં દાખલ છે.

૨૩૭. અને દિલમાં જાત જાતની આશાઓ અને વસવસાઓ નાખે છે, જેથી માણસ ભટકી જાય.

૨૩૮. કે જે વસ્તુના નફા અને ફાયદાની આશા અપાવે છે, વાસ્તવમાં તેમાં સખ્ત નુકસાન અને ખોટ હોય છે.

૨૩૯. જે તમે વિચારી રાખ્યા છે કે મૂર્તિઓ તમને ફાયદો પહોંચાડશે.

૨૪૦. જેઓ કહે છે કે અમે અલ્લાહના પુત્રો અને પ્રિય છીએ, અને અમને આગ અમુક દિવસોથી વધારે નહીં સળગાવે. યહૂદીઓએ અને નસરાનીઓનો એ ખ્યાલ પણ મુશરિકો (ના ખ્યાલ) ની જેમ અસત્ય છે.

૨૪૧. તે મુશ્રિકોમાંનો હોય કે યહૂદીઓ અથવા નસારામાંનો.

૨૪૨. આ સજાના સમાચાર કાફિરો માટે છે.

૨૪૩. આમાં ઈશારો છે કે આમાલ ઈમાનમાં દાખલ નથી. (એટલે કેં ઈમાન અને અમલ બે અલગ વસ્તુઓ છે.)

૨૪૪. અર્થાત કૃતજ્ઞતા અને નિખાલસતા ધારણ કરી.

૨૪૫. જે ઈસ્લામી તરીકા અનુસાર છે. હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામની શરીઅત અને મિલ્લત

خَلِيلًا ﴿١٢٥﴾ وَلِلّٰهِ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ
وَكَانَ اللّٰهُ بِكُلِّ شَىْءٍ مُّحِيطًا ﴿١٢٦﴾ وَيَسْتَفْتُونَكَ
فِى النِّسَآءِ قُلِ اللّٰهُ يُفْتِيكُمْ فِيهِنَّ وَمَا يُتْلٰى
عَلَيْكُمْ فِى الْكِتٰبِ فِى يَتٰمَى النِّسَآءِ الّٰتِى لَا
تُؤْتُونَهُنَّ مَا كُتِبَ لَهُنَّ وَتَرْغَبُونَ اَنْ
تَنْكِحُوهُنَّ وَالْمُسْتَضْعَفِينَ مِنَ الْوِلْدَانِ
وَاَنْ تَقُومُوا لِلْيَتٰمٰى بِالْقِسْطِ وَمَا تَفْعَلُوا مِنْ خَيْرٍ
فَاِنَّ اللّٰهَ كَانَ بِهٖ عَلِيمًا ﴿١٢٧﴾ وَاِنِ امْرَاَةٌ خَافَتْ
مِنْۢ بَعْلِهَا نُشُوزًا اَوْ اِعْرَاضًا فَلَا جُنَاحَ
عَلَيْهِمَا اَنْ يُّصْلِحَا بَيْنَهُمَا صُلْحًا وَالصُّلْحُ خَيْرٌ
وَاُحْضِرَتِ الْاَنْفُسُ الشُّحَّ وَاِنْ تُحْسِنُوا وَتَتَّقُوا

ع ١٥ — منزل ١

**ઈબ્રાહીમને પોતાનો ખાસ મિત્ર બનાવ્યો[૨૪૬] (૧૨૫) અને અલ્લાહનું જ છે જે કંઈ આકાશોમાં છે, અને જે કંઈ ધરતીમાં છે, અને પ્રત્યેક વસ્તુ પર અલ્લાહનો કાબૂ છે[૨૪૭] (૧૨૬) અને તમને સ્ત્રીઓ વિષે ફતવો પૂછે છે?[૨૪૮] તમે કહી આપો કે અલ્લાહ તમને એમનો ફતવો આપે છે. અને તે જે તમારા પર કુરઆનમાં પઢાય છે, તે યતીમ છોકરીઓ વિષે કે તમે તેણીઓને નથી દેતા જે તેણીઓનું નક્કી છે[૨૪૯]. અને તેણીઓને નિકાહમાં લાવવાથી પણ મોઢું ફેરવો છો. અને અશક્ત[૨૫૦] બાળકો વિષે. અને એ કે યતીમો બાબત ન્યાય પર અટલ રહો[૨૫૧] અને તમે જે ભલાઈ કરો, તો અલ્લાહને તેની ખબર છે (૧૨૭) અને કોઈ સ્ત્રી પોતાના પતિની સખ્તાઈ અથવા નિરસતાની બ્હીક કરે[૨૫૨], તો તેમના પર ગુનોહ નથી કે પરસ્પર સુલેહ કરી લે[૨૫૩] અને સુલેહ સરસ છે[૨૫૪]. અને હૃદયો લાલચના ફંદામાં છે[૨૫૫]. અને જો તમે નેકી અને**

મિલ્લતે મુહમ્મદીમાં દાખલ છે. અને દીને મુહમ્મદીની વિશેષતાઓ એ સિવાયની છે. દીને મુહમ્મદીને અનુસરવાથી ઈબ્રાહીમ અલયહિસ્સલામની મિલ્લત અને શરીઅતની તાબેદારી પ્રાપ્ત થાય છે. અરબો, યહૂદીઓ અને ખ્રિસ્તીઓ, એ બધા જ હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ સાથે સંબંધિત હોવા પર ગર્વ કરતા હતા. અને એમની શરીઅત એ તમામને સ્વીકાર્ય હતી, અને શરીઅતે મુહમ્મદીએ એનો સમાવેશ કરેલો છે, જેથી એ બધાએ દીને મુહમ્મદીમાં પ્રવેશવું અને તેને સ્વીકારવું અનિવાર્ય છે.

૨૪૬. ખુલ્લત (જેનાથી આયતમાંનો 'ખલીલ' શબ્દ બન્યો છે) મહોબ્બતની નિખાલસતા, અને (મહબૂબ સિવાય) અન્યથી સંબંધ તોડી નાખવાને કહે છે. હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ આ ગુણો ધરાવતા હતા, માટે આપને 'ખલીલ' કહેવામાં આવ્યા.

એક કથન એ પણ છે કે ખલીલ એવા મહોબ્બત કરનારને કહે છે જેની મહોબ્બત સંપૂર્ણ હોય, અને તેમાં કોઈ પણ પ્રકારની ખામી કે અપૂર્ણતા ન હોય. આ અર્થ પણ ઈબ્રાહીમ અલયહિસ્સલામમાં પ્રાપ્ય હતો

બધા નબીઓના જે કમાલ છે તે તમામ નબીઓના સરદારને મળેલા છે, હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ અલ્લાહના ખલીલ પણ છે, જેવું કે બુખારી અને મુસ્લિમની હદીષમાં છે. અને હબીબ પણ છે, જેવું કે તિરમિઝીની હદીષમાં છે, કે હું અલ્લાહનો હબીબ છું, અને એ ગર્વથી નથી કહેતો.

૨૪૭. અને તે તેના જ્ઞાન અને શક્તિના ઘેરામાં છે. જ્ઞાનના ઘેરાનો મતલબ એ છે કે કોઈ વસ્તુનાં જેટલાં પાંખિયા હોઈ શકે તેમાંથી એક પણ જ્ઞાન બાહર ન હોય.

૨૪૮. **શાને નુઝૂલ :-** અજ્ઞાનતાના સમયમાં અરબના લોકો સ્ત્રીઓ તેમજ સગીર બાળકોને મય્યતના

والمحصنت ٥ — النساء ٤

فإن الله كان بما تعملون خبيرا ۝ ولن
تستطيعوا أن تعدلوا بين النساء ولو حرصتم
فلا تميلوا كل الميل فتذروها كالمعلقة
وإن تصلحوا وتتقوا فإن الله كان غفورا
رحيما ۝ وإن يتفرقا يغن الله كلا من
سعته وكان الله واسعا حكيما ۝ ولله ما
في السموت وما في الأرض ولقد وصينا
الذين أوتوا الكتب من قبلكم وإياكم
أن اتقوا الله وإن تكفروا فإن لله ما في
السموت وما في الأرض وكان الله غنيا
حميدا ۝ ولله ما في السموت وما في الأرض

**પરહેઝગારી કરો[૨૫૬]. તો અલ્લાહને તમારા કાર્યોની ખબર છે[૨૫૭] (૧૨૮) અને તમારાથી કદી બની નહીં શકે કે સ્ત્રીઓને સરખી રાખો, ભલે પછી ગમે તેટલી લાલચ કરો[૨૫૮]. તો એ તો ન બને કે એક તરફ આખા નમી જાવ. અને બીજીને અધ્ધર લટકતી છોડી દો[૨૫૯]. અને જો તમે નેકી અને પરહેઝગારી કરો તો બેશક! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧૨૯) અને જો તે બન્ને[૨૬૦] જુદા થઈ જાય, તો અલ્લાહ પોતાની છુટછાટથી તમારામાં દરેકને બીજાથી બેપરવાહ કરી દેશે[૨૬૧]. અને અલ્લાહ છુટછાટવાળો હિકમતવાળો છે (૧૩૦) અને અલ્લાહનું જ છે જે કાંઈ આસ્માનોમાં છે અને જે કાંઈ ધરતીમાં છે. અને બેશક ! તાકીદ કરી દીધી છે. અમે તેમને જેઓ તમારી પહેલાં કિતાબ આપવામાં આવ્યા, અને તમને, કે અલ્લાહથી ડરતા રહો[૨૬૨] અને જો કુફ્ર કરો તો બેશક ! અલ્લાહનું જ છે જે કાંઈ આસ્માનોમાં છે અને જે કાંઈ ધરતીમાં છે, અને છે અલ્લાહ બેનિયાઝ[૨૬૩] બધી ખૂબીઓથી વખણાએલ (૧૩૧) અને અલ્લાહનું જ છે જે કાંઈ**

વારસાના વારસદાર ગણતા ન હતા, જ્યારે વારસાની આયત ઉતરી ત્યારે તેમણે પૂછ્યું; ''યા રસૂલલ્લાહ! શું સ્ત્રીઓ અને બાળકો પણ વારસદાર ગણાશે?'' ત્યારે હુઝૂરે તેમને આ આયતથી જવાબ આપ્યો.

હઝરત આયશા રદીયલ્લાહુ અન્હાએ કહ્યું; યતીમોના પાલકોની રીત એ હતી કે, જો યતીમ છોકરી રૂપાળી અને માલદાર હોય તો થોડી મહેરના બદલે તેમની સાથે નિકાહ કરી લેતા હતા, અને રૂપ કે ધન વગરની હોય તો તેણીને ત્યજી દેતા હતા. તેમજ સ્વરૂપવાન ન હોય પણ માલદાર હોય, તો તેણી સાથે નિકાહ કરતા ન હતા, અને એ બ્હીકે બીજા કોઈની સાથે પણ નિકાહ ન કરાવતા હતા કે તે માલમાં હિસ્સેદાર બની જશે. અલ્લાહ તઆલાએ આ આયત ઉતારીને તેમને એ આદતોની મનાઈ ફરમાવી.

૨૪૯. વારસામાંથી.

૨૫૦. યતીમ.

૨૫૧. તેમના પુરેપુરા હક્કો તેમને આપો.

૨૫૨. સખ્તાઈ એ રીતે કે તેણીથી છેટા રહે, ખાવા-પીવાનું ન આપે, અથવા ઓછુ આપે, અથવા મારપીટ કરે, અથવા અપશબ્દો કહે અને નિરસતા એ કે પ્રેમ ન કરે, બોલચાલ બંધ કરી દે, અથવા ઓછી કરી દે.

૨૫૩. અને એ સુલેહ ખાતર પોતાના હક્કોનો ભાર હળવો કરવા માટે રાજી થઈ જાય.

૨૫૪. સખ્તાઈ અને જુદાઈ બન્ને કરતાં સારી છે.

૨૫૫. દરેક પોતાનો આરામ ઈચ્છે છે, અને પોતાના પર થોડીક તકલીફ વેઠીને સામાના આરામને

આસ્માનોમાં છે અને જે કંઈ ધરતીમાં છે. અને અલ્લાહ પુરતો છે કાર્ય સાધક (૧૩૨) અય લોકો! તે ઈચ્છે તો તમને લઈ જાય[૨૬૪] અને બીજાઓને લઈ આવે, અને અલ્લાહને એની શક્તિ છે (૧૩૩) જે દુનિયાનું ઈનામ ઈચ્છે, તો અલ્લાહની જ પાસે દુનિયા અને આખિરત બન્નેનું ઈનામ છે[૨૬૫]. અને અલ્લાહ જ સાંભળે જુએ છે (૧૩૪) અય ઈમાનવાળાઓ! ન્યાય પર ખૂબ મક્કમ બની જાવ, અલ્લાહ માટે સાક્ષી આપતા. ભલે પછી એમાં તમારૂં પોતાનું નુકશાન હોય, અથવા મા-બાપનું, અથવા સગા સંબંધીઓનું, જેના પર સાક્ષી આપો તે ધનવાન હોય કે ફકીર હોય[૨૬૬]. ગમે તેમ, અલ્લાહને એનો સર્વોધિક અધિકાર છે. માટે મનેચ્છા પાછળ ન જાઓ જેથી સત્યથી વેગળા પડી જાઓ અને જો તમે હેર ફેર કરો[૨૬૭], અથવા મોઢું મચકોડો[૨૬૮] તો અલ્લાહને તમારા કાર્યોની ખબર છે[૨૬૯] (૧૩૫) અય ઈમાનવા-ળાઓ! ઈમાન રાખો અલ્લાહ અને અલ્લાહના રસૂલ પર[૨૭૦] અને તે કિતાબ પર જે પોતાના આ રસૂલ પર

النساء ٤ والمحصنٰت

وَكَفٰى بِاللّٰهِ وَكِيْلًا ﴿١٣٢﴾ اِنْ يَّشَاْ يُذْهِبْكُمْ اَيُّهَا
النَّاسُ وَيَاْتِ بِاٰخَرِيْنَ ۭ وَكَانَ اللّٰهُ عَلٰي ذٰلِكَ
قَدِيْرًا ﴿١٣٣﴾ مَنْ كَانَ يُرِيْدُ ثَوَابَ الدُّنْيَا فَعِنْدَ
اللّٰهِ ثَوَابُ الدُّنْيَا وَالْاٰخِرَةِ ۭ وَكَانَ اللّٰهُ سَمِيْعًا
بَصِيْرًا ﴿١٣٤﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُوْنُوْا قَوّٰمِيْنَ بِالْقِسْطِ
شُهَدَاۗءَ لِلّٰهِ وَلَوْ عَلٰٓي اَنْفُسِكُمْ اَوِ الْوَالِدَيْنِ
وَالْاَقْرَبِيْنَ ۚ اِنْ يَّكُنْ غَنِيًّا اَوْ فَقِيْرًا فَاللّٰهُ
اَوْلٰى بِهِمَا ۣ فَلَا تَتَّبِعُوا الْهَوٰٓى اَنْ تَعْدِلُوْا ۚ
وَاِنْ تَلْوٗٓا اَوْ تُعْرِضُوْا فَاِنَّ اللّٰهَ كَانَ بِمَا تَعْمَلُوْنَ
خَبِيْرًا ﴿١٣٥﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اٰمِنُوْا بِاللّٰهِ وَ
رَسُوْلِهٖ وَالْكِتٰبِ الَّذِيْ نَزَّلَ عَلٰي رَسُوْلِهٖ

પ્રથમ પસંદગી નથી આપતો.

૨૫૬. અને અણગમતી હોવા છતાં પોતાની હાલની પત્નીઓ પૂરતા અટકી રહો. અને સહજીવનની રૂએ તેણીઓ સાથે સદવર્તન રાખો, અને તેણીઓને દુ:ખ તેમજ તકલીફ આપવાથી, તથા લડાઈ-ઝગડો જન્માવનાર બાબતોથી વેગળા રહો..અને સામાજિક જીવનમાં સારી વર્તણુંક રાખો, અને એ યાદ રાખો કે તેણીઓ તમારી પાસે અમાનતો છે.

૨૫૭. તે તમને તમારા કાર્યોનો બદલો આપશે.

૨૫૮. એટલે કે જો વધારે પત્નીઓ હોય તો એ તમારી શક્તિમાં નથી કે તમે તેણીઓને દરેક બાબતમાં સરખી રીતે રાખો, અને કોઈ પણ બાબતે એકને બીજી પર પસંદગી ન આપો, ન તો મેળ મેળાપમાં ન આકર્ષણ અને ઈચ્છામાં, ન સહજીવન અને સંભોગમાં, ન નજર અને ધ્યાનમાં, તમે પ્રયત્ન કરીને પણ એવું તો કરી નથી શકતા પણ જો એટલુ તમારી શક્તિમાં નથી, અને તેથી જ એ પાબંદીનો ભાર તમારા પર મૂકવામાં નથી આવ્યો, અને હૃદયનો પ્રેમ તથા પ્રાકૃતિક આકર્ષણ જે તમારા અધિકારમાં નથી, તેમાં સરખું રાખવાનો હુકમ તમને આપવામાં આવ્યો નથી.

૨૫૯. હા! જ્યાં સુધી તમને અધિકાર અને શક્તિ છે ત્યાં સુધી સરખો વર્તાવ રાખો, પ્રેમ અધિકારમાં નથી તો સદવર્તન, જમણ, પોશાક સાથે રાખવા વિગેરે બાબતોમાં તો સરખું રાખવા અધિકારમાં છે, આવી બાબતોમાં બન્ને સાથે સરખો વર્તાવ કરવો જરૂરી છે.

૨૬૦. પતિ-પત્ની પરસ્પર સુલેહ ન કરે, અને તેઓ અલગ થવામાં જ હિત દેખે, અને ખુલઅ દ્વારા

والمحصنت ٥ النساء ٤

وَالْكِتٰبِ الَّذِيْٓ اَنْزَلَ مِنْ قَبْلُ ۭ وَمَنْ يَّكْفُرْ
بِاللّٰهِ وَمَلٰۗىِٕكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ وَالْيَوْمِ الْاٰخِرِ
فَقَدْ ضَلَّ ضَلٰلًۢا بَعِيْدًا ۝ اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا
ثُمَّ كَفَرُوْا ثُمَّ اٰمَنُوْا ثُمَّ كَفَرُوْا ثُمَّ ازْدَادُوْا
كُفْرًا لَّمْ يَكُنِ اللّٰهُ لِيَغْفِرَ لَهُمْ وَلَا لِيَهْدِيَهُمْ
سَبِيْلًا ۝ بَشِّرِ الْمُنٰفِقِيْنَ بِاَنَّ لَهُمْ عَذَابًا اَلِيْمَا ۝
الَّذِيْنَ يَتَّخِذُوْنَ الْكٰفِرِيْنَ اَوْلِيَاۗءَ مِنْ
دُوْنِ الْمُؤْمِنِيْنَ ۭ اَيَبْتَغُوْنَ عِنْدَھُمُ الْعِزَّةَ
فَاِنَّ الْعِزَّةَ لِلّٰهِ جَمِيْعًا ۝ وَقَدْ نَزَّلَ عَلَيْكُمْ
فِي الْكِتٰبِ اَنْ اِذَا سَمِعْتُمْ اٰيٰتِ اللّٰهِ يُكْفَرُ بِهَا
وَيُسْتَهْزَاُ بِهَا فَلَا تَقْعُدُوْا مَعَهُمْ حَتّٰي يَخُوْضُوْا

ઉતારી, અને તે કિતાબ પર જે પહેલાં ઉતારી[૨૭૧] અને જે ન માને અલ્લાહ અને તેના ફરિશ્તાઓ અને કિતાબો અને રસૂલો અને કયામતને[૨૭૨] તો જરૂર દૂરની ગુમરાહીમાં પડયો (૧૩૬) બેશક! તે લોકો જે ઈમાન લાવ્યા. પછી કાફિર થયા, ફરી ઈમાન લાવ્યા, ફરી કાફિર થયા, પછી કુફ્રમાં ઓર વધ્યા[૨૭૩] અલ્લાહ કદાપિ તેમને ન બખ્શે[૨૭૪], ન માર્ગ બતાવે (૧૩૭) ખુશખબર આપો મુનાફિકોને કે તેમના માટે દુઃખ દાયક અઝાબ છે (૧૩૮) તો જેઓ મુસલમાનોને છોડીને કાફિરોને મિત્ર બનાવે છે[૨૭૫], શું તેમની પાસે ઈઝ્ઝત ઢુંઢે છે? તો ઈઝ્ઝત તો બધી અલ્લાહ માટે જ છે[૨૭૬] (૧૩૯) અને બેશક! અલ્લાહ તમારા પર કિતાબ[૨૭૭] માં ઉતારી ચૂક્યો, કે જ્યારે તમે અલ્લાહની આયતોનો ઈન્કાર થતો અને એની ઠેકડી ઉડતી સાંભળો, તો ન બેસો તે લોકો સાથે જ્યાં સુધી તેઓ બીજી વાતમાં મગ્ન ન બને[૨૭૮], નહિ તો તમે પણ

જુદાં થઈ જાય, અથવા પુરૂષ સ્ત્રીને તલાક આપીને તેણીને મહેર અને ઈદ્દતનો ખર્ચ આપી દે, અને એ રીતે તેઓ.

૨૬૧. અને દરેકને ઉત્તમ બદલ (પ્રથમ કરતાં સારી હાલત) આપશે.

૨૬૨. તેની આજ્ઞાઓનું પાલન કરો, અને તેની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરો, તવહીદ અને શરીઅત પર ચાલો, આ આયતથી જણાયું કે તકવો અને પરહેઝગારીનો હુકમ પૂરાણો છે. દરેક ઉમ્મતને એની તાકીદ થતી આવી છે.

૨૬૩. તમામ મખ્લૂક અને તેમની ઈબાદતથી.

૨૬૪. નાબૂદ કરી દે.

૨૬૫. અર્થ એ છે કે, જેને પોતાના અમલથી દુનિયા (પ્રાપ્તિ) નો ધ્યેય હોય, અને તેનો હેતુ એટલો જ હોય, તો અલ્લાહ તેને આપી દે છે, અને તે આખિરત (ના સવાબ) થી વંચિત રહે છે, અને જેણે અલ્લાહની ખુશી અને આખિરતના સવાબાર્થે અમલ કર્યો, તો અલ્લાહ દુનિયા-આખિરત બન્નેમાં સવાબ દેનારો છે. તો જે માણસ અલ્લાહ પાસે માત્ર દુનિયાનો ચાહક બને તો નાદાન, ઉતરતી કક્ષાનો, અને ઓછી દ્રષ્ટિવાળો છે.

૨૬૬. કોઈની તરફેણમાં ન્યાયથી ન હટો. અને કોઈ સંબંધ કે સગાઈ સત્યોચ્ચારમાં આડે ન આવે.

૨૬૭. સત્ય કહેવામાં, અને જેવું કહેવું જોઈએ તેવું ન કહો.

૨૬૮. સાક્ષી આપવાથી.

**તેમની જેવા જ છો[૨૭૯]. બેશક! અલ્લાહ મુનાફિકો અને કાફિરો બધાંને જહન્નમમાં એકઠા કરશે (૧૪૦) તે જેઓ તમારી પરિસ્થિતિ તાક્યા કરે છે, તો જો અલ્લાહ તરફથી તમને વિજય પ્રાપ્ત થાય, તો કહે; શું અમે તમારી સાથે ન હતા ?[૨૮૦] અને કાફિરોના ભાગે હોય, તો તેમને કહે, શું અમારો કાબૂ તમારા પર ન હતો?[૨૮૧] અને અમે તમને મુસલમાનોથી બચાવ્યા[૨૮૨]. તો અલ્લાહ તમારા સહુમાં[૨૮૩] કયામતના દિવસે ફેંસલો કરી દેશે[૨૮૪]. અને અલ્લાહ કાફિરોને મુસલમાનો પર કોઈ માર્ગ નહીં આપે[૨૮૫] (૧૪૧) બેશક! મુનાફિક લોકો પોતાના ગુમાનમાં અલ્લાહને છેતરવા ઈચ્છે છે[૨૮૬]. અને તે જ એમને અજ્ઞાન રાખીને મારશે. અને જ્યારે નમાઝ માટે ઉભા થાય[૨૮૭] તો મરેલા જીવથી[૨૮૮]. લોકોને દેખાડે છે અને અલ્લાહને યાદ નથી કરતા પણ થોડું[૨૮૯] (૧૪૨) વચમાં ડગમગ થઈ રહ્યા છે[૨૯૦]. ન આ તરફના, ન તે તરફના[૨૯૧]. અને જેને અલ્લાહ**

والمحصنٰت ٥ النسآء ٤

فِي حَدِيثٍ غَيْرِهِ ۚ إِنَّكُمْ إِذًا مِّثْلُهُمْ ۗ إِنَّ اللَّهَ
جَامِعُ الْمُنَافِقِينَ وَالْكَافِرِينَ فِي جَهَنَّمَ جَمِيعًا ﴿١٤٠﴾
الَّذِينَ يَتَرَبَّصُونَ بِكُمْ فَإِن كَانَ لَكُمْ فَتْحٌ
مِّنَ اللَّهِ قَالُوا أَلَمْ نَكُن مَّعَكُمْ وَإِن كَانَ
لِلْكَافِرِينَ نَصِيبٌ قَالُوا أَلَمْ نَسْتَحْوِذْ عَلَيْكُمْ
وَنَمْنَعْكُم مِّنَ الْمُؤْمِنِينَ ۚ فَاللَّهُ يَحْكُمُ بَيْنَكُمْ
يَوْمَ الْقِيَامَةِ ۗ وَلَن يَجْعَلَ اللَّهُ لِلْكَافِرِينَ عَلَى
الْمُؤْمِنِينَ سَبِيلًا ﴿١٤١﴾ إِنَّ الْمُنَافِقِينَ يُخَادِعُونَ
اللَّهَ وَهُوَ خَادِعُهُمْ وَإِذَا قَامُوا إِلَى الصَّلَاةِ
قَامُوا كُسَالَىٰ يُرَاءُونَ النَّاسَ وَلَا يَذْكُرُونَ
اللَّهَ إِلَّا قَلِيلًا ﴿١٤٢﴾ مُّذَبْذَبِينَ بَيْنَ ذَٰلِكَ

૨૬૯. જેવાં કાર્યો હશે તેવો બદલો આપશે.

૨૭૦. અર્થાત ઈમાન પર મક્કમ રહો. આ અર્થ ત્યારે થશે જ્યારે "યા અય્યુહલ્લઝીન આમનૂ"નું સંબોધન મુસલમાનોને હોય. અને જો એ ઉદબોધન યહૂદીઓ અને નસરાનીઓને હોય તો અર્થ એ થશે કે, અય અમુક કિતાબો અને અમુક રસૂલ પર ઈમાન લાવનારાઓ! તમને આ આદેશ છે. અને જો સંબોધન મુનાફિકોને હોય તો, અર્થ એ છે કે, અય ઈમાનનો દેખાવ પુરતો દાવો કરનારાઓ! નિખાલસપણે ઈમાન લઈ આવો. અહીં રસૂલનો મતલબ સય્યિદુલ અમ્બિયા અને કિતાબનો ઈશારો કુરઆન મજીદ પ્રતિ છે.

**શાને નુઝૂલ** :- હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું; આ આયત અબ્દુલ્લાહ બિન સલામ, અસદ, ઉસેદ, સઅલબા બિન કૈસ, સલામ, સલ્મા અને યામીન બાબત ઉતરી. આ લોકો એહલે કિતાબના મોમિનોમાંના હતાં, રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં હાજર થયા, અને કહ્યું, અમે તમારા પર, તમારી કિતાબ પર, અને હઝરત મૂસા પર તથા તવરાત પર અને ઉઝૈર પર ઈમાન લાવીએ છીએ, અને એ સિવાય બીજા રસૂલો અને કિતાબો પર ઈમાન નહિ લાવીએ. હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે તેમને ફરમાવ્યું; તમે અલ્લાહ પર, તેના રસૂલ મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર, અને કુરઆન પર, અને એના પહેલાંની દરેક કિતાબ પર ઈમાન લાવો. ત્યારે આ આયત ઉતરી.

૨૭૧. અર્થાત કુરઆને પાક પર અને તે તમામ કિતાબો પર ઈમાન લાવો, જે અલ્લાહ તઆલાએ કુરઆન પહેલાં પોતાના પૈગમ્બરો પર ઉતારી.

૨૭૨. એટલે કે તેમાંથી કોઈ એકનો પણ નકાર કરે, કારણ કે કોઈ એક રસૂલ કે એક કિતાબનો ઈન્કાર પણ બધાનો ઈન્કાર છે.

૨૭૩. **શાને નુઝૂલ** :- હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ કહ્યું, આ આયત યહૂદીઓ વિષે ઉતરી, જેઓ હઝરત મૂસા અલયહિસ્સલામ પર ઈમાન લાવ્યા, અને પછી વાછરડાને પૂજીને કાફિર થયા. ત્યાર બાદ ફરી ઈમાન લાવ્યા, ફરી હઝરત ઈસા અને ઈન્જીલનો ઈન્કાર કરીને કાફિર થયા, અને પછી સરવરે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ અને કુરઆનનો ઈન્કાર કરીને કુફ્રમાં ઓર વધ્યા.

એક કથન એવું છે કે આ આયત મુનાફિકો બાબત ઉતરી. તેઓ ઈમાન લાવ્યા, અને ઈમાન લાવ્યા પછી કાફિર બની ગયા. ફરી ઈમાન લાવ્યા એટલે કે પોતાના ઈમાનનો દેખાવ કર્યો, જેથી મોમિનોના હુકમો તેમને લાગુ થાય, પછી કુફ્રમાં વધ્યા, અર્થાત તેમનું મૃત્યુ કુફ્ર પર થયું.

૨૭૪. જ્યાં સુધી કુફ્ર પર રહે, અને કુફ્ર પર મરે, કારણ કે કુફ્ર માફ કરવામાં નથી આવતું પરંતુ જ્યારે કે કાફિર તવબહ કરે અને ઈમાન લાવે. જેમકે ફરમાવ્યું, 'કુલ લિલ્લઝી ન કફરૂ ઈય યન્તહુ યગફિર લહુમ માકદ સલફ' (કાફિરોને કહી દો કે જો તેઓ પોતાના કુફ્રથી રોકાઇ જાય તો તેઓ જે કરી ચૂક્યા છે તેને અલ્લાહ માફ કરી દેશે).

૨૭૫. આ હાલત મુનાફિકોની છે. જેમનું ગુમાન હતું કે ઈસ્લામ વિજયી નહીં બની શકે. તેથી જ તેઓ કાફિરોને શક્તિશાળી સમજી તેમની સાથે મિત્રતા રાખતા હતા. અને તેમના મેળાપમાં પોતાની આબરૂ જાણતા હતા. કાફિરો સાથે દોસ્તી અને એમના મેળાપ દ્વારા આબરૂ પ્રાપ્તિ અસત્ય અને મનાઈ હોવા છતાં.

૨૭૬. અને તેમના માટે જેમને તે ઈઝ્ઝત આપે. જેમકે અમ્બિયા અને મોમિનો.

૨૭૭. અર્થાત કુરઆન.

૨૭૮. કાફિરો સાથે બેઠક, ઉઠક અને તેમની સભાઓમાં ભાગ લેવો, એવી જ રીતે બીજા બેદીન અને ગુમરાહ લોકોની મજલિસોમાં જવું, તેમજ તેમની સાથે મિત્રતા અને મેળમેળાપની મનાઈ ફરમાવવામાં આવી છે.

૨૭૯. આથી પુરવાર થયું કે કુફ્રથી રાજી થનાર પણ કાફિર છે.

૨૮૦. એનાથી તેમનો હેતુ માલેગનીમતમાં ભાગેદારી ને હિસ્સો મેળવવાનો છે.

૨૮૧. કે અમે તમને કત્લ કરી શકતા ને કેદ પકડી શકતા હતા, અમે એવું કશું કર્યું નહિ.

૨૮૨. અને તેમને જાત જાતના બહાનાંઓથી રોકયા, અને તેમના ભેદોથી તમને માહિતગાર કર્યા, તો તમે અમારા આવા વર્તાવની કદ્ર કરો, અને હિસ્સો આપો. (આ મુનાફિકોની હાલત છે)

૨૮૩. અય ઈમાનદારો અને મુનાફિકો!

૨૮૪. કે મોમિનોને જન્નત આપશે, અને મુનાફિકોને જહન્નમમાં નાખશે.

૨૮૫. અર્થાત કાફિરો મુસલમાનોનો સર્વનાશ કરી શકશે નહીં, ન તેઓ દલીલમાં (ધર્મની બાબતે) વિજય મેળવી શકશે. ઉલમાએ આ આયતથી અમુક મસાઈલ તારવ્યા છે. (૧) કાફિર મુસલમાનનો વારસદાર બની શકતો નથી (૨) કાફિર મુસલમાનના માલ પર કબ્જો કરીને (બળજબરીથી) માલિક બની શકતો નથી (૩) કાફિરને મુસલમાન ગુલામ ખરીદવાની રજા નથી (૪) ઝિમ્મી કાફિરના બદલામાં

لَآ اِلٰى هٰٓؤُلَآءِ وَلَآ اِلٰى هٰٓؤُلَآءِ ۚ وَمَنْ يُّضْلِلِ
اللّٰهُ فَلَنْ تَجِدَ لَهٗ سَبِيْلًا ﴿١٤٣﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ
اٰمَنُوْا لَا تَتَّخِذُوا الْكٰفِرِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ
الْمُؤْمِنِيْنَ ۚ اَتُرِيْدُوْنَ اَنْ تَجْعَلُوْا لِلّٰهِ عَلَيْكُمْ
سُلْطٰنًا مُّبِيْنًا ﴿١٤٤﴾ اِنَّ الْمُنٰفِقِيْنَ فِى الدَّرْكِ
الْاَسْفَلِ مِنَ النَّارِ ۚ وَلَنْ تَجِدَ لَهُمْ نَصِيْرًا ﴿١٤٥﴾ منزل ١
اِلَّا الَّذِيْنَ تَابُوْا وَاَصْلَحُوْا وَاعْتَصَمُوْا بِاللّٰهِ
وَاَخْلَصُوْا دِيْنَهُمْ لِلّٰهِ فَاُولٰٓئِكَ مَعَ الْمُؤْمِنِيْنَ ۗ
وَسَوْفَ يُؤْتِ اللّٰهُ الْمُؤْمِنِيْنَ اَجْرًا عَظِيْمًا ﴿١٤٦﴾
مَا يَفْعَلُ اللّٰهُ بِعَذَابِكُمْ اِنْ شَكَرْتُمْ
وَاٰمَنْتُمْ ۚ وَكَانَ اللّٰهُ شَاكِرًا عَلِيْمًا ﴿١٤٧﴾

**ભટકાવે, તુ તેના માટે કોઈ માર્ગ પામીશ નહિ (૧૪૩) અય ઈમાનવાળાઓ! કાફિરોને મિત્ર ન બનાવો, મુસલમાનો સિવાય[૨૯૨]. શું એ ઈચ્છો છો કે અલ્લાહ માટે પોતાના ઉપર સ્પષ્ટ દલીલ બનાવી લો?[૨૯૩] (૧૪૪) બેશક! મુનાફિકો દોઝખના સહુથી નીચલા ભાગમાં છે[૨૯૪]. અને તું કદાપી તેમનો કોઈ મદદગાર પામીશ નહિ (૧૪૫) પરંતુ તે જેમણે તવબહ કરી[૨૯૫], અને સુધર્યા અને અલ્લાહનું દોરડું મજબૂત પકડયું, અને પોતાનો દીન નિખાલસપણે અલ્લાહ માટે કરી લીધો તો એ મુસલમાન સાથે છે[૨૯૬]. અને નજીકમાં જ અલ્લાહ મુસલમાનોને મહાન સવાબ આપશે (૧૪૬) અને અલ્લાહ તમને અઝાબ આપીને શું કરશે, જો તમે સત્ય માનો, અને ઈમાન લાવો અને અલ્લાહ બદલો દેનાર, જાણનાર છે (૧૪૭)**

મુસલમાન કત્લ નહિ કરવામાં આવે. (જુમલ)

૨૮૬. કારણ કે વાસ્તવમાં તો અલ્લાહને છેતરવું શક્ય નથી.

૨૮૭. મોમિનોની સાથે.

૨૮૮. કારણ કે ઈમાન તો છે નહિ, કે જેનાથી તાબેદારીનો શોખ અને ઈબાદતની લિજ્જત પ્રાપ્ત થાય, માત્ર દેખાવ છે. એટલે જ મુનાફિકને નમાઝ બોજરૂપ લાગે છે.

૨૮૯. એ રીતે કે મુસલમાનો પાસે હોય તો નમાઝ પઢી લે, અને વેગળા થયા કે ખલાસ.

૨૯૦. કુફ્ર અને ઈમાનની.

૨૯૧. ન નિખાલસ મોમિન ન ખુલ્લા કાફિર.

૨૯૨. આ આયતમાં મુસલમાનોને કહેવામાં આવ્યું કે કાફિરોને મિત્ર બનાવવા એ મુનાફિકપણાની ટેવ છે. તમે એનાથી બચો.

૨૯૩. પોતાના મુનાફિકપણાની, અને એ રીતે જહન્નમને પાત્ર બનો.

૨૯૪. મુનાફિકનો અઝાબ કાફિર કરતાં પણ વધારે છે, કારણ કે દુનિયામાં ઈસ્લામનો ડોળ કરી મુજાહિદોના હાથથી બચી ગયો છે. અને કુફ્ર હોવા છતાં મુસલમાનોને ભૂલથાપ આપવી, અને ઈસ્લામની ઠેકડી ઉડાડવી, તેનું કાર્ય રહ્યું છે.

૨૯૫. મુનાફિકપણાથી.

૨૯૬. ઉભય જગતમાં.